રજુ તા. ૦૯/૧૨/૨૦૧૯
દાખલ તા. ૦૯/૧૨/૨૦૧૯
ફેંસલ તા. ૨૫/૦૩/૨૦૨૬
અવધિ: વર્ષ માસ દિવસ
૦૬ ૦૩ ૧૬

**બોટાદ જિલ્લાના મહેરબાન સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં**

**સેસન્સ કેસ નં–૪૦/૨૦૧૯**

**આંક–૧૬૬**

**ફરીયાદી:** **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપીઓ:** **૧. દેવરાજભાઈ ઉર્ફે દેવો હકાભાઈ માલકીયા**
ઉ.વ.૩૦, વ્યવસાય–પશુપાલન
રહે.બોટાદ ઢાંકણીયા રોડ
પકાશેઠની વાડીમા
બડીયા હનુમાનજી પાસે, બોટાદ
તા.જી.બોટાદ

**૨. વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયા**
ઉ.વ.૪૦, વ્યવસાય–ડ્રાઈવીંગ
રહે.હરણકુઈ, પોસ્ટ ઓફીસ પાછળ
હકાભાઈ ઓડની દુકાન પાસે, બોટાદ
તા.જી.બોટાદ

**૩. ધર્મેશ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલી**
ઉ.વ.૨૨, વ્યવસાય–હીરા
રહે.બોટાદ ઢાંકણીયા રોડ
પકાશેઠની વાડી,બોટાદ
તા.જી.બોટાદ

**ગુન્હો:–** ઈ.પી.કો. કલમ–૩૦૨,૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨) ૩૪ તથા
જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ

**ફરીયાદ પક્ષે :– વિ. પી.પી.શ્રી કે.એમ.મકવાણા**
**આરોપીઓ પક્ષે :– વિ.વ.શ્રી એ.એમ.ઝાલા**

**// જજમેન્ટ //**

૧. આ કામના આરોપીઓ સેશન્સ કેસ નંબર–૪૦/૨૦૧૯ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે. તેઓની વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૨,૩૦૭, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ આંક–૩૬ તથા આંક–૪૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૨. **ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે :**

આ કામના ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળનાઓએ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, દેવાભાઈ ભરવાડે આ બનાવના બે દિવસ પહેલા તેમને ફોન કરી દારુ માંગતા તેઓએ ના પાડતા અને આવા ફોન કરવાની ના પાડતા તે વાતનુ મનદુ:ખ રાખી, તેઓ તા.૨૪/૮/૨૦૧૯ ના રોજ બપોરના ચારેક વાગ્યના અરસામા તેઓ ઢાંકણીયા રોડથી ઘરે આવતા હતા અને તેઓ સાથે તેમના મિત્રો અક્ષયભાઈ ગોહીલ તથા મયુરભાઈ ગઢવી હતા અને તેઓના ઘરથી થોડે દુર પહોંચતા દેવાભાઈ ભરવાડ તથા તેની સાથે બીજા બે અજાણ્યા ત્યાંથી નિકળતા તેઓએ દેવાભાઈને કહેલ કે બે દિવસ પહેલા તેમના ફોન ઉપર ફોન કરીને તેઓ પાસે દારુ મંગાવેલ હતો તેવી વાત તેમના ફોન ઉપર નહી કરવાની અને તેઓ દારુનો ધંધો કરતા નથી, તેવુ કહેતા દેવાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેમને કહેલ કે '' તુ ઘરે પહોંચ હું આવુ છું '' તેમ કહેતા તેઓ ઘરે આવતા રહેલા અને પંદર મિનીટ બાદ દેવાભાઈ ભરવાડ તેના હાથમા લોખંડનો

પાઈપ તથા તેમની સાથેના અજાણ્યા માણસ લોખંડનુ ધારીયુ તથા લાકડીનો ગેડો લઈને આવેલા અને તેઓ તથા તેમના મોટા ભાઈ ઘરની બહાર ઉભા હતા અને તેમના મિત્રો અક્ષય તથા મયુર પણ હાજર હતા, તેમના બા બાપુજી ઘરમા હતા તે વખતે દેવાભાઈએ તેની પાસેના પાઈપ વડે તેમના મોટાભાઈ મેહુલના માથાના પાછળના ઘાગે ઘા કરતા તે પડી ગયેલ અને બીજો ઘા તેમને ડાબા હાથે બાવડા પર મારેલ અને સાથેના અજાણ્યા માણસે ધારીયાનો એક ઘા મેહુલભાઈના ડાબા કાન ઉપર માથાના ભાગે મારેલ અને બીજો ઘા તેમના માથામા મારવા જતા તેઓએ તેમનો જમણો હાથ આડો રાખતા જમણા હાથનો અંગુઠો તથા તેની પાસેની આંગળી કપાઈ ગયેલ અને એક ઘા માથામા ઉપરના ભાગે તથા બીજો ઘા માથાની પાછળ ડાબા કાન પાસે તથા ત્રીજો ઘા માથાના પાછળના ભાગે મારતા લોહી નિકળવા લાગેલ આ વખતે તેઓના બા બાપુજી ઘરમાથી નિકળેલ, તેમના બા વચ્ચે પડતા અજાણ્યા માણસે લાકડાના ગેડા વડે તેઓના બા ના ડાબા ખંભા ઉપર ઘા કરેલ અને બીજો ઘા તેમને ડાબા પગે નળા પર મારેલ અને ત્રણેય જણાં તેમને જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા અને માર મારતા હતા જેથી તેમના પિતા અને મિત્રો અક્ષય તથા મયુર વચ્ચે પડી તેઓને વધુ મારથી બચાવેલ, ત્યારે દેવાભાઈએ કહેલ કે આ વખતે તો બચી ગયા છો ફરીથી રસ્તામા તેમને ઉભા રાખશે તો જાનથી મારી નાંખવાના છે તેમ જણાવી ત્રણેય જણાં ત્યાંથી નિકળી ગયેલ, તે વખતે ઘણુ માણસ ભેગુ થઈ જતા તેમના પિતા તેમને તથા ભાઈને તથા તેમના બા ને રીક્ષામા બેસાડી પ્રથમ સોનાવાલા હોસિપટલમા સારવાર માટે લઈ ગયેલ, ત્યાંથી ભાવનગર રીફર કરતા ભાવનગર લઈ ગયેલ જયાં ડોકટરશ્રીએ તેઓના ભાઈને તપાસી મરણ ગયેલ જાહેર કરેલ અને તેમને વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પિટલમા દાખલ કરેલ, જયાં પોલીસ આવતા તેઓએ આરોપીઓ વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ હોવાનુ જણાવેલ છે.

**૩.** બનાવ સબંધે ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળે આ ગુન્હા અંગેની પ્રથમ બાતમી આપતા બોટાદ પોલીસે આરોપીઓ સામે ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં–૧૨૫/૨૦૧૯, તા.૨૪/૮/૨૦૧૯ થી ગુન્હો દાખલ કરી, ગુન્હાની તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ કરી, પુરાવો એકત્ર કરી તપાસના અંતે આરોપીઓ વિરુઘ્ધ બોટાદના વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઈ.પી. કો. કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાઓ અંગે ચાર્જશીટ રજુ કરતા ફોજદારી કેસ નંબર–૨૯૬૮/૨૦૧૯ થી રજીસ્ટરે લેવાયેલ અને આરોપીઓને આ તમામ ગુન્હા સબંધે સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ, ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીઓ વિરુઘ્ધની ટ્રાયલ ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટ, બોટાદને હોવાથી બોટાદના વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અનુસાર આ કેસ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, બોટાદને કમિટ કરતા તે સેશન્સ કેસ નંબર–૪૦/ ૨૦૧૯ થી નોંધવામાં આવેલ અને આ અદાલત સમક્ષ આગળની ન્યાયીક કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. સદર કેસની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન આરોપીઓ હાજર થતાં અગાઉના વિધ્વાન પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયા તથા આરોપી ઘર્મેશભાઈ ઉર્ફે ઘમો જયંતીભાઈ મંડલી વિરુઘ્ધ આંક–૩૬ થી તથા આરોપી દેવાભાઈ માલકીયા વિરુઘ્ધ આંક–૪૨ થી તહોમતનામુ ફરમાવી, તે આરોપીઓને વાંચી સંભળાવતા અને આરોપી વશરામભાઈ તથા ઘર્મેશભાઈના આંક–૩૭,૩૮ મુજબ તથા આરોપી વશરામભાઈનુ આંક–૪૩ મુજબ નિવેદન લેતા આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા સદર કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૪.** ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધના ગુન્હા પુરવાર કરવા માટે નીચ મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **ફરીયાદી તરફે સાહેદ નંબર** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** | **આંક** |
|---|---|---|---|
| ૧. | રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળ | ફરીયાદી ઈજા પામનાર | ૪૦ |
| ૨. | ડો.હેમલ કમલેશભાઈ મોગા | મેડીકલ ઓફીસર | ૫૨ |
| ૩. | ડો.કવિતાબેન બાબુલાલ ચૌહાણ | મેડીકલ ઓફીસર | ૫૭ |
| ૪. | ડો.સારીકા સુબોધકુમાર | મેડીકલ ઓફીસર | ૬૧ |
| ૫. | હંસાબેન રસીકભાઈ શીયાળ | ઈજા પામનાર સાહેદ | ૬૫ |
| ૬. | મયુરભાઈ દિનેશભાઈ નારણકા | સાહેદ | ૬૭ |
| ૭. | અક્ષયભાઈ ઘનશ્યામભાઈ ગોહીલ | સાહેદ | ૭૧ |
| ૮. | જગદીશભાઈ રવજીભાઈ ચૌહાણ | પંચ સાહેદ | ૮૧ |
| ૯. | ઝવેરભાઈ શામજીભાઈ કાકડીયા | પંચ સાહેદ | ૮૦ |
| ૧૦. | લાલજીભાઈ ધીરુભાઈ લકુમ | પંચ સાહેદ | ૮૧ |
| ૧૧. | દર્શનભાઈ બાબુભાઈ પ્રજાપતિ | પંચ સાહેદ | ૮૩ |
| ૧૨. | પ્રતાપભાઈ રામકુભાઈ ગીડા | પંચ સાહેદ | ૮૪ |
| ૧૩. | રફીકભાઈ રહીમભાઈ વડદરીયા | પંચ સાહેદ | ૮૬ |
| ૧૪. | ખોડાભાઈ ત્રિકમભાઈ ગોહીલ | પંચ સાહેદ | ૯૧ |
| ૧૫. | સાજીદભાઈ કાદરભાઈ ખલ્યાણી | પંચ સાહેદ | ૯૨ |
| ૧૬. | ફિરોઝભાઈ અનવરભાઈ સરવૈયા | પંચ સાહેદ | ૯૮ |
| ૧૭. | રણજીતભાઈ ચાંપભાઈ ધાધલ | પંચ સાહેદ | ૯૯ |
| ૧૮. | રાજેશભાઈ ભગવાનભાઈ મેર | પંચ સાહેદ | ૧૦૪ |
| ૧૯. | જીતેન્દ્રભાઈ નાનાલાલ રવૈયા | પંચ સાહેદ | ૧૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | સીરાજ ઉર્ફે દલો હાસમભાઈ ગઢીયા | પંચ સાહેદ | ૧૦૭ |
| ૨૧. | ફિરોઝભાઈ અનવરભાઈ સરવૈયા | પંચ સાહેદ | ૧૧૧ |
| ૨૨. | રાજેશભાઈ ભગવાનભાઈ મેર | પંચ સાહેદ | ૧૧૩ |
| ૨૩. | મણીબેન જસાભાઈ સાગઠીયા | પોલીસ સાહેદ | ૧૧૪ |
| ૨૪. | રાજેન્દ્દભાઈ બોઘાભાઈ કરમટીયા | તપાસનીશ અધિકારી | ૧૨૦ |
| ૨૫. | મોહંમદઆરીફ મકબુલબહુસેન દિવાન | તપાસનીશ અધિકારી | ૧૪૩ |
| ૨૬. | કિશોરભાઈ ત્રિભુવનભાઈ જોલાપરા | સાહેદ<br>ઓળખ પરેડ કરનાર | ૧૫૭ |

## <u>દસ્તાવેજી પુરાવા</u>

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૧ | તા.૨૪/૮/૨૦૧૯ ના રોજની અસલ ફરીયાદ |
| ૨ | ૪૨ | ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈનુ સી.આર. પી. સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૩ | ૫૧ | ગુજરાત પોલીસ અધિનીયમ–૧૯૫૧ ની કલમ–૫૬ (ક) હેઠળ બે વર્ષની મુદત માટે ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈને તડીપાર કર્યા બાબતનો હુકમ |
| ૪ | ૫૩ | લાશનુ પી.એમ.કરવા બાબતે પી.એસ.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર સર ટી.હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી (કાર્બન કોપી) |
| ૫ | ૫૪ | મરણ જનાર મેહુલભાઈની પી.એમ. નોટ |
| ૬ | ૫૫,૫૬ | શબ ઉપરથી લીધેલ નમુનાઓ એફ. એસ.એલ.તપાસણી અર્થે મોકલવા માટેના મેડીકલ ઓફીસરશ્રીના ફોરવર્ડીંગ લેટર્સ |
| ૭ | ૫૮ | મરણ જનાર મેહુલભાઈનુ જનરલ હોસ્પિટલ બોટાદનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૫૯ | ફરીયાદી રમેશભાઈનુ જનરલ હોસ્પિટલ બોટાદનુ મેડીકલ સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| ૯ | ૬૦ | એમ.એલ.સી. કેસની જાણ કરવા બાબતની મેડીકલ ઓફીસરશ્રીની યાદી |
| ૧૦ | ૬૨ | ફરીયાદી રમેશભાઈ રસીકભાઈનુ સર ટી. હોસ્પિટલ ભાવનગરનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧ | ૬૩ | ફરીયાદી રમેશભાઈ રસીકભાઈનુ આશીર્વાદ હોસ્પિટલ ભાવનગરનુ ઈન્જરી સર્ટીફીકેટ |
| ૧૨ | ૬૬ | સાહેદ હંસાબેનનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૩ | ૬૮ | સાહેદ મયુરભાઈ દિનેશભાઈનુ સી. આર. પી. સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૪ | ૭૨ | સાહેદ અક્ષયભાઈ ઘનશ્યામભાઈનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૫ | ૭૪ | બનાવ સ્થળનુ પંચનામુ |
| ૧૬ | ૭૫ થી ૭૯ | પંચોની સહી વાળી પંચ સ્લીપો |
| ૧૭ | ૮૨ | આરોપી દેવાભાઈનુ અટક કર્યાનુ પંચનામુ |
| ૧૮ | ૮૫ | આરોપી વશરામભાઈ તથા ધર્મેશ ઉર્ફે ધમો જયંતીભાઈની અટક કર્યાનુ પંચનામ |
| ૧૯ | ૮૭ | ડીસ્કવરી પંચનામુ |
| ૨૦ | ૮૮ થી ૯૦ | પંચોની સહી વાળી પંચ સ્લીપો |
| ૨૧ | ૯૩ | ડીસ્કવરી પંચનામુ |
| ૨૨ | ૯૪ થી ૯૭ | પંચોની સહી વાળી પંચ સ્લીપો |
| ૨૩ | ૧૦૦ | મરણ જનાર મેહુલભાઈની લાશ પરથી લીધેલ નમુના તથા કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૨૪ | ૧૦૧,૧૦૨ | પંચોની સહી વાળી પંચ સ્લીપો |
| ૨૫ | ૧૦૬ | આરોપીઓના બ્લડ સેમ્પલો કબજે કર્યાનુ પંચનામુ |
| ૨૬ | ૧૦૮ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૨૭ | ૧૧૨ | ઓળખ પરેડનુ પંચનામુ |
| ૨૮ | ૧૧૫ | મરણ જનાર મેહુલભાઈનુ મરણોત્તર ફોર્મ |

| | | |
|---|---|---|
| ૨૯ | ૧૧૬ | લાશનુ પી.એમ.પેનલથી કરવા બાબતે પી.આઈ.બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ ફોરેન્સીક મેડીસીન ડીપાર્ટમેન્ટ, મેડીકલ કોલેજ ભાવાનગરને લખેલ યાદી |
| ૩૦ | ૧૧૭ | મરણ જનાર મેહુલભાઈની લાશ રસીકભાઈ મગનભાઈને સોપ્યા અંગેની પહોંચ |
| ૩૧ | ૧૧૮ | ફરીયાદીનુ બ્લડ સેમ્પલ લેવા બાબતે પી.એસ.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, આશીર્વાદ હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી |
| ૩૨ | ૧૨૧ | મુદામાલ રવાનગી પત્રક |
| ૩૩ | ૧૨૨ | મુદામાલ સંભાળી પહોંચ પાઠવવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ એફ.એસ.એલ. જુનાગઢને લખેલ યાદી |
| ૩૪ | ૧૨૩ | મુદામાલનુ પરીક્ષણ કરી અહેવાલ પાઠવવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ.બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ એફ.એસ.એલ. જુનાગઢને લખેલ યાદી |
| ૩૫ | ૧૨૪,૧૨૫ | મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યા બાબતની પહોંચો |
| ૩૬ | ૧૨૬ | હથીયારબંધીના જાહેરનામાની નકલ |
| ૩૭ | ૧૨૭ | સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબના નિવેદનો લેવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ વિદ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ બોટાદને લખેલ યાદી |
| ૩૮ | ૧૨૮ | આરોપીઓની ઓળખ પરેડ કરાવવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદને લખેલ યાદી |
| ૩૯ | ૧૨૯ | આરોપીઓની ઓળખ પરેડના કાગળોની નકલ મોકલ્યા બાબતે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદનાઓએ ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓને લખેલ યાદી |
| ૪૦ | ૧૩૦ | સારવાર સર્ટીફીકેટ આપવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, આશીર્વાદ હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી |

| | | |
|---|---|---|
| ૪૧ | ૧૩૧ | સારવાર સર્ટીફીકેટ આપવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, સર ટી. હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી |
| ૪૧ | ૧૩૨,૧૩૩ | સારવાર સર્ટીફીકેટ આપવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, આશીર્વાદ હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદીઓ |
| ૪૨ | ૧૩૪ | સારવાર સર્ટીફીકેટ આપવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, સોનાવાલા હોસ્પિટલ બોટાદને લખેલ યાદી |
| ૪૩ | ૧૩૫ | એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ મોકલવા બાબતે પી.આઈ.બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ બોટાદને લખેલ યાદી |
| ૪૪ | ૧૩૬ | સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદન લેવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ ચીફ કોર્ટ બોટાદને લખેલ યાદી |
| ૪૫ | ૧૩૭ | ઓળખ પરેડના પંચનામાની સર્ટીફાઈડ નકલ મળવા બાબતે ઈન્ચાર્જ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી બોટાદને લખેલ યાદી |
| ૪૬ | ૧૪૪ | ફરીયાદી રમેશભાઈના લોહીના નમુના લીધા અંગે મેડીકલ ઓફીસર,આશીર્વાદ હોસ્પિટલનો ફોરવર્ડીંગ લેટર |
| ૪૭ | ૧૪૫ | ગુનાવાળી જગ્યાનુ સ્થળ પરીક્ષણ કરવા બાબતે પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ એફ.એસ.એલ.અધિકારી ભાવનગરને લખેલ યાદી |
| ૪૮ | ૧૪૬ | લોકલ એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૪૯ | ૧૪૭,૧૪૮ | આરોપીની અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમા નોંધ કરવા બાબતની પોલીસ યાદી |
| ૫૦ | ૧૪૯ | આરોપીઓના બ્લડ સેમ્પલો લેવા બાબતે પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, સોનાવાલા જનરલ હોસ્પિટલ બોટાદને લખેલ યાદી |
| ૫૧ | ૧૫૦ | આરોપીઓના લોહીના નમુના લીધા અંગેનો સોનાવાલા |

| | | |
|---|---|---|
| | | જનરલ હોસ્પિટલના મેડીકલ ઓફીસરશ્રીનો ફોરવર્ડીંગ લેટર |
| પર | ૧૫૧ | ગુનાવાળી જગ્યાનો પ્રિન્ટેડ નકશો બનાવવા બાબતે પી.આઈ.બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ સર્કલ ઈન્સ્પેકટર, મામલતદાર કચેરી, બોટાદને લખેલ યાદી |
| પ૩ | ૧૫ર | પી.એમ.નોટ તથા સેમ્પલો આપવા બાબતે પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર સર ટી. હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી |
| ૫૪ | ૧૫૩ | સારવાર સર્ટીફીકેટ મળવા બાબતે પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, આશીર્વાદ હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી |
| ૫૫ | ૧૫૪ | આરોપીઓની ઓળખ પરેડ કરાવવા બાબતે પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી બોટાદને લખેલ યાદી |
| ૫૬ | ૧૫૫ | સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદન લેવા બાબતે પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓએ ચીફ કોર્ટ બોટાદને લખેલ યાદી |
| ૫૭ | ૧૫૮ | ઓળખ પરેડ માટે સમય અને તારીખ ફાળવવા બાબતે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદનાઓએ પી.આઈ. બોટાદ પોલીસ સ્ટેશનનાઓને લખેલ યાદી |
| ૫૮ | ૧૫૯ | ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની પુરસીસ |

**<u>બચાવપક્ષે મૌખિક પુરાવો</u>**

| **ફરીયાદી તરફે સાહેદ નંબર** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** | **આંક** |
|---|---|---|---|
| ૧. | સગરામભાઈ દેવાભાઈ ભુવા | સાહેદ | ૧૬૧ |

**૫.** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપી દેવરાજભાઈ હકાભાઈએ તેમની વિરુધ્ધનો પુરાવો નકારી, તેઓ નિર્દોષ હોવાનુ, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નહી હોવાનુ જણાવી, બચાવના સાહેદ તપાસવા હોવાનુ જણાવી, બચાવના સાહેદ તરીકે સગરામભાઈ દેવાભાઈ ભુવાને સોગંદ ઉપર તપાસેલ છે. વિશેષમા તેઓ નિર્દોષ હોવાનુ, તેઓ વિપુલ સતવારાની વાડીએ હતા ત્યારે તેઓને વાતો વાતોથી જાણ થયેલ કે રમેશ ભટ્ટીએ તેઓના સમાજના છોકરાઓ સાથે ઝઘડો કરેલ છે, રમેશને તેઓ તથા સમાજના છોકરાઓ સાથે દારુના ધંધાને લઈને વાંધો હતો તે બાબતે ઝઘડો કરેલો, તેઓને પોલીસનો ફોન આવતા તેઓ પોલીસ સ્ટેશને ગયેલ અને બનાવવાળા સ્થળે હાજર ન હોવા છતાં તેઓને ખોટી રીતે અટક કરેલ છે અને તેમને દબાણ કરીને બે ઈસમોને હાજર કરવાનુ કહેતા તેઓ પોલીસથી ડરીને વશરામ તેમજ ધર્મેશના નામ આપી તેઓને પોલીસ સ્ટેશનમા આવવાનુ કહેતા તેઓ આવતા તેમની પણ અટક કરી લીધેલ છે.

આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈએ તેઓના વિશેષ નિવદનમાં તેઓ નિર્દોષ હોવાનુ, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નહી હોવાનુ જણાવી, બચાવના સાહેદ તપાસવા નહી હોવાનુ, પોલીસે દેવરાજ ભરવાડની અટક કરી લીધેલ અને દેવરાજનો ફોન આવતા તેઓ પોલીસ સ્ટેશને ગયેલ ત્યાં પોલીસે તેઓને ખોટી રીતે આરોપી બનાવી દીધેલ હોવાનુ, તેઓ લોક અપમા હતા ત્યારે પોલીસે તેઓના ચહેરા સાહેદોને બતાવી દીધેલ હોવાનુ તેમજ એક સાહેદે તેઓનો ફોટો પણ લીધેલ હોવાનુ જણાવેલ છે.

**૬.** આ કામે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી કે.એમ.મકવાણા તેમજ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ.એમ.ઝાલાની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

પક્ષકારો તરફે થયેલ મૌખિક દલીલોની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી જે તે મુદ્દાની ચર્ચા સાથે કરવાનું ઠરાવું છું.

**૭.** સદર કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે :

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ગુજરનાર મેહુલભાઈ રસીકભાઈ શીયાળનુ મૃત્યુ એ અકુદરતી, સાપરાધ મનુષ્યવધ પ્રકારનુ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપી દેવાભાઈ ભરવાડે બનાવના બે દિવસ પહેલા ફરીયાદીને ફોન કરી દારુ માંગતા ફરીયાદીએ દારુ આપવાની ના પાડતા અને આવા ફોન કરવાની ના પાડતા તે બાબતનુ મનદુ:ખ રાખી, તા. ૨૪/૮/૨૦૧૯ ના રોજ બપોરના ચારેક વાગ્યાના અરસામાં ફરીયાદી તથા તેમના ભાઈ મેહુલભાઈ બોટાદ ઢાંકણીયા રોડ, રાધાકૃષ્ણ–૩ સોસાયટી, બોટાદ મુકામે તેમના ઘર બહાર ઉભા હતા તે વખતે આરોપીઓએ લોખંડનો પાઈપ, ધારીયુ, લાકડાના ગેડા જેવા હથીયારો સાથે આવી, પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે ફરીયાદી તથા તેઓના ભાઈ મેહુલભાઈ તથા ફરીયાદીના બા હંસાબેન ઉપર હુમલો કરી, લોખંડના પાઈપ, ધારીયા વતી ફરીયાદી તથા મેહુલભાઈને માથાના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી, સાહેદ હંસાબેનને મુંઢ ઈજા પહોંચાડી, મેહુલભાઈનુ મૃત્યુ નિપજાવી તેમજ ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટીન ખૂન કરવાની કોશીષ કરી, ઈ.પી.કો.કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ઉપોરકત તારીખ, સમયે અને સ્થળે આરોપીઓએ લોખંડનો પાઈપ, ધારીયુ, લાકડાના ગેડા જેવા હથીયારો સાથે આવી, પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે ફરીયાદી તથા તેઓના ભાઈ

મેહુલભાઈ તથા ફરીયાદીના બા હંસાબેન ઉપર હુમલો કરી, લોખંડના પાઈપ, ધારીયા વતી ફરીયાદી તથા મેહુલભાઈને માથાના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી, સાહેદ હંસાબેનને મુંઢ ઈજા પહોંચાડી, ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટીનુ ખૂન કરવાની કોશીષ કરી, ઈ.પી.કો.કલમ–૩૦૭, ૩૨૩ સાથે વાંચતા કલમ–૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવની તારીખ, સમયે અને સ્થળે આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે લોખંડની પાઈપ, ધારીયા, લાકડાના ગેડા જેવા હથીયારો ધારણ કરી, સુલેહ શાંતિનો ભંગ થાય તેવા ઈરાદાથી ફરીયાદીને ઉશ્કેરવા જેમ ફાવે તેમ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૫) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમા હોવા છતાં આરોપીઓએ લોખંનો પાઈપ, ધારીયુ તથા લાકડાના ગેડા જેવા હથીયારો ધારણ કરી, હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૬) શું હુકમ ?

**૭.૧** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે :

(૧) હકારમાં.
(૨) અંશત: હકારમાં.
(૩) અંશત: હકારમાં.
(૪) નકારમાં.
(૫) હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ

૮. બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો ઘ્યાને રાખતાં આ અદાલત સૌપ્રથમ આરોપીઓ વિરુઘ્ધના તહોમતની સાબિતી માટે થઈને ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો સંક્ષિપ્તમાં ઘ્યાનમાં લેવાનુ યોગ્ય માને છે, જે નીચે મુજબ છે.

આ કામે આરોપીઓ સામે તહોમતનામા મુજબના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ઘ્વારા છવ્વીસ (૨૬) સાહેદો તપાસવામાં આવેલ છે તેમજ બોંતેર (૭૨) દસ્તાવેજો રજુ રાખવામા આવેલ છે.

૯. બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો ઘ્યાને રાખતાં આ અદાલત સૌપ્રથમ આરોપીઓ વિરુઘ્ધના તહોમતની સાબિતી માટે થઈને ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો સંક્ષિપ્તમાં ઘ્યાનમાં રાખવાનું યોગ્ય માને છે, જે નીચે મુજબ છે.

**ફરીયાદી /ઈજા પામનારનો પુરાવો.**

**૧૦. ફરીયાદપક્ષે આંક–૪૦ થી ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેઓએ આંક–૪૨ વાળી ફરીયાદ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ હોવાનુ જણાઈ આવે છે. સદર ફરીયાદીના પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન યથા સ્થાને કરવામાં આવેલ છે.

**બનાવ નજરે જોનાર સાહેદોનો પુરાવો.**

**૧૧. ફરીયાદપક્ષે આંક–૬૫ થી સાહેદ હંસાબેન રસીકભાઈ શીયાળને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવમાં તેઓને ઈજા થયેલ હોવાનુ જણાવી બનાવ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ હોવાનુ જણાઈ આવે છે. સદર સાહેદના પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન યથા સ્થાને કરવામાં આવેલ છે.

**૧૨. ફરીયાદપક્ષે આંક–૬૭ થી સાહેદ મયુરભાઈ દિનેશભાઈ નારણકાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ હોવાનુ જણાવી, ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ હોવાનુ જણાઈ આવે છે. સદર સાહેદના પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન યથા સ્થાને કરવામાં આવેલ છે.

**૧૩. ફરીયાદપક્ષે આંક–૭૧ થી સાહેદ અક્ષયભાઈ ઘનશ્યામભાઈ ગોહીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ હોવાનુ જણાવી, ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ હોવાનુ જણાઈ આવે છે. સદર સાહેદના પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન યથા સ્થાને કરવામાં આવેલ છે.

**ઓળખ પરેડ કરનાર સાહેદનો પુરાવો**

**૧૪. ફરીયાદપક્ષે આંક–૧૫૭ થી સાહેદ કિશોરભાઈ ત્રિભુવનભાઈ જોલાપરાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી પંચો રુબરુ કરેલ હોવાનુ જણાવેલ છે ત્યારે સદર સાહેદના પુરાવામાંથી ઓળખ પરેડના પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. સદર સાહેદના પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન યથા સ્થાને કરવામાં આવેલ છે.

**મેડીકલ ઓફીસરશ્રીઓનો પુરાવો.**

**૧૫. ફરીયાદપક્ષે આંક–પર થી સાહેદ ડો.હેમલ કમલેશભાઈ મોગાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતા તેઓએ મરણ જનાર મેહુલભાઈ રસીકભાઈ શીયાળની લાશનુ પી.એમ. કરેલ હોવાનુ અને મેહુલભાઈને થયેલ ઈજાઓ જણાવી, મુદામાલ માર્ક–એફ,જી, વાળા હથીયારો

બતાવતા તે જોઈએ તેઓએ જણાવેલ ઈજાઓ થઈ શકે તેમ હોવાનુ કહેલ છે ત્યારે સદર મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરુપ થતો હોવાનુ ફલીત થાય છે.

**૧૬. ફરીયાદપક્ષે આંક–પ૭ થી સાહેદ ડો.કવિતાબેન બાબુલાલ ચૌહાણને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ ઈજા પામનાર મેહુલભાઈને થયેલ ઈજા અંગેની સારવાર આપી તે અંગેનુ આંક–પ૮ વાળુ સર્ટીફીકેટ તૈયાર કરેલ હોવાનુ તેમજ ઈજા પામનાર રમેશભાઈને થયેલ ઈજા અંગેની સારવાર આપી તે અંગેનુ આંક–પ૯ વાળુ સર્ટીફીકેટ તૈયાર કરેલ હોવાનુ જણાવેલ છે ત્યારે તેઓના પુરાવામાથી આંક–પ૮ તથા આંક–પ૯ વાળા સર્ટીફીકેટસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.

**૧૭. ફરીયાદપક્ષે આંક–૬૧ થી સાહેદ ડો.સારીકાબેન સુબોધકુમારને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ ઈજા પામનાર રમેશભાઈને થયેલ ઈજા અંગેની સારવાર આપી તે અંગેનુ આંક–૬૨ વાળુ સર્ટીફીકેટ તૈયાર કરેલ હોવાનુ જણાવેલ છે ત્યારે તેઓના પુરાવામાથી આંક–૬૨ વાળા સર્ટીફીકેટની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.

**પંચ સાહેદોનો પુરાવો.**

**૧૮. ફરીયાદપક્ષે આંક–૭૩ થી પંચ સાહેદ જગદીશભાઈ રવજીભાઈ ચૌહાણને તથા આંક–૮૦ થી પંચ સાહેદ ઝવેરભાઈ શામજીભાઈ કાકડીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ આંક–૭૪ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં

આવેલ છે.

૧૯. **ફરીયાદ પક્ષે આંક–૮૧ થી પંચ સાહેદ લાલજીભાઈ ધીરુભાઈ લકુમને તથા આંક–૮૩ થી પંચ સાહેદ દર્શનભાઈ બાબુભાઈ પ્રજાપતિને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ઘ્યાને લેવામા આવે તો તેઓ આંક–૮૨ થી રજુ થયેલ આરોપી દેવરાજભાઈને અટક કર્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

૨૦. **ફરીયાદપક્ષે આંક–૮૬ થી પંચ સાહેદ રફીકભાઈ રહીમભાઈ વડદરીયાને તથા આંક–૯૧ થી પંચ સાહેદ ખોડાભાઈ ત્રિકમભાઈ ગોહીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ઘ્યાને લેવામા આવે તો તેઓ આંક–૮૭ થી રજુ થયેલ ડીસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

૨૧. **ફરીયાદપક્ષે આંક–૯૨ થી પંચ સાહેદ સાજીદભાઈ કાદરભાઈ ખલ્યાણીને તથા આંક–૯૮ થી પંચ સાહેદ ફિરોઝભાઈ અનવરભાઈ સરવૈયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ઘ્યાને લેવામા આવે તો તેઓ આંક–૯૩ થી રજુ થયેલ ડીસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

૨૨. **ફરીયાદપક્ષે આંક–૯૯ થી પંચ સાહેદ રણજીતભાઈ ચાંપભાઈ**

**ધાધલને તથા આંક–૧૦૪ થી પંચ સાહેદ રાજેશભાઈ ભગવાનભાઈ મેરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ આંક–૧૦૦ થી રજુ થયેલ મરણ જનાર મેહુલભાઈના મેડીકલ સેમ્પલ તથા કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૨૩. ફરીયાદપક્ષે આંક–૧૦૫ થી પંચ સાહેદ જીતેન્દ્રભાઈ નાનાલાલ રવૈયાને તથા આંક–૧૦૭ થી પંચ સાહેદ સીરાજભાઈ ઉર્ફે દલ્લો હાસમભાઈ ગઢીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ આંક–૧૦૬ થી રજુ થયેલ આરોપીઓના મેડીકલ સેમ્પલો કબજે કર્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૨૪. ફરીયાદપક્ષે આંક–૧૧૧ થી પંચ સાહેદ ફિરોઝભાઈ અનવરભાઈ સરવૈયાને તથા આંક–૧૧૩ થી પંચ સાહેદ રાજેશભાઈ ભગવાનભાઈ મેરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ આંક–૧૧૨ થી રજુ થયેલ ઓળખ પરેડના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**પોલીસ સાહેદનો પુરાવો.**

**૨૫. ફરીયાદપક્ષે આંક–૧૧૪ થી પોલીસ સાહેદ મણીબેન જસાભાઈ સાગઠીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેમની ફરજ દરમ્યાન ભાવનગર મુકામે જઈ મરણ જનાર મેહુલભાઈનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ હોવાનુ, લાશનુ મરણોત્તર ફોર્મ ભરી,

પી.એમ. માટે હોસ્પિટલને યાદી કરેલ હોવાનુ, પી.એમ. થયા બાદ સદર લાશ મરણ જનારના પિતા રસીકભાઈને સોંપી આપેલ હોવાનુ, રમેશભાઈ રસીકભાઈના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ હોવાનુ, ફરીયાદીના લોહીના નમુના લેવડાવવા સારુ હોસ્પિટલને યાદી કરેલ હોવાનુ જણાવેલ છે. આમ સદર સાહેદે તેમની ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કરેલ હોવાનુ ફલલીત થાય છે.

**તપાસનીશ અધિકારીશ્રીઓનો પુરાવો.**

**૨૬. ફરીયાદપક્ષે આંક–૧૨૦ થી તપાસનીશ અધિકારી રાજેન્દ્રભાઈ બોઘાભાઈ કરમટીયાને તથા આંક–૧૫૭ થી મોહંમદઆરીફ મકબુલહુસેન દિવાન**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને તપાસનીશ અધિકારીઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તો તેઓએ તેમની તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરેલ તેનો ચિતાર રજુ કરેલ હોવાનુ જણાઈ આવે છે. તપાસનીશ અધિકારીઓના પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન યથા યોગ્ય સ્થાને કરવામાં આવેલ છે.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ :–**

**૨૭.** ઈ.પી.કો.કલમ–૩૦૨ ના ગુનાના કામે આરોપીઓ સામે ખટલો ચલાવતી વખતે સર્વપ્રથમ ફરિયાદ પક્ષે પુરવાર કરવું પડે કે **(૧) સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો છે (૨) તે આરોપીએ કોઈ કૃત્ય કર્યુ હોય (૩) જેના કારણસર ભોગ બનનારનું મૃત્યુ નિપજ્યું હોય (અહીં કૃત્યની વ્યાખ્યામાં કાર્યલોપનો પણ સમાવેશ થાય છે.) (૪) તે કૃત્ય આરોપીએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ છે, તેવી શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અથવા આરોપીના કૃત્યથી તે મૃત્યુ નિપજે તેવો સંભવ છે તે જ્ઞાન સાથે કૃત્ય કરી મૃત્યુ નિપજાવેલ હોય.**

ત્યારબાદ અદાલતે રેકર્ડનો પુરાવો જોતા ઘ્યાને લેવુ જોઈએ કે, **(૬) આરોપી ઘ્વારા કરવામાં આવેલ કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈપણ અપવાદમાં પડે છે કે કેમ ? તે સિવાય જો આરોપીએ કોઈ ચોકકસ અપવાદનો બચાવ લીધો હોય તો તે ઘ્યાન લેવાનું રહે છે (૭) જો આરોપીનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં ન પડતુ હોય તો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય અને આરોપીને ઈ.પી.કો. કલમ–૩૦૨ અન્વયે સજા કરી શકાય. (૮) જો આરોપીનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમા પડતુ હોય તો આરોપીને સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહી તેવા ગુના માટે ઈ.પી.કો. કલમ– ૩૦૪ ની જોગવાઈ મુજબ સજા કરી શકાય.**

**૨૮.** અત્રે એ પણ નોંધવાનું જરુરી જણાય છે કે, આરોપીનું કૃત્ય કલમ–૩૦૦ માં આપવામા આવેલ કોઈ અપવાદમાં કે સામાન્ય અપવાદમાં પડે છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે. આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની સમગ્ર જવાબદારી નિ:શંકપણે તમામ શંકાથી પર પુરવાર કરવાની ફરિયાદ પક્ષ ઉપર રહે છે. આ બોજો કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. **જયારે આરોપી તરફે જે અપવાદનો બચાવ લેવામા આવે છે તે બોજો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબનો છે.** આરોપીનો કેસ કોઈ અપવાદમાં પડતો નથી તે હકીકત ફરીયાદ પક્ષે નકારાત્મક રીતે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ જો ફરીયાદ પક્ષ આરોપી સામે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય તેનો પુરાવો નિ:શંકપણે સાબિત કરી શકે ત્યારે અપવાદના સંજોગો ન હતા તેવુ અનુમાન કરવાનું અદાલતને રહે છે અને આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષની છે, અને તે પુરાવાનો પ્રકાર ફરીયાદ પક્ષ જેટલી નિ:શંકપણે પુરવાર કરવાની માત્રાની અપેક્ષા કરતા ઓછી રહે છે. બચાવ પક્ષે માત્ર સંભાવના અને શકયતા દર્શાવી

ફરીયાદ પક્ષના કેસ સામે પ્રશ્નાર્થ ઉભો કરવાનો છે, એટલે કે બચાવ પક્ષે ફરીયાદ પક્ષનો કેસ ખોટો છે તેવુ નહિ પરંતુ સાચો છે કે કેમ? તે બાબતે પ્રશ્નો ઉપસ્થિત કરવાના હોય છે. **આરોપી તરફે ઉપર જે અપવાદ પુરવારનો બોજો છે તે સંભવીતતાના સિધ્ધાંત ઉપર છે.** બચાવ પક્ષે તે બાબતે લેખીત કે મૌખિક પુરાવો આપવો તેવો કોઈ નિયમ નથી, પરંતુ રેકર્ડ પરની કેસની સ્વિકારી લેવાયેલ હકીકત તેમજ નિર્વિવાદ હકીકતો જે ફરીયાદ પક્ષના પુરાવામાં આવે છે તેના ઉપરથી પણ અપવાદના સંજોગો પુરવાર કરી શકાય છે. આ તમામ બાબતો લક્ષમાં લઈ અંતે અદાલતે ફરીયાદ પક્ષના પુરાવાની વિશ્વસનીયતા તેમજ બચાવ પક્ષના બચાવની સંભવીતતાની માત્રા તે વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરી નિર્ણય લેવાનો રહે છે.

**૨૯.** આ કામે પુરાવાની ચર્ચા કરતા અગાઉ પંચનામાની ગ્રાહ્યતા બાબતે સ્પષ્ટતા કરવાનું જરુરી જણાય છે, કારણકે કેટલાક પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતાં ન હોય, **'ફરી ગયેલા'** જાહેર કરવામાં આવતા હોય છે, **પરંતુ આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો તેમના પુરાવામા પંચનામાનઓની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખે છે** તેમજ તપાસ કરનાર અમલદારશ્રીઓએ આ મુજબના પંચનામા લખાવેલ છે તેવું તેમની સોગંદ ઉપરની જુબાનીમાં કબૂલ રાખેલ છે. આ બાબતે પંચનામા તેમજ પંચ સાહેદના પુરાવાની મુલવણી કરતા અગાઉ સ્પષ્ટતા કરવાનું ઉચિત જણાય છે કે, પંચનામાના પંચસાહેદ **'ફરી ગયેલા'** જાહેર થવાથી કે પંચનામાની હકીકતને સમર્થન ન આપવાના કારણસર પંચનામું પુરાવામાં ગ્રાહ્ય રાખી આરોપી વિરુધ્ધ ઉપયોગમાં ન લઈ શકાય તેવો કોઈ નિયમ નથી. પંચનામું તે પંચોની હાજરીમાં એટલે કે સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવું તે ડહાપણનો નિયમ છે, નહી કે કાયદાનો. આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના **૨૦૦૧ ક્રિ.લો.જ. પાન નં. ૫૦૪** ઉપર પ્રસિધ્ધ

થયેલ **સ્ટેટ ગવર્નમેન્ટ એન.સી.ટી. ઓફ દિલ્હી વિરુધ્ધ સુનિલના** ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે:

"There is no requirement either under Section 27 of the Evidence Act or under Section 161 of the Code of Criminal Procedure, to obtain signature of independent witnesses on the record in which statement of an accused is written. The legal obligation to call independent and respectable inhabitants of the locality to attend and witness the exercise made by the police is cast on the police officer when searches are made under Chapter VII of the Code. Section 100(5) of the Code requires that such search shall be made in their presence and a list of all things seized in the course of such search and of the places in which they are respectively found, shall be prepared by such officer or other person "and signed by such witnesses". It must be remembered that search is made to find out a thing or document which the searching officer has no prior idea where the thing or document is kept. He prowls for it either on reasonable suspicion or on some guess work that it could possibly be ferreted out in such prowling. It is a stark reality that during searches the team which conducts search would have to meddle with lots of other articles and documents also and in such process many such articles or documents are likely to be displaced or even strewn helter-skelter. The legislative idea in insisting on such searches to be made in the presence of two independent inhabitants of the locality is to ensure the safety of all such articles meddled with and to protect the rights of the persons entitled thereto. But recovery of an object pursuant to the information supplied by an accused in custody is different from the searching endeavour envisaged in Chapter VII of the Code. (Para 18)

"It is an archaic notion that actions of the police officer should be approached with initial distrust. We are aware that such a notion was lavishly entertained during British period and policemen also knew about it. Its hang over persisted during post-independent years but it is time now to start placing at least initial trust on the actions and the documents made by the police. At any rate, the court cannot start with the presumption that the police records are untrustworthy. As a proposition of law the presumption should be the other way around. That official acts of the

police have been regularly performed is a wise principle of presumption and recognised even by the legislature. Hence when a police officer gives evidence in court that a certain article was recovered by him on the strength of the statement made by the accused it is open to the court to believe the version to be correct if it is not otherwise shown to be unreliable. It is for the accused, through cross-examination of witnesses or through any other materials, to show that the evidence of the police officer is either unreliable or at least unsafe to be acted upon in a particular case. If the court has any good reason to suspect the truthfulness of such records of the police the court could certainly take into account the fact that no other independent person was present at the time of recovery. But it is not a legally approvable procedure to presume the police action as unreliable to start with, nor to jettison such action merely for the reason that police did not collect signatures of independent persons in the documents made contemporaneous with such actions. (Para 20)"

નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૧૬(૨) જી.એલ.આર. પાના નંબર–૧૮૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પુનરોચ્ચાર કરી તે સિધ્ધાંતને સમર્થન આપે છે.

**૩૦.** ઉપરોકત કાયદાકીય પરીસ્થિતિ સાથે આગળ વધતા **હાલના મુદ્દામાં સર્વપ્રથમ એ નકકી કરવાનું રહે છે કે, ગુજરનારનું મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે કે  કે મનુષ્યવધ છે અને જો આ કિસ્સો મનુષ્યવધનો જણાય તો ઈ.પી.કો. કલમ–૨૯૯ ના તત્વો  પ્રમાણે તે સાપરાધ મનુષ્યવધ છે કે કેમ?**

કોઈપણ વ્યકિતનું મૃત્યુ તે બે પ્રકારે થઈ શકે, જેમાં પ્રથમ કુદરતી અને ત્યારબાદ અકુદરતી મૃત્યુ કહી શકાય. જયારે એ હકીકત નિર્વિવાદ છે કે, મરનારનું કુદરતી મૃત્યુ થયેલ ન હતું ત્યારે  હાલના કામે કુદરતી મૃત્યુની ચર્ચા કરવાનું ચોકકસપણે અસ્થાને છે, તેવા સંજોગોમાં તે માત્ર ત્રણ પ્રકારે સંભવી શકે, જેમાં

અકસ્માત, આપઘાત અથવા હત્યાની સંભાવના રહે છે. તે પૈકી હાલના કામે સર્વપ્ર થમ જોઈએ તો રેકર્ડ પરનો પુરાવો જોતાં અકસ્માતે મરનારનું મૃત્યુ થયેલ છે તેવો કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી કે કોઈ સૂચક બચાવ પણ લેવામાં આવેલ નથી.

આંક–૧૦૮ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામુ ધ્યાને લેતા ભાવનરગ સર ટી.હોસ્પિટલના પી.એમ. રુમમા સીમેન્ટના ઓટલા ઉપર એક સફેદ ચાદર ઓઢાડેલ લાશ પડેલ હોવાનુ, લાશ એક પુરુષ જાતિની માનવ લાશ હોવાનુ, બાજુમા ઉભેલા રસીકભાઈ મગનભાઈ શીયાળ, રહે. બોટાદ ઢાંકણીયા રોડ, આનંદધામ પાછળ, રાધેકૃષ્ણ–૩ સોસાયટી, તા.જી. બોટાદ વાળા હાજર હોવાનુ અને તેઓએ સદર લાશ તેમના દિકરા મેહુલભાઈ રસીકભાઈ શીયાળની હોવાનુ, લાશ જોતા ડાબા કાનની ઉપરના ભાગે માથા પર ત્રણેક ઈંચ જેટલો કાપો પડેલ હોવાનુ, માથાના પાછળના ભાગે દોઢેક ઈંચની લંબાઈનો ઘા હોવાનુ મોઢામાથી સુકાઈ ગયેલ લોહીના ડાઘાઓ જોવામાં આવેલ હોવાનુ, શર્ટ લોહીવાળો હોવાનુ, ડાબા હાથે અંગુઠા પાસે અંગ્રેજીમાં '' એમ'' ત્રોફાવેલ હોવાનુ જમણા હાથના બાવડા પર ડીઝાઈન ત્રાજવાથી ત્રોફાવેલ હોવાનુ, અંગુઠા પાસે '' એસ એમ '' ત્રાજવાથી ત્રોફાવેલ હોવાનુ, પોંચા પર ''ઓમ'' ત્રોફાવેલ હોવાનુ જોવામા આવેલ છે અને સદરહુ મરણ જનારનું મોત, માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થવાથી થયેલ હોવાનુ પંચોનું માનવું છે.

હવે, એક જ વિકલ્પ જણાય છે કે, ગુજરનારની હત્યા કરવામાં આવેલ છે. મનુષ્યવધ એટલે માનવી ધ્વારા માનવીની હત્યા તેવો નિર્દેષ આપે છે. મનુષ્યવધમાં જયારે અપરાધના તત્વો ઉમેરાય ત્યારે તેને સાપરાધ મનુષ્યવધ કહેવામાં આવે છે. મનુષ્યવધનો કિસ્સો છે કે કેમ? તે માટે પુરાવામાં મહત્વનો પુરાવો તબીબી પુરાવો જોઈએ તો ફરીયાદપક્ષ ધ્વારા ઈજા પામનાર મેહુલભાઈને

થયેલ ઈજા અંગેની સારવાર આપનાર મેડીકલ ઓફીસરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ ધ્વારા આંક–૫૭ થી સાહેદ ડો.કવિતાબેન બાબુલાલ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ સરતપાસમા જણાવેલ છે કે, તેઓ તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ સાંજના ૫/૧૦ કલાકે ફરજ પર હાજર હતા ત્યારે ૧૦૮ માં રસીકભાઈ ગોહિલ તેમના પુત્ર મેહુલભાઈ રસીકભાઈ ગોહિલને ગંભીર હાલતમા જનરલ હોસ્પિટલ બોટાદ ખાતે લાવેલ, રસીકભાઈ ગોહિલને બનાવ બાબતે પુછતા તેઓએ તા.૨૩/૦૮/૨૦૧૯ ના સાંજના સાડા ચાર કલાકે રાધેશ્યામ સોસાયટી બોટાદ ખાતે ત્રણ અજાણ્યા ભરવાડે ધારીયા અને લાકડી વડે મેહુલભાઈને માથાના ભાગે, ડાબા હાથે, પાછળની પીઠના ડાબી સાઈડે ઉપરના ભાગે તેમજ ડાબા સાથળ(જાંઘ) પર ઈજા કરેલ હોવાનુ જણાવેલ, દર્દીને તપાસતા તેઓ બેભાન અવસ્થામા હતા, દર્દને રીસ્પોન્સ કરતા ન હતા, આંખની કીકી પહોળી અને લાઈટને ઓછી રીએકટ કરતી હતી, શ્વાસો– શ્વાસની પ્રક્રિયા અતિ મંદ હતી, રૂધિરાભીસરણ તંત્રમા હૃદયના ધબકારા અતિ મંદ હતા, દર્દીને જે ઈજાઓ જણાયેલી તે પૈકી ઈજા નં.૧, કપાયેલો છુંદાયેલા ઘા ૪ સે.મી × ૦.૫ સે.મી × હાડકા સુધીનો ઉંડો ડાબા કાનની ઉપર, ડાબા ટેમ્પોરલ રીજીયનમા આવેલ હતો, ઈજા નં.૨, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૦.૫ સુધી × હાડકા સુધીનો ઉંડો ડાબા કાનના પાછળના હાડકાની પાછળ (મેસ્ટ્રોઈડ પ્રોસેસ), ઈજા નં.૩, ઘસરકો ૨ સે.મી × ૨ સે.મી ઓકસીપીટલ રીજીયનમા હતો, દર્દીને ઈજા નં.૪, કપાયેલો છુંદાયેલો ઘા ૫ સે.મી × ૦.૫ સે.મી × હાડકા સુધીનો ઉંડો સજાઈટલ સ્યુચરના (ખોપરીના બે હાડકા ભેગા થાય તે ભાગ)પાછળના ભાગે આવેલ હતો, ઈજા નં.૫, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૫ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો ડાબા હાથમાં બહારની તરફ ઉપરના ૧/૩ ભાગમા આવેલ હતો, ઈજા નં.૬, ૧૦ સે.મી × ૪ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો કપાયેલો છુંદાયેલો ઘા ડાબા હાથના બહારના

ભાગે વચ્ચેના ૧/૩ ભાગમા આવેલ હતો, ઈજા નં.૭, કપાયેલો છુંદાયેલો ઘા ૧૨ સે.મી ×૫ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો પીઠના પાછળના ભાગે આવેલ હતો, ઈજા નં.૮, ૧૦ સે.મી × ૮ સે.મી. ડાબા સાથળ ઉપર બહારની તરફ ગુલાબી કલરનુ ચકામુ હતુ, ઈજા નં.૯, છાતિના ડાબા ભાગે ૮ મી પાંસળી પાસે હીમેટોમા હતુ, જે અંગે તેઓએ સર્ટીફીકેટ આપેલ જે તેઓના હસ્તાક્ષરમા હોવાનુ અને તેમા તેઓની સહી હોવાનુ, દર્દીને વધુ સારવાર માટે સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે પ્રાથમીક સારવાર આપ્યા બાદ રીફર કરવામા આવેલ હોવાનુ, દર્દીને થયેલ ઈજાઓ ગંભીર પ્રકારની અને સખત, બોથડ તથા ધારદાર પદાર્થથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ આર્ટીકલ માર્ક–'એફ','આઈ' તથા 'જે' બતાવતા તે જોઈને આવા પ્રકારના લોખંડના પાઈપ લાકડાના ગેડા, ધારીયાથી ઉપરોકત ઈજાઓ સંભવી શકે તેમ હોવાનુ જણાવેલ છે.

મરણ જનાર મેહુલભાઈની લાશનુ પી.એમ. કરનાર સર ટી. હોસ્પિટલના ડોકટરશ્રી હેમલ કમલેશભાઈ મોગાને ફરીયાદપક્ષ ધ્વારા આંક–૫૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમા જણાવેલ છે કે, તેઓ તા.૨૪/૦૮/૨૦૧૯ ના રોજ સર ટી. હોસ્પિટલ ખાતે તેમની ફરજ પર હાજર હતા ત્યારે બોટાદ પોલીસ સ્ટેશનથી પોલીસ કોન્સ્ટેબલ એમ.જી. ગોહીલવાળાઓ મરણજનાર મેહુલભાઈ રસીકભાઈ શીયાળને શબ પી.એમ. માટેની યાદી, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોત્તર ફોર્મ, બોટાદના એસ.પી. નો પત્ર લઈને પી.એમ. કરવા સારુ લાવતા તેઓએ સદર યાદી મેળવી પેનલ ડોકટરશ્રી મિલીન્દ યાદવ સાથે સવારે ૯/૨૦ વાગ્યાથી ૧૧/૦૦ વાગ્યા સુધી પી.એમ. કરેલ, શબ ઉપર પી.એમ. નોટ કોલમ નં.૭ મુજબનો પહેરવેશ હતો તથા કપડા ફાટેલા તથા તેના પર ડાઘાઓ હતા, શબ સામાન્ય બાંધાનુ હતુ, ઠંડુ હતુ, શબ અકડાવવાની પ્રક્રિયા પુર્ણ શરીર પર જોવા મળતી હતી, શબ પર પી.એમ. નોટના કોલમ નં.૧૪ મુજબ વિવિધ

જગ્યાએ લોહીના ડાઘાઓ જોવા મળતા હતા, પી.એમ. દરમ્યાન જે ઈજાઓ જોવા મળેલ હતી તે પૈકી ઈજા નં.૧ થી ૬, માથાની પાછળના ભાગે વિવિધ જગ્યાએ લેસરેશન (ફાટેલી ઈજા) જોવા મળેલ હતી, ઈજા નં.૭ અને ૮, ડાબી બાહુ પર મુંઢ માર હતો, ઈજા નં.૯, ડાબી બાજુ પીઠના ભાગે ઉપર મુંઢ માર હતો, ઈજા નં.૧૦, ડાબી જાંઘ પર મુંઢ માર હતો, ઈજા નં.૧૧, ડાબી આંઠમી પાંસળી ભાંગેલી હતી અને તેને સંલગ્ન ફેફસાનો ભાગ પર મુઢ માર હતો, શબની આંતરીક તપાસ કરતા કોલમ નં.૧૯ મુજબ ખોપરીમા ફ્રેકચર હતુ, મગજમા વિસ્તરેલો સબ એરેકનોઈડ પ્રકારનો રકતસ્ત્રાવ હતો, માથુ, છાતિ તથા પેટના અવયવો ફીકકા હતા, પી.એમ. દરમ્યાન એફ.એસ.એલ. ફોરવર્ડીંગ લેટર મુજબના નમુનાઓ સાચવી રાખવામાં આવેલ હતા, પી.એમ. બાદ મૃત્યુનુ કારણ શરીર પર થયેલ વિવિધ ઈજા છે તેમ જણાવેલ છતાં પણ રાસાયણીક એનાલીસસ માટે નમુનાઓ સાચવી રાખેલ અને મરણજનારને થયેલ ઈજા મૃત્યુ પહેલાની, ફ્રેશ એટલે કે મૃત્યુ પહેલાના ચોવીસ કલાકમા થયેલી તથા સખ્ત અને બોથડ પદાર્થ વડે થયેલ હોય તેવો તેમનો અભિપ્રાય હોવાનુ અને આ સિવાય વિસ્તૃત વર્ણન પી.એમ. નોટ મુજબનુ હોવાનુ જણાવી તે અંગેની તેઓએ પી.એમ.નોટ તૈયાર કરેલ જે આંક–૫૪ થી રજુ હોવાનુ અને તેમા તેઓ તથા ડોકટર મિલીંન્દ યાદવની સહી હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા શબ ઉપરથી લીધેલ નમુનાઓ એફ.એસ.એલ. તપાસણી અર્થે ફોરવર્ડીંગ પત્રો સાથે મોકલી આપેલ હોવાનુ તેમજ મુદામાલ આર્ટીકલ માર્ક–એફ, આઈ, સીલ બતાવતા તે જોઈને આવા પ્રકારના હથીયારથી તેઓએ જણાવેલ ઈજાઓ થઈ શકે તેમ હોવાનુ તેમજ મુદ્દામાલ આર્ટીકલ માર્ક–જે બતાવતા તે જોઈને આ ધારીયાના હાથા/ડંડાના ભાગથી તેઓએ જણાવેલ ઈજાઓ થઈ શકે તેવી હોવાનુ જણાવેલ છે. સદર મેડીકલ ઓફીસરશ્રીની આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ કબુલેલ છે કે, કોઈપણ સીલીન્ડ્રીકલ

લોખંડના પાઈપ કે લાકડાના ડંડાથી કોઈ ઈજા પહોંચાડવામા આવે તો ટ્રામલાઈન નિશાન થાય અને પી.એમ. નોટના કોલમ નં.૧૭ ની ઈજા નં–૧ થી ૬ માં કોઈ ટ્રામલાઈન માર્ક જોવામા આવેલ નથી અને કોલમ નં.૧૭ ની ઈજા નં–૧,૨,૫ તથા ૬ ની ઈજા જોતા એવુ બની શકે કે આ ઈજાઓ એક જ હથીયારથી કરવામા આવેલ હોય અને કોલમ નં–૧૭ ની ઈજા નં.૩ અને ૪ ની ઈજા જોતા એવુ બની શકે કે આ ઈજાઓ માથુ પથ્થર સાથે અથડાય તો થઈ શકે. તેઓએ કબુલેલ છે કે, કોલમ નં–૧૭ ની ઈજા નં–૧ થી ૬ ની ઈજા જોતા આ ઈજાઓ એવી કોઈ લાક્ષણીકતા ધરાવતી ન હતી કે જેથી ચોકકસપણે કહી શકાય કે આ ઈજાઓ કયા પ્રકારના હથીયારથી થઈ હોઈ શકે. તેઓએ કબુલેલ છે કે, કોલમ નં–૧૭ માં માથાની કોઈ એકમાત્ર ઈજાથી મૃત્યુ થયુ હોય તેવુ કહી શકાય નહી.

ઉપરોકત મેડીકલ ઓફીસરશ્રીઓ પૈકી ડો.કવિતાબેનના પુરાવા મુજબ તેઓએ ઈજા પામનાર મેહુલભાઈને થયેલ ઈજા અંગેની પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે ભાવનગર સર ટી.હોસ્પિટલમા રીફર કરવામા આવેલ હોવાનુ ફલીત થાય છે. જયારે મરણ જનાર મેહુલભાઈની લાશનુ પી.એમ. કરનાર સદર ડો.હેમલભાઈ મોગાના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ડોકટરશ્રીએ પેનલ ડોકટરશ્રી સાથે મરણ જનારની લાશનુ પી.એમ. કરી,આંક–૫૪ વાળી પોસ્ટ મોર્ટમ નોટ તૈયાર કરેલ હોવાનુ ફલીત થાય છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૪૫ વંચાણે લેવામાં આવે તો નિષ્ણાતનો અભિપ્રાય પ્રસ્તુત ગણાય. તે આ કલમનો વિષય છે. આ અભિપ્રાય માત્ર અભિપ્રાય દર્શાવતો પુરાવો છે. નિષ્ણાત તરીકે અભિપ્રાય આપનાર વ્યકિત પણ એક માત્ર સાહેદ જ ગણાય. નિષ્ણાતનો પુરાવો નિર્ણાયક સાબિતી ગણાય નહી તે કારણે આ પ્રકારના પુરાવાને અન્ય પુરાવાની સમકક્ષ ગણીને તેનું મુલ્યાંકન કરવું જોઈએ. આ પુરાવો મુખ્ય પુરાવો (substantive evidence) ગણાય નહી, માત્ર સમર્થન આપતો પુરાવો ગણાય. છતાં પણ,બહુધા નિષ્ણાત બીનપક્ષપાતી સાહેદ ગણાય છે.આ

કામે ડોકટરશ્રીએ જે અભિપ્રાય આપેલ છે તેમા ઉપર કરેલ ચર્ચા મુજબ ડોકટરશ્રીએ પોતાના પુરાવામાં મરણ જનારનુ મૃત્યુનુ કારણ તેઓના શરીર પર થયેલ વિવિધ ઈજા હોવાનુ જણાવેલ છે અને આવી કોઈ હકીકતથી વિરુધ્ધની કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લઈ આવેલ નથી, ત્યારે મરણ જનાર મેહુલભાઈ રસીકભાઈ શીયાળનુ મૃત્યુ કુદરતી કે આકસ્મીક ન હોય, સાપરાધ મનુષ્ય વધ હોવાનુ સાબિત થતુ હોય, **મુદા નં–૧ નો જવાબ** તે રીતે હકારમાં આપવામાં આવેલ છે.

**મુદ્દા નં–૨,૩ સંયુકત :–**

**૩૧.** આ મુદ્દો પુરવાર કરવા સૌપ્રથમ ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે કે, આરોપીઓના કૃત્યના કારણસર મરણ જનારનું મૃત્યુ નિપજયુ છે અને તે કૃત્ય આરોપીઓએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા એવા જ્ઞાન સાથે કે જે શારીરિક ઈજા પહોંચાડવામાં આવી છે તેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ છે, અને તે શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યું હોય અને આરોપીઓએ જે ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી છે.

**૩૨.** સૌપ્રથમ ડોકટરશ્રીની જુબાની તથા તેમનો અભિપ્રાય વંચાણે લેતા મરણ જનારના મૃત્યુનુ કારણ તેઓના શરીર પર થયેલ વિવિધ ઈજાને કારણે થયેલ હતુ, તે સંજોગોમાં મૃત્યુ પામનારને જે ઈજાઓ થયેલી તે કુદરતના સામાન્ય ક્રમમાં મુત્યુ નિપજાવવા પુરતી હતી તે હકીકતને મેડીકલ પુરાવાથી સમર્થન મળે છે.

**૩૩.** હવે જોઈએ તો શું આ ઈજાઓ કે જેના કારણસર ગુજરનારનું મૃત્યુ થયેલ છે તે આરોપીઓ ધ્વારા કરવામા આવેલ હતી કે કેમ ? તેમજ ઈજા પામનાર /ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ તથા સાહેદ હંસાબેનને થયેલ ઈજા આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હતી કે કેમ ? બાબતે મૌખિક પુરાવાની ચર્ચા કરવી જરુરી છે.

૩૪. **આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૪૦ થી ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, મેહુલભાઈ તેમના નાના ભાઈ હતા, બનાવ તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ બનેલો, તે દિવસે બપોરના ચારેક વાગ્યે તેઓ તેમના મિત્ર મયુરભાઈ અને અક્ષયભાઈ મોટર સાયકલ લઈને ઘર તરફ જતા હતા ત્યારે ઘરની નજીક પહોંચતા આરોપી દેવો ભરવાડ, વશરામભાઈ અને ધમાભાઈ મંડલી સામે મળેલા અને તેઓએ તેમને ઉભા રાખેલા અને તેઓએ સ્પષ્ટ શબ્દોમા કહેલ કે બે દિવસ પહેલા તેમની પાસે ફોન ઉપર તેઓએ જે દારુની માંગણી કરી હતી તે માંગણી હવેથી ફરી કરવી નહી કારણ કે તે આવો કોઈ ધંધો કરતા નથી, આમ કહેતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલા અને 'તુ ઘરે પહોચ ' તેવુ કહી ત્યાંથી નિકળી ગયેલા, તેઓ ઘરે પહોંચેલા અને ઘરની પાસે તેઓ બધા તથા મેહુલભાઈ ઉભા હતા ત્યારે દેવો ભરવાડ, વશરામભાઈ અને ધમો મંડલી હથીયાર લઈને આવેલા જેમા દેવાના હાથમા લોખંડનો પાઈપ હતો, વશરામભાઈ પાસે લોખંડના ફળાવાળુ ધારીયુ હતુ અને ધમા મંડલી પાસે લાકડાનો ગેડો હતો, દેવા ભરવાડે તેઓના ભાઈ મેહુલના માથાના પાછળના ભાગે લોખંડના પાઈપનો ઘા કરેલો જેથી તેઓના ભાઈ પડી ગયેલ, બીજો ઘા દેવા ભરવાડે તેઓના ડાબા હાથે કરતા તેમને ઈજા થયેલી, વશરામભાઈએ પોતાના પાસેનુ ધારીયુ મેહુલભાઈના ડાબા કાનની ઉપરના ભાગે મારેલુ, ધારીયાનો બીજો ઘા તેઓ ઉપર કરતા તેઓએ વચ્ચે હાથ રાખતા અંગુઠા તથા અંગુઠાની બાજુની આંગળી ઉપર વાગતા અંગુઠો થોડો કપાઈ ગયેલો, જયારે અંગુઠાની બાજુની આંગળી આખી કપાઈ ગયેલી, વશરામભાઈએ ધારીયાનો ત્રીજો અને ચોથો ઘા તેમને માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથા ઉપર મારેલ, તેમને તથા મેહુલભાઈ બન્નેને ઈજાના કારણે લોહી નીકળેલુ અને આજુબાજુના માણસો ત્યાં ભેગા થઈ ગયેલા, તેઓના બા અને બાપુજી જેઓ ફળીયામા હતા તેઓ પણ ત્યાં આવી ગયેલા,

ધમા મંડલીએ લાકડાના ગેડાનો ઘા તેમના બા ના માથા ઉપર કરેલો અને બીજો ઘા તેઓના ડાબા પગ ઉપર કરેલ, વશરામભાઈએ તેમને જમણા પગના નળામા ધારીયુ મારેલુ, આ બધા લોકો જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા અને તેઓના બન્ને મિત્રો અને બા બાપુજીએ તેઓને વધુ મારથી બચાવેલા અને ત્રણેય જણાં ત્યાંથી જતા રહેલા અને કહેતા ગયેલા કે હવે તેઓને ઉભા રાખશે તો તેઓ તેમને પણ જાનથી મારી નાંખશે. તેઓએ વધુમા જણાવેલ છે કે, બનાવમા ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સમા તેઓ સોનાવાલા હોસ્પિટલમા સારવાર માટે ગયેલ, હોસ્પિટલમા તેઓને ૧૫ થી ૨૦ મિનીટ માટે સારવાર આપવામા આવેલી અને વધુ સારવાર માટે એમ્બ્યુલન્સમા તેઓને ભાવનગર લઈ જવામા આવેલા, એમ્બ્યુલન્સમા તેઓ, મેહુલભાઈ તથા તેઓના બા, પિતા, મિત્રો અક્ષયભાઈ અને મયુરભાઈનાઓ હતા, તેઓ ભાવનગર પહોંચતા તેઓની સારવાર કરેલી અને તેઓના ભાઈ મેહુલભાઈ મરણ ગયેલ હોવાનુ ડોકટરશ્રીએ જણાવેલ, તેઓને સીટી સ્કેન કરાવવાનુ હોય અને આવી કોઈ સુવિધા ભાવનગર સરકારી હોસ્પિટલમા ન હોય, આશીર્વાદ હોસ્પિટલમા સીટી સ્કેન કરાવેલુ, ત્યાં પોલીસ આવેલી અને તેમને બનાવ હકીકત પુછતા તેઓએ ફરીયાદ આપેલી, જે આંક–૪૧ થી રજુ હોવાનુ અને તેઓ સહી કરતા હોવાનુ, પરંતુ વાગેલ હોય, જેથી તેઓએ ફરીયાદમાં અંગુઠો કરેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા આ બનાવનુ કારણ આરોપી દેવા ભરવાડે બે દિવસ પહેલા દારુ માં ગતા તેઓએ આવો કોઈ ફોન તેમને નહી કરવા અને તેઓ આવા કોઈ દારુનો ધંધો કરતો નથી તેવુ કહેતા તેઓ ઉશ્કેરાઈ જવાના કારણે બનેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા જણાવેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ મામલતદારશ્રી તેઓની પુછપરછ કરવા આવતા તેઓએ તેઓને બનાવ હકીકત જણાવેલી, તેઓએ ઈજા અંગે જે ડોકટરશ્રીઓએ તેમને તપાસેલ તેઓને બનાવ હકીકત જણાવેલી, બીજા દિવસે તેઓની આંગળીનુ અને હાથનુ ઓપરેશન કરાવવાનુ હોય સર.ટી.

હોસ્પિટલમા દાખલ થયેલા, ત્યાંથી પાચ–છ દિવસ પછી રજા આપેલી, દસેક દિવસ પછી પોલીસનો ફોન આવેલો અને તેઓને મામલતદાર કચેરીમા બોલાવવામા આવેલા, બે અજાણ્યા વ્યકિતઓને ઓળખતા ન હતા તેથી ઓળખી બતાવવાનુ હોય ત્યાં ગયેલ, મામલતદાર કચેરીમા જતા તેઓએ આરોપીઓની ઓળખ કરવાની છે તેવુ જણાવેલુ. રુમમા ગયા ત્યારે ત્યાં મામલતદારશ્રી હાજર હતા અને આઠ દસ જણા ઉભા હતા, મામલતદારશ્રીએ તેઓને બે ઈસમોને ઓળખી બતાવવાનુ કહેતા બે અજાણ્યા ઈસમોને તેઓએ મામલતદારશ્રી રુબરુ ઓળખી બતાવેલા, જે ઉભેલ વ્યકિતઓ પૈકી ક્રમ નંબર– ૪ ઉપર વશરામભાઈ ભરવાડ હતા તથા ક્રમ નંબર–૭ ઉપર ઘમો મંડલી હતા. તેઓએ વઘુમા જણાવેલ છે કે, થોડા દિવસ પછી તેઓએ કોર્ટમા નિવેદન આપવાનુ છે તેવુ પોલીસવાળાએ તેઓને ફોન કરી જણાવતા તેઓ સાત આઠ દિવસે કોર્ટમા ગયેલા, કોર્ટમા જજ સાહેબે બનાવ સબંધે પુછપરછ કરી તેઓનુ નિવેદન લીધેલુ, જે સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનમા તેઓના અંગુઠાનુ નિશાન હોવાનુ અને આંક–૪૨ થી રજુ હોવાનુ જણાવેલ છે.તેઓએ આરોપીને ઓળખી બતાવતા હોવાનુ તેમજ પોલીસને તેઓના લોહીવાળા કપડા કોઈએ આપેલા અને તે પોલીસે કબજે લીધેલ હોવાનુ જણાવેલ છે. ફરીયાદીની આરોપીઓના વકીલશ્રી ઘ્વારા લંબાણપુર્વકની **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા મુખ્યત્વે જોઈએ તો તેઓએ કબુલેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુમા રહેણાંકી મકાનો આવેલા છે અને રાઘે ક્રિષ્ના–૩ વાળી સોસાયટી બંઘ સોસાયટી ન હોય તેમાં થી જાહેર રસ્તાઓ નિકળે છે અને આ રસ્તાઓ ઉપર લોકોની અવર જવર રહેતી હોય છે. તેમને એ વાતનો ખ્યાલ ન હોવાનુ જણાવેલ છે કે,તેમના પડોશમા સગરામભાઈ ભુવા રહે છે કે કેમ? તેઓએ એવુ જણાવેલ છે કે, પકા શેઠની વાડી તેમના ઘરેથી અડઘાથી એક કીલોમીટરના અંતરે આવેલી છે. તેઓએ એવુ જણાવેલ છે કે, તેમને પોલીસે ફરીયાદની કોઈ નકલ આપેલ નહી તેમજ તેઓએ અગાઉ કોર્ટ રુબરુ

જે નિવેદન આપેલુ તે નિવેદનની નકલ પણ તેમને પોલીસે આપેલી નહી. તેઓએ કબુલેલ છે કે, તેઓએ આવી કોઈ નકલ મેળવવા તજવીજ કરેલ નથી. તેઓએ કબુલેલ છે કે, તેઓએ તેમના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષના નિવેદનમા તથા સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનમા મોટર સાયકલ ઉપર તેઓ સાથે તેમના મિત્ર મયુર તથા અક્ષય સાથે હોવાનુ જણાવેલ નથી તેમજ નિવેદનમા તેઓ મોટર સાયકલ લઈને નિકળેલ હતા ત્યારે વશરામભાઈ અને ધમાભાઈ મંડલી આરોપી દેવરાજભાઈ હકાભાઈ ભરવાડ સાથે હોવાનુ જણાવેલ નથી.તેઓએ કબુલેલ છે કે, તેઓએ તા.૨૪/૮/૨૦૧૯ ની ફરીયાદમા વશરામભાઈ અને ધમાભાઈ મંડલીનો નામ જોગ કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેઓએ નકારેલ છે કે, મામલતદારશ્રી સમક્ષની તા.૫/૯/૨૦૧૯ની ઓળખ પરેડ પહેલા તેમને વશરામભાઈ અને ધમાભાઈ મંડલીના નામ સરનામા અને અજાણ્યા ઈસમો આ બંને જ હતા તેવી માહિતી મળી ગયેલી. તેઓએ નકારેલ છે કે, તેઓએ તા.૨૭/૮/૨૦૧૯ ના રોજ પોલીસ રુબરુ વિશેષ નિવેદન આપેલુ. પોલીસે તેમનુ આવુ કોઈ નિવેદન લીધેલ ન હોય સદર નિવેદનમા '' મને પાછળથી જાણવા મળેલ કે, આ દેવા ભરવાડ સાથે આવેલ અજાણ્યા બે માણસો હતા તે (૧) વશરામભાઈ વરજાંગભાઈ શિયાળીયા તથા (૨) ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતિભાઈ મંડલી હતા. વશરામભાઈ શિયાળીયા પાસે લાકડાનો ગેડો હતો અને ધર્મેશ ઉર્ફે ધમા મંડલી પાસે લોખંડનુ ધારીયુ હતુ અને બનાવ બાદ તેઓ ભાગી ગયેલ હતા અને દેવા ભરવાડને પોલીસે પકડેલ અને બાદમા તેણે તેની સાથેના માણસોના નામો આપેલ છે તેમ જાણવા મળેલ'' વાળી કોઈ હકીકત લખાવેલ હોવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેઓએ કબુલેલ છે કે, તેઓએ તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનમા આરોપી ધમાભાઈ મંડલીનુ કોઈ નામ જણાવેલ નહી. તેઓએ નકારેલ છે કે તેઓએ તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના

નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, '' વશરામભાઈએ પોતાના પાસેનુ ધારીયુ મેહુલભાઈના ડાબા કાનની ઉપરના ભાગે મારેલુ''. ''વશરામભાઈએ ધારીયાનો ત્રીજો અને ચોથો ઘા તેમને માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથાના ઉપર મારેલ''. તેઓએ કબુલેલ છે કે, બે દિવસ પહેલા દેવરાજભાઈનો ફોન આવેલ હોવાની જે હકીકત જણાવેલ છે તે હકીકત અન્વયે પુછતા કહે છે કે કયા નંબર ઉપરથી ફોન આવેલ હોવાનુ તેઓએ કોઈ જગ્યાએ તારીખ અને સમય સાથે લખાવેલ કે જણાવેલ નથી. તેઓએ કબુલેલ છે કે, મામલતદાર સમક્ષની ઓળખ પરેડમા તેમને પોલીસ અધિકારી લઈ ગયેલા. તેઓએ કબુલેલ છે કે, તેઓએ તેમની ફરીયાદ તથા સી.આર. પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનમા બે અજાણ્યા ઈસમોનુ કોઈ વર્ણન, પહેરેલ કપડા, જણાવેલ નથી અને દેવરાજભાઈના કપડાનુ કોઈ વર્ણન કરેલ નથી. તેઓએ કબુલેલ છે કે, તા.૧૩/૧૧/૨૦૨૨ ના રોજ બોટાદ પોલીસ તેમને હદપારી કરવાની દરખાસ્ત નાયબ કલેકટરશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બોટાદને કરેલી અને આ દરખાસ્તમા તેમની સામે આઠ ગુના નોંધાયેલ હોવાનો ઉલ્લેખ છે. તેમને યાદ નથી કે આવા આઠ ગુના પૈકી પાંચ ગુના પ્રોહીબીશનને લગતા ગુના હતા કે કેમ? તેમને હદપારી કેસ રજીસ્ટ્રશન નં. ૩૬/૨૦૨૩ ના હુકમની ખરી નકલ બતાવતા તે જોઈ સદર હુકમ તેઓ સામે ફરમાવવામા આવેલ અને સદર હુકમમાં સામાવાળા તરીકે તેમના નામનો ઉલ્લેખ હોવાનુ જણાવતા હોય, સદર હુકમ ઉલટમા રજુ કરવામા આવેલ હોય અને હુકમ સાહેદને લગતો હોય અને હુકમ કરેલ હોવાનુ સાહેદ કબુલ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૫૧ આપવામા આવે છે. તેઓએ નકારેલ છે કે, દેવરાજ ભરવાડે તેમના દારુના ધંધા વિશે પોલીસને બાતમી આપેલ હોય તેમને તેના ઉપર દાઝ હતી. તેઓએ નકારેલ છે કે, તેઓ અજાણ્યા ઈસમોને માર મારવા જતા હતા ત્યારે તેઓ પાસે લાકડાનો ગેડો હતો જે તેઓએ તેમના બચાવ માટે આગળ ધરેલ અને આ લાકડાના ગેડામા અમો ધ્વારા કરવામા આવેલ હુમલાના નિશાન

છે અને અજાણ્યા લોકોએ પોતાના બચાવમા જે પ્રતિક્રિયા આપી તેનાથી તેમને ઈજાઓ થયેલી. તેઓએ નકારેલ છે કે, બનાવ બન્યો ત્યારે દેવરાજ ભરવાડ વિપુલ સતવારાની વાડીએ હતો અને તેઓ કહે છે તેવી કોઈ જગ્યાએ ન હતો. તેમને ખબર નથી કે, દેવરાજ ભરવાડને તેના નામની ખબર પડતા તે સામેથી ચાલીને પોલીસ સ્ટેશનમા જે તે જગ્યા હાજર ન હોવાનુ કહેવા ગયેલ હતો કે કેમ ? તેઓએ નકારેલ છે કે, તેઓ બે દિવસ પહેલા આ દેવરાજ ભરવાડનો દારુ માંગતો તેમના ઉપર ફોન આવેલ હોવાનુ ખોટુ જણાવે છે અને બનાવના દિવસે તેઓ ઢાંકણીયા રોડથી નિકળતા તેમની સાથે તેમના મિત્રો અક્ષય અને મયુર હોવાનુ ખોટુ જણાવે છે અને તેઓ ઢાંકણીયા રોડથી ઘરે જતા આ દેવરાજ ભરવાડ અને બે અજાણ્યા વ્યકિત સામે મળ્યા હોવાનુ, તેઓને દારુ માટે ફોન નહિ કરવા, તેઓ દારુનો ધંધો કરતો નથી વાળી હકીકત ખોટી જણાવે છે. તેઓએ નકારેલ છે કે, દેવરાજ ભરવાડ પાસે એક પાઈપ હતી અને આ પાઈપનો ઘા તેઓએ તેમના ભાઈ મેહુલને માથાના પાછળના ભાગે મારેલ હોવાનુ અને બીજો ઘા તેમને ડાબા હાથે મારેલ હોવાનુ ખોટુ જણાવે છે અને વશરામભાઈએ ધારીયાથી મેહુલભાઈના ડાબા કાન ઉપર મારેલ અને ધારીયાનો બીજો ઘા તેઓએ તેમના ઉપર કરતા હાથ આડો રાખતા આંગળી કપાઈ ગયેલ હોવાનુ ખોટુ જણાવે છે અને વશરામભાઈએ ત્રીજો અને ચોથો ઘા તેમને માથાની વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથા ઉપર તથા પગના નળા ઉપર મારેલ હોવાનુ ખોટુ જણાવે છે અને ઘમાભાઈ મંડલીએ લાકડાના ગેડાનો ઘા તેમના બા ના માથા ઉપર મારેલ હોવાનુ અને બીજો ઘા તેમના ડાબા પગ ઉપર મારેલ હોવાનુ ખોટુ જણાવે છે અને આ વ્યકિતઓ પૈકી કોઈએ પણ તેમને ઈજા પહોંચાડેલ નથી. તેઓએ નકારેલ છે કે, આરોપીઓએ કાંઈ કરેલ ન હોવા છતાં અગાઉની દાઝના કારણે ખોટી રીતે તેઓને ગુનાના કામે સંડોવી દીધેલ છે. તેઓએ નકારેલ છે કે, ઓળખ પરેડ દરમ્યાન અજાણ્યા લોકોને પોલીસે અગાઉથી

બતાવેલ હોય તે રીતે ઓળખી બતાવેલ છે. તેઓએ કબુલેલ છે કે, તેઓ દેવરાજ ભરવાડને પહેલેથી ઓળખે છે. તેઓએ નકારેલ છે કે, તેઓ કહે છે તેવો કોઈ બનાવ બનેલ નથી અને આરોપીઓને ગુનાના કામે સંડોવવા તેઓ વિરુધ્ધ ખોટી હકીકત જણાવેલ છે.

**૩૪.૧** બનાવના સૌથી મહત્વના સાહેદ ફરીયાદી કે જેઓ મરણજનાર મેહુલભાઈના મોટાભાઈ થાય છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર અને બનાવના કામમા ઈજા પામનાર સાહેદ પણ છે, તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ બનાવ તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ બપોરના ચારેક વાગ્યે તેઓ અને તેમના મિત્રો મયુરભાઈ અને અક્ષયભાઈ મોટરસાયકલ લઈને તેઓના ઘર તરફ જતા હતા ત્યારે ઘરની નજીક પહોંચતા આરોપી દેવો ભરવાડ, વશરામભાઈ અને ધમાભાઈ મંડળી સામે મળેલા અને તેઓએ તેમને ઉભા રાખેલ અને સ્પષ્ટ શબ્દોમા કહેલ કે બે દિવસ પહેલા તેઓ પાસે ફોન ઉપર તેઓએ જે દારુની માંગણી કરી હતી તે માંગણી હવેથી ફરી કરવી નહી કારણે કે તે આવો ધંધો કરતા નથી જેથી તેઓ ઉશ્કેરાઈ ગયેલ અને 'તુ ઘરે પહોંચ' તેવુ કહી ત્યાંથી નિકળી ગયેલ અને તેઓ ઘરે પહોંચ્યા અને ઘરની બહાર તેઓ બધા તથા મેહુલભાઈ ઉભા હતા ત્યારે બનાવ તેઓના ઘર પાસે બનેલ હોવાની અને આરોપીઓની બનાવવાળા સ્થળે અને સમયે હાજરી હોવાની હોવાની હકીકત જણાવેલ છે અને સદર હકીકત ફરીયાદ સાથે બંધ બેસે છે અને ઉલટતપાસમા પણ સદર હકીકતોનુ કોઈ ખંડન થાય તેવી કોઈ સ્પષ્ટ હકીકતો રેકર્ડ ઉપર બચાવપક્ષનાઓ લાવી શકેલ નથી, ત્યારે ફરીયાદીના પુરાવાથી બનાવ બોટાદ ઢાંકણીયા રોડ, રાધાકૃષ્ણ-૩ સોસાયટીમા આવેલ તેઓના રહેણાંકી મકાને બનેલ હોવાનુ અને ફરીયાદીની આ હકીકતને આંક-૭૪ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાથી તેમજ આંક-૧૪૬ વાળા એફ.એસ.એલ.

અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલથી સમર્થન પ્રાપ્ત થતુ હોવાનુ ફલીત થાય છે.

ફરીયાદીએ પોતાના પુરાવામાં બનાવના અરસામા તેઓ બધા તથા મેહુલભાઈ ઉભા હતા ત્યારે દેવો ભરવાડ, વશરામભાઈ અને ધમો મંડલી હથીયાર લઈને આવેલા જેમા દેવાના હાથમા લોખંડનો પાઈપ હતો, વશરામભાઈ પાસે લોખંડના ફળા વાળુ ધારીયુ અને ધમા મંડળી પાસે લાકડાનો ગેડો હોવાનુ, દેવા ભરવાડે તેઓના ભાઈ મેહુલના માથાના પાછળના ભાગે લોખંડના પાઈપનો ઘા કરતા તેઓ પડી ગયેલ અને બીજો ઘા તેઓના ડાબા હાથે કરતા તેમને ઈજા થયેલ હોવાનુ, વશરામભાઈએ ધારીયુ મેહુલભાઈના ડાબા કાનની ઉપરના ભાગે મારેલ અને ધારીયાનો બીજો ઘા તેઓ ઉપર કરતા તેઓએ વચ્ચે હાથ રાખતા તેમના અંગુઠા તથા આંગળી ઉપર વાગતા અંગુઠો કપાઈ ગયેલ તેમજ અંગુઠાની બાજુની આંગળી કપાઈ ગયેલ હોવાનુ, વશરામભાઈએ ધારીયાનો ત્રીજો અને ચોથો ઘા તેમને માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથા ઉપર મારેલ હોવાનુ, ધમા મંડલીએ લાકડાના ગેડાનો ઘા તેમના બા ના માથા ઉપર કરેલ અને બીજો ઘા તેઓના ડાબા પગ ઉપર કરેલ હોવાનુ, વશરામભાઈએ તેમના જમણા પગના નળામા ધારીયુ મારેલ હોવાનુ અને તેઓના બંને મિત્રો તથા તેમના બા બાપુજીએ તેઓને વધુ મારથી બચાવેલ હોવાનુ અને ત્રણેય આરોપીઓ ત્યાંથી જતા રહેલ હોવાનુ તેમજ તેઓ તથા મેહુલભાઈને ઈજાના કારણે લોહી નિકળતુ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ છે ત્યારે ફરીયાદીની જુબાની તથા આંક-૪૧ ની ફરીયાદ હકીકતો એક સાથે ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની જુબાનીથી આંક-૪૧ વાળી ફરીયાદ હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમા આંક-૪૧ વાળી ફરીયાદમાં આરોપી દેવાભાઈ ભરવાડ સિવાય અન્ય બે અજાણ્યા ઈસમોનો ઉલ્લેખ થયેલ છે, જે અજાણ્યા ઈસમો આરોપી વશરામભાઈ અને ધર્મેશભાઈ જ હતા કે કેમ ? તે અંગે આ કામે આંક-૧૧૨ થી ઓળખ પરેડનુ પંચનામુ રજુ થયેલ છે જે ઓળખ પરેડ કરનાર સાહેદ કિશોરભાઈ ત્રિભુવનભાઈ જોલપરાના પુરાવા મુજબ ઓળખ પરેડ દરમ્યાન ફરીયાદી તથા સાહેદ હંસાબેન, સાહેદ મયુરભાઈ તથા સાહેદ

અક્ષયભાઈ તમામે આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈને ઓળખી બતાવેલ હોવાનુ જણાવેલ છે ત્યારે આ સાહેદના પુરાવાથી પણ બનાવ સમયે બે અજાણ્યા માણસોનો ફરીયાદમા જે ઉલ્લેખ થયેલ છે તે આરોપી વશરામભાઈ અને આરોપી ધર્મેશભાઈ જ હોવાનુ ફલીત થાય છે, ત્યારે આરોપી વશરામભાઈ અને ધર્મેશભાઈએ તેમના વિશેષ નિવેદનમાં દેવરાજભાઈ ભરવાડના કહેવાથી તેઓ પોલીસ સ્ટેશને ગયેલ અને પોલીસે તેઓને ખોટી રીતે આરોપી બનાવી દીધેલ હોવાનો લીધેલ બચાવ માની શકાય તેમ નથી. ફરીયાદીના પુરાવામાથી થોડી ઘણી વિસંગત હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ તેના કારણે ફરીયાદ પક્ષના કેસને કોઈ નુકશાન થતુ હોવાનુ જણાઈ આવતુ નથી, તે સંજોગોમા ફરીયાદીની જુબાની વિશ્વાસપાત્ર અને માનવા લાયક હોવાનુ ફલીત થાય છે.

ફરીયાદીએ, પોતાના પુરાવામાં તેઓ તથા મરણ જનાર મેહુલભાઈને ઈજાઓ થયેલ હોવાની હકીકત જણાવેલ છે તે હકીકત અન્વયે ફરીયાદીને સારવાર આપનાર ડોકટરશ્રી કવિતાબેન બાબુલાલ ચૌહાણના આંક–૫૭ ના પુરાવા મુજબ દર્દી રમેશભાઈને તેમના પિતા રસીકભાઈ ૧૦૮ એમ્બ્યુલન્સમા સારવાર માટે લાવતા તેમને જમણા હાથનો અંગુઠો નિકળી ગયેલ હોવાનુ, માત્ર ચામડીથી લટકી રહેલ હોવાનુ, જમણા હાથની પ્રથમ આંગળી આખી છુટી પડી ગયેલ હોવાનુ, માથાના ભાગે કપાયેલો છુંદાયેલો ઘા ૩ સે.મી. × ૦.૫ સે.મી. × ૦.૫ સે.મી. જમણા પરાઈટલ રીજીયનમા હોવાનુ, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી. × ૦.૫ સે.મી. × ૦.૫. સે.મી. માથાના ભાગે ડાબા પરાઈટલ રીજીયનમા હોવાનુ, ડાબા હાથે સોજો હોવાનુ તેમજ હીસ્ટ્રીમા તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ સાંજના સાડા ચાર વાગ્યે દેવરાજભાઈ ભરવાડ અને બીજા બે અજાણ્યા ભરવાડ ઈસમોએ રાધેશ્યામ સોસાયટી બોટાદ ખાતે ધારીયા વડે માથાના ભાગે જમણા હાથે અને ડાબા હાથે ઈજા કરેલ હોવાનુ જણાવેલ છે. જયારે ફરીયાદીને વધુ સારવાર આપનાર ભાવનગર સર ટી.હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડો. સારીકાબેન સુબોધકુમારના આંક–૬૧ ના

પુરાવા મુજબ દર્દી રમેશભાઈને તેમના પિતા રસીકભાઈ સારવાર માટે લઈ આવેલ હોવાનુ અને દર્દીને તપાસતા માથાના ઉપરના ભાગે કપાયેલો છુંદાયેલો ૪ ×૦.૫ × ૦.૫ સે.મી.નો ઘા હોવાનુ, માથાના ડાબી બાજુએ કપાયેલો છુંદાયેલો ૨ × ૦.૫ × ૦.૫ સે.મી.નો ઘા હોવાનુ, ટેમ્પોરલ બોનમા ડાબી બાજુએ કપાયેલો છુંદાયેલો ૧ ×૧×૧ સે.મી.નો ઘા હોવાનુ, જમણા હાથની વચ્ચેની આંગળી તથા અંગુઠો પુરો કપાયેલ હતો અને વચ્ચેની આંગળી સાથેની ચામડી લટકતી હોવાનુ, ડાબા ખભા, કોણી અને કાંડા ઉપર દુ:ખાવો હોવાનુ, ડાબા પગે સોજો અને ઘસરકાના નિશાન હોવાનુ અને તેઓ સમક્ષ બનાવની હીસ્ટ્રીમા ત્રણ વ્યકિતઓ પૈકી દેવરાજભાઈ ભરવાડ તથા બે અજાણ્યા ઈસમોએ સાડા ચાર વાગ્યે ધારીયા વડે તા.૨૩/૮/૧૯ ના રોજ ઈજા પહોંચાડેલ હોવાનુ જણાવેલ છે તેમજ મરણ જનાર મેહુલભાઈને થયેલ ઈજા અંગેની સારવાર આપનાર મેડીકલ ઓફીસર ડો.કવિતાબેન બાબુલાલ ચૌહાણના આંક–૫૭ ના પુરાવા મુજબ તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ સાંજના ૫/૧૦ કલાકે મેહુલભાઈને તેમના પિતા રસીકભાઈ ગંભીર હાલતમા સારવાર માટે લાવેલ હોવાનુ, તેમને તપાસતા તેઓને કપાયેલો છુંદાયેલા ઘા ૪ સે.મી × ૦.૫ સે.મી × હાડકા સુધીનો ઉંડો ડાબા કાનની ઉપર, ડાબા ટેમ્પોરલ રીજીયનમા આવેલ હોવાનુ, એક કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૦.૫ સુધી × હાડકા સુધીનો ઉંડો ડાબા કાનના પાછળના હાડકાની પાછળ હોવાનુ, એક ઘસરકો ૨ સે.મી. × ૨ સે.મી. ઓકસીપીટલ રીજીયનમા હોવાનુ, એક કપાયેલો છુંદાયેલો ઘા ૫ સે.મી × ૦.૫ સે.મી × હાડકા સુધીનો ઉંડો સજાઈટલ સ્યુચરના (ખોપરીના બે હાડકા ભેગા થાય તે ભાગ)પાછળના ભાગે આવેલ હોવાનુ, એક કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૫ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો ડાબા હાથમાં બહારની તરફ ઉપરના ૧/૩ ભાગમા આવેલ હોવાનુ, એક ૧૦ સે.મી × ૪ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો કપાયેલો છુંદાયેલો ઘા ડાબા હાથના બહારના ભાગે વચ્ચેના ૧/૩ ભાગમા આવેલ

હોવાનુ, એક કપાયેલો છુંદાયેલો ઘા ૧૨ સે.મી × ૫ સે.મી × સોફટ ટીસ્યુ ડીપ સુધીનો પીઠના પાછળના ભાગે આવેલ હોવાનુ, એક ૧૦ સે.મી × ૮ સે.મી ડાબા સાથળ ઉપર બહારની તરફ ગુલાબી કલરનુ ચકામુ હોવાનુ, છાતિના ડાબા ભાગે ૮ મી પાસળી પાસે હીમેટોમા હોવાનુ જણાવેલ છે ત્યારે આ બનાવમા ફરીયાદી તથા મરણજનાર મેહુલભાઈને આરોપીઓએ ઈજા પહોંચાડેલ હોવાની ફરીયાદીએ ફરીયાદ તથા પુરાવામા જે હકીકત જણાવેલ છે તે હકીકતને ફરીયાદી તથા મેહુલભાઈને થયેલ ઈજા અંગેની સારવાર કરનાર મેડીકલ ઓફીસરશ્રી ડોકટર કવિતાબેનના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે અને ઉલટતપાસમા પણ સદર હકીકતોનુ કોઈ ખંડન થાય તેવી કોઈ સ્પષ્ટ હકીકતો રેકર્ડ ઉપર બચાવપક્ષનાઓ લાવી શકેલ નથી, ત્યારે ફરીયાદીના પુરાવાથી ફરીયાદ હકીકત તથા બનાવ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ હોવાનુ ફલીત થાય છે.

ફરીયાદીએ, પોતાના પુરાવામાં આરોપી ધમા મંડલીએ લાકડાના ગેડાનો ઘા તેમના બા ના માથા ઉપર મારેલ હોવાનુ જણાવેલ છે, જયારે આંક–૪૧ વાળી ફરીયાદમાં અજાણ્યા માણસે લાકડાના ગેડા વડે તેમના બા ના ડાબા ખભા પર ઘા મારેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ આરોપી ધર્મેશભાઈએ સાહેદ હંસાબેનને કોઈ ઈજા પહોંચાડેલ હોય તેવુ સ્પષ્ટ રીતે જણાઈ આવતુ નથી, વળી સાહેદ હંસાબેનને કોઈ ઈજા થયેલ હોય અને તે ઈજા અંગેની તેઓએ કોઈ સારવાર લીધેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી, પરંતુ બનાવ સમયે અને બનાવવાળા સ્થળે આરોપી ધર્મેશભાઈની હાજરી હોવાનુ અને તેઓએ બનાવમાં સક્રિયપણે મદદગારી કરેલ હોવાનુ ફલીત થાય છે. ખરેખર આરોપી ધર્મેશભાઈનો ઈરાદો આરોપી દેવરાજભાઈને મદદગારી કરવાનો ન હોત તો તેઓ જે તે જગ્યાએ આરોપી દેવરાજભાઈ સાથે બનાવવાળી જગ્યાએ આવેલ ન હોત તે સંજોગોમા આરોપી ધર્મેશભાઈએ તે રીતે ગુનાના કામે સક્રિય ભાગ ભજવેલ હોવાનુ અને એકબીજા આરોપીને ગુનો કરવામાં મદદગારી કરેલ હોવાનુ

સ્પષ્ટ થઈ આવે છે અને સદર હકીકતથી વિરુધ્ધની કોઈ હકીકત બચાવપક્ષનાઓ સમગ્ર ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લઈ આવેલ નથી, ત્યારે સદર હકીકત ન માનવાને કોઈ ચોકકસ કારણ જણાઈ આવતુ નથી.

આમ, ફરીયાદી જયારે ઈજા પામનાર અને બનાવ નજરે જોનાર સાહેદ છે, ત્યારે એક સમયે માનવામા આવે કે બનાવ અંગેનુ જે કારણ છે તે ઈરાદો, બચાવપક્ષનાઓ જણાવે છે તે મુજબ, પુરવાર થતો નથી તો પણ તેનાથી વિશેષ કોઈ ફેર પડતો નથી, કારણ કે ઈરાદો તે બનાવ નજરે જોનાર સાહેદના કિસ્સામા મહત્વનુ પરીબળ નથી.

ફરીયાદીએ, જે તે જગ્યાએ બનાવ બનેલ હોવાનુ અને આરોપી દેવરાજભાઈ ભરવાડે લોખંડના પાઈપ વડે તેમના ભાઈ મેહુલભાઈને માથાના પાછળના ભાગે તેમજ આરોપી વશરામભાઈએ ધારીયા વડે તેમના ભાઈ મરણ જનાર મેહુલભાઈને ડાબા કાનની ઉપરના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડી તેઓનુ મૃત્યુ નિપજાવેલ હોવાનુ તથા આરોપી દેવરાજભાઈએ તેઓને ડાબા હાથે લોખંડના પાઈપથી ઈજા કરેલ હોવાનુ તેમજ આરોપી વશરામભાઈએ ધારીયા વતી તેઓને માથાના વચ્ચેના ભાગે જમણા કાન પર ઉપર મારેલ હોવાનુ તેમજ અંગુઠો થોડો કપાઈ ગયેલ હોવાનુ, અંગુઠાની બાજુની આંગળી આખી કપાઈ ગયેલ હોવાનુ તેમજ બનાવ સ્થળે આરોપી ધર્મેશભાઈ પણ હાજર હોવાની જે હકીકત જણાવેલ છે, તે હકીકતના સંદર્ભમા બનાવવાળી જગ્યાનુ પંચનામુ તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીનો આંક–૧૪૬ વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ જોવામા આવે તો, જે તે જગ્યાએથી કન્ટ્રોલ રેતી, માટી, ઓશીકુ મળી આવેલ છે અને જે તે નમુનાઓ એફ.એસ.એલ. અધિકારીના કહયા મુજબ કોટન થ્રેડથી ઘસી કબજે કરવામા આવેલ છે અને તે લગતનો પરીક્ષણ અહેવાલ પણ રેકર્ડ ઉપર રજુ છે, તેમજ બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ લોહી વાળી માટી, લોહી

વાળુ ઓશીકુ પંચનામાની વિગતે કબજે થયેલ છે તેમજ આંક–૮૭ તથા આંક–૧૧૩ વાળા ડીસ્કવરી પંચનામાઓની વિગતે મુદામાલ હથીયારો તપાસનીશ અધિકારીએ પંચો રુબરુ કબજે કરેલ છે ત્યારે સદર બનાવ જે તે જગ્યાએ બનેલ હોવાનુ અને બનાવમાં ઉપયોગ થયેલ હથીયારો આરોપીઓએ શોધી બતાવતા તે પંચો રુબરુ ડીસ્કવરી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય આવે છે. બનાવવાળી જગ્યાએથી કબજે કરવામા આવેલ લોહી વાળી માટી, ઓશીકુ,હથીયાર ઉપર એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલ તેમજ એફ.એસ. એલ. રીપોર્ટ મુજબ લોહીની હાજરી મળી આવેલ છે પરંતુ લોહીનુ જુથ નિર્ણીત થઈ શકેલ નથી પરંતુ ફરીયાદીએ જે તે જગ્યાએ જે રીતે બનાવ બનેલ હોવાનુ કહી, સાહેદી આપેલ છે અને બનાવનુ વિસ્તૃત વર્ણન કરેલ છે ત્યારે જે તે જગ્યાએ જ બનાવ બનેલ હોવાનુ સ્પષ્ટ થઈ આવે છે. ફરીયાદી જણાવે છે તે મુજબ જો જે તે જગ્યાએ બનાવ બનેલ ન હોત તો લોહી વાળી માટી, લોહીવાળુ ઓશીકુ ટોપી વિગેરે મળી આવેલ ન હોત તેમજ આરોપીઓએ ડીસ્કવરી પંચનામાની વિગતે હથીયારો શોધી બતાવેલ ન હોત, ત્યારે પણ આરોપીઓની બનાવમાં સંડોવણી હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે.

ફરીયાદીનો પુરાવો, ઉપરોકત કરેલ વિસ્તૃત કરેલ ચર્ચા મુજબ વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાય છે તેમજ તેઓ બનાવ નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદ છે તેમજ મરણ જનારના મોટા ભાઈ થાય છે, ત્યારે **નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા (૧) ક્રિમીનલ અપીલ નંબર–૧૬૭૫/૨૦૧૫ બબન શંકર દાફાલ અને અન્યો વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના** ચુકાદામા નજરે જોનાર સાહેદ તથા કુટુંબના સભ્યની સાહેદી બાબતે જે અવલોકનો કરવામા આવેલ છે, તે ધ્યાને લેવા જરુરી છે. નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ફકરા નં–(૩૦), (૩૧) અને (૩૨) માં નીચે મુજબ ઠરાવેલ છે.

**30.** Though the eyewitnesses who have been examined in the present case were closely related to the deceased, namely his wife, daughter and son, their testimonies are consistent with respect to the accused persons being the assailants who inflicted wounds on the deceased. As is revealed from the sequence of events that transpired, one of the family members was subjected to an assault. It was thus quite natural for the other family members to rush on the spot to intervene. The presence of the family members on the spot and thus being eyewitness has been well established. In such circumstances, merely because the eyewitnesses are family members, their testimonies cannot be discarded solely on that ground.

**31.** Further, the High Court rightly rejected the Trial Court's conclusion that the eyewitness accounts were unreliable. The Trial Court based its findings on perceived inconsistencies between the testimony of the eyewitnesses and the medical evidence. Specifically, the Trial Court found fault with the eyewitness account of multiple stick blows to the victim's head, contending that the post-mortem report did not show multiple head injuries. However, the High Court, after analysing the evidence holistically, pointed out that minor inconsistencies in eyewitness accounts do not render their testimony unreliable, especially when they pertain to incidents involving sudden and brutal violence.

**32.** It has been consistently laid down by this court that once there is a version of eyewitness and the same inspires confidence of the court it will be sufficient to prove the guilt of the accused. A profitable reference can be made to the decision of this Court in the case of Pruthviraj Jayantibhai Vanol vs Dinesh Dayabhai Vala and Ors.,7 wherein it was laid down that:

"17. Ocular evidence is considered the best evidence unless there are reasons to doubt it. The evidence of PW-2 and PW-10 is unimpeachable. It is only in a case where there is a gross contradiction between medical evidence and oral evidence, and the medical evidence makes the ocular testimony improbable and rules out all possibility of ocular evidence being true, the ocular evidence may be disbelieved." (Emphasis supplied)

ઉપરોકત ચુકાદામા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત અન્વયે ઈજા પામનાર

ફરીયાદીનો પુરાવો, મરણ જનાર મેહુલભાઈ તથા ફરીયાદીને થયેલ ઈજા અંગેની સારવાર આપનાર ડોકટરશ્રીઓનો પુરાવો જોવામા આવે તો મુદામાલ વાળા હથીયારોથી ફરીયાદી તથા મરણ જનાર મેહુલભાઈને થયેલ ઈજાઓ અંગેની હકીકતને ડોકટરશ્રીઓના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે અને તે રીતે મેડીકલ પુરાવો પણ સમર્થનરુપ બને છે, ત્યારે ફરીયાદીના પુરાવાથી ફરીયાદ હકીકત તથા બનાવ હકીકત પ્રસ્થાપિત થતી હોવાનુ, માની લેવુ ઉચિત જણાય છે. વળી સદર હકીકતથી વિરુધ્ધની કોઈ હકીકત બચાવપક્ષનાઓ ઉલટતપાસમા લાવી શકેલ નથી તેમજ બચાવપક્ષે જે સાહેદને તપાસવામાં આવેલ છે તેમના પુરાવાથી પણ પુરવાર કરી શકેલ નથી, ત્યારે બચાવપક્ષનાઓએ લીધેલ બચાવ પ્રોબેબલ ન હોવાનુ ફલીત થાય છે.

આમ ફરીયાદીની જુબાની તથા આંક–૪૧ ની ફરીયાદ હકીકતો એક સાથે ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની જુબાનીથી ફરીયાદ હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે, ત્યારે ફરીયાદીનો પુરાવો વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોવાનુ ફલીત થાય છે.

૩૫. **ફરીયાદપક્ષ ધ્વારા આંક–૬૭ થી સાહેદ મયુરભાઈ દિનેશભાઈ નારણકા** કે જેઓ ફરીયાદપક્ષના કથન મુજબ બનાવ નજરે જોનાર સાહેદ છે તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, મરણ જનાર મેહુલભાઈ તેઓના મિત્ર થતા હતા, બનાવ આશરે પાંચેક વર્ષ પહેલા સાતમ–આઠમના તહેવારની આજુબાજુના સમય ગાળામા બનેલો, બપોરના ત્રણ વાગ્યે રમેશભાઈનો તેમના ઉપર ફોન આવેલ અને તેમને બોટાદ મુકામે ગઢડા રોડ ઉપર આવેલ હરીદર્શન પાસે પાંઉ–ભાજી ખાવા માટે બોલાવેલો, જેથી તેઓ હરીદર્શને ગયેલ, ત્યાં રમેશભાઈ તથા અક્ષયભાઈ હાજર હતા, તેઓ પાંઉ–ભાજી લઈને રમેશભાઈના ઘરે જતા હતા

ત્યારે ત્યાં દેવો ભરવાડ અને બીજા બે અજાણ્યા માણસો સામે મળેલા, રમેશભાઈએ આ દેવાભાઈ ભરવાડને ઉભા રખાવેલા અને રમેશભાઈએ દેવાભાઈને કહેલ કે તેમને બે દિવસ પહેલા દારુ બાબતે ફોન કરેલો, હવે ફોન કરવો નહિ, તેઓ આવો કોઈ ધંધો કરતા નથી, જેથી દેવાભાઈ ભરવાડે રમેશભાઈને કહેલ કે ' તુ ઘરે પહોંચ, હું આવુ છું', બાદ તેઓ રમેશભાઈના ઘરે પાંવ–ભાજી ખાવા બેઠેલ હતા તે દરમ્યાન દેવાભાઈ ભરવાડ અને બે અજાણ્યા માણસો ટુ વ્હીલરમા આવેલા, દેવાભાઈ ભરવાડ પાસે હાથમા લોખંડનો પાઈપ હતો, બે અજાણ્યા માણસો પૈકી એક પાસે ધારીયુ અને બીજા પાસે લાકડાનો ગેડો હતો, દેવા ભરવાડે લોખંડનો પાઈપ રમેશભાઈના ભાઈ મેહુલભાઈના માથામા પાછળના ભાગે મારતા, મેહુલભાઈ પડી ગયેલા, બીજો ઘા દેવા ભરવાડે રમેશભાઈના ડાબા હાથે મારેલો, અજાણ્યા વ્યકિત પાસે ધારીયુ હતુ તેણે મેહુલભાઈના માથામા એક ઘા મારેલો અને બીજો ઘા રમેશભાઈને માથામા મારવા જતા રમેશભાઈએ જમણો હાથ આડો દેતા તેમના હાથનો અંગુઠો અને આંગળી કપાઈ ગયેલી, જે અજાણ્યા વ્યકિત પાસે લાકડાનો ગેડો હતો તેણે રમેશભાઈના બા કે જેઓ ફળીયામાથી બહાર આવતા હતા તેમને ડાબા હાથે મારેલો, રમેશભાઈ પડી ગયેલ હોય તેઓને લાકડાનો ગેડો પગના નળા ઉપર આ અજાણી વ્યકિતએ મારેલો, અજાણી વ્યકિત પાસે ધારીયુ હતુ તેણે રમેશભાઈને પગના નળા ઉપર મારેલુ, બાદ આ લોકો ત્યાંથી જતા રહેલા અને કહેતા ગયેલ કે, આ વખતે બચી ગયા છો આવતી વખતે જાનથી મારી નાંખીશુ, બાદ કોઈએ એમ્બ્યુલન્સને ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ ન હોય એક રીક્ષા સામે મળતા રમેશભાઈ તથા મેહુલભાઈ તથા તેમના બા ને રીક્ષામા નાંખી સોનાવાલા હોસ્પિટલમાં લઈ ગયેલ, ત્યાં પ્રાથમીક સારવાર આપ્યા બાદ તેઓને ભાવનગર સર ટી. હોસ્પિટલમા વધુ સારવાર માટે રીફર કરવામા આવેલ, આ લોકોને એમ્બ્યુલન્સમાં ભાવનગર સર ટી. હોસ્પિટલ લઈ જવામા આવેલ, એમ્બ્યુલન્સમા તેઓ પણ તેઓની સાથે ભાવનગર સર ટી.

હોસ્પિટલમાંગયેલ, ત્યાં પહોંચતા ડોકટરશ્રીએ મેહુલભાઈને તપાસતા મરણ ગયેલ હોવાનુ જાહેર કરેલુ, રમેશભાઈને સર ટી. હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ બીજે રીફર કરવામા આવેલ અને રમેશભાઈને વધુ સારવાર ભાવનગરની આશીર્વાદ હોસ્પિટલમાં આપવામાં આવેલ, બનાવના બીજા દિવસે બોટાદ પોલીસે બનાવ બાબતે તેઓની પુછપરછ કરેલી, બનાવના દસથી પંદર દિવસ બાદ બોટાદ મામલતદારશ્રીએ તેઓને ઉપર જણાવેલ બનાવના બે અજાણ્યા માણસોની ઓળખ પરેડ માટે બોલાવેલા, તેઓ મામલતદાર ઓફીસમા ગયેલ, મામલતદાર ઓફીસમાં લાઈનમાં સાતથી આઠ લોકો ઉભા હતા તેમાંથી બે અજાણ્યા માણસોને ઓળખવાનુ કહેતા તેઓએ પ્રથમ જે માણસને ઓળખી બતાવેલ તે માણસનુ નામ પુછતા તેણે પોતાનુ નામ વશરામભાઈ હોવાનુ જણાવેલ અને બીજા જે માણસને ઓળખી બતાવેલ તે માણસ કુંભાર જ્ઞાતિના હોવાનુ જણાવેલ છે. તેઓએ ત્રણેય ઈસમો કોર્ટમા હાજર છે તેમ કહી કઠેડામા બેસેલ ચાર વ્યકિત તથા કેઠેડાની બહાર બેઠેલ એક વ્યકિત પૈકી કઠેડામા ડાબી બાજુથી ત્રીજી વ્યકિત એ જ કુંભાર જ્ઞાતિના હોવાનુ તથા ચોથી વ્યકિત દેવાભાઈ ભરવાડ હોવાનુ તથા કઠેડાની બહાર બેઠેલ વ્યકિત વશરામભાઈ હોવાનુ જણાવી ઓળખી બતાવેલ હોવાનુ તેમજ ત્રીજી વ્યકિત જે કુંભાર જ્ઞાતિના હોવાનુ કહેલ છે તે વ્યકિત ધર્મેશ ઉર્ફે ધમો જયંતિભાઈ મંડલી હોવાનુ જણાવેલ ઓળખી બતાવેલ છે તેમજ મુદામાલ આર્ટીકલ માર્ક–એફ વાળો પાઈપ બતાવતા તે પાઈપ બનાવ સમય દેવા ભરવાડ પાસે હતો તે જ હોવાનુ, આર્ટીકલ માર્ક–આઈ વાળો લાકડાનો ગેડો બતાવતા જે બનાવ સમયે કુંભાર જ્ઞાતિના અજાણ્યા ઈસમ પાસે હતો તે જ હોવાનુ, આર્ટીકલ માર્ક–જે વાળુ ધારીયુ બતાવતા તે બનાવ સમયે અજાણ્યા ઈસમ વશરામભાઈ પાસે હતુ તે જ હોવાનુ ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમા જણાવેલ છે કે, પોલીસે તેઓને બોટાદ કોર્ટમા નિવેદન આપવા સારુ બોલાવેલા, જયાં જજ સાહેબે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલુ,

જે આંક–૬૮ વાળુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન બતાવતા તે જોઈને તેમા તેઓની સહી હોવાનુ જણાવેલ છે. સદર સાહેદની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા તેઓએ કબુલેલ છે કે રમેશભાઈનુ મકાન તે ફળીયા અને ડેલીવાળુ મકાન છે અને તેઓ બધા જે પાઉભાંજી ખાવા બેઠા હતા તે આ મકાનના ફળીયામા બેઠા હતા અને બનાવ વખતે તેઓ સદર જગ્યાએથી પંદર–વીસ ફૂટના અંતર કરતા આઘા ન હતા. તેઓએ નકારેલ છે કે, તેઓ બધા પાઉભાજી ખાતા હતા ત્યારે કોઈ બનાવ બનેલ ન હતો. તેઓએ નકારેલ છે કે, તેઓ રમેશભાઈ અને મેહુલભાઈને રીક્ષામા નાંખીને લઈ ગયેલ હોય તેવુ પણ બનેલ નથી અને બોટાદ અને ભાવનગર દવાખાને તેઓ, રમેશભાઈ, મેહુલભાઈ, રમેશભાઈના બા અને બાપુજી ગયેલ હોય તેવુ કાંઈ બનેલ નથી. તેઓએ નકારેલ છે કે, તેઓએ તેમની સરતપાસમા જે હકીકતો જણાવેલ છે, તે રમેશભાઈ તેઓના મિત્ર થતા હોય તેમના કેસને મદદરુપ થવા, ખોટી જણાવેલ છે. તેઓએ નકારેલ છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા કે સાથે દવાખાને પણ ગયેલ ન હતા અને તેઓએ મામલતદારશ્રી રુબરુ જે વ્યકિતઓને ઓળખી બતાવેલા તે રમેશભાઈના કહયા મુજબ ઓળખી બતાવેલ અને મામલતદાર કચેરીમા ઓળખ પરેડ પહેલા જ તેમને જે તે ઈસમો બતાવવામા આવેલા અને તેથી જ તેઓએ જે તે ઈસમોને ઓળખી બતાવેલા અને આરોપીઓને કોર્ટ રુબરુ પણ ખોટી રીતે ઓળખી બતાવેલ છે. તેઓએ નકારેલ છે કે, તેઓએ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનમા જે હકીકતો જણાવેલી તે પોલીસના અને રમેશભાઈના શીખવાડયા મુજબ જણાવેલી. તેઓએ નકારેલ છે કે, તેઓએ કોર્ટ રુબરુ મુદ્દામાલ હથીયાર ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**૩૬. ફરીયાદપક્ષ ધ્વારા આંક–૭૧ થી સાહેદ અક્ષયભાઈ ઘનશ્યામભાઈ ગોહીલને** સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમા

જણાવેલ છે કે, રમેશભાઈ શીયાળ તેઓના મિત્ર છે, બનાવ આશરે પાંચ વર્ષ પહેલા બનેલો તે વખતે બપોરના ત્રણેક વાગ્યે તેમના ઉપર રમેશભાઈનો ફોન આવેલ અને કહેલ કે પાંઉભાજી ખાવી હોય તો આવ, તે વખતે તેમના મિત્ર મયુરનો પણ ફોન આવેલ હતો, પછી તેઓ ત્રણેય હરીદર્શને ભેગા થયેલા, તેઓ, રમેશભાઈ અને મયુરભાઈ, રમેશભાઈના ઘર તરફ જતા હતા ત્યારે રસ્તામા દેવો ભરવાડ અને બે અજાણ્યા માણસો મળેલા, તે જતા હતા એટલે રમેશભાઈએ, દેવા ભરવાડને ઉભા રાખેલ અને રમેશભાઈએ કહેલ હતુ કે, બે દિવસ પહેલા તેઓએ તેમને દારુનો ફોન કરેલ હતો હવે પછી ફોન કરતા નહી, તે આવો ધંધો કરતો નથી, પછી દેવો ભરવાડ અને બીજા બે અજાણ્યા માણસો ત્યાથી જતા રહેલ, પછી તેઓ રમેશભાઈના ઘર પાસે ગયેલા, ત્યાં રમેશભાઈ તથા તેમનો ભાઈ મેહુલ હાજર હતા, દસ–પંદર મિનીટ પછી દેવો ભરવાડ અને તેની સાથે બે અજાણ્યા માણસો જેમા દેવાભાઈ ભરવાડના હાથમા લોખંડનો પાઈપ હતો અને બીજા અજાણ્યાના હાથમા લોખંડનુ ધારીયુ હતુ અને ત્રીજાના હાથમા લાકડાનો ગેડો હતો તેઓ આવેલા, તેઓ પાઉ ભાજી ખાવાની તૈયારી કરતા હતા ત્યાં દેવાભાઈ ભરવાડે આવીને મેહુલભાઈને પાઈપથી માથામા પાછળના ભાગે મારેલ અને રમેશભાઈને ખભા ઉપર પાઈપ મારેલ અને ધારીયાવાળા ભાઈએ ધારીયાથી મેહુલભાઈને કાનની પાછળની સાઈડ મારેલ, ધારીયા વાળા ભાઈ રમેશને મારવા જતા રમેશભાઈએ જમણો હાથ આડો ધરતા તેમની એક આંગળી અને અંગુઠો કપાઈ ગયેલ હતો અને આ ધારીયાવાળા ભાઈએ બીજો ઘા રમેશભાઈને કાનની પાછળ મારેલો, તેઓ ગભરાઈને પંદરથી વીસ ફુટ દુર જતા રહેલા અને દેકારો કરતા રમેશભાઈના બા અને બાપુજી ઘરની બહાર આવેલા, લાકડાનો ગેડો જે ભાઈના હાથમા હતો તેઓએ ગેડો રમેશભાઈના બા ને ખભા ઉપર મારેલ અને એક ઘા રમેશભાઈને ડાબા પગે મારેલ અને જે ભાઈના હાથમા ધારીયુ હતુ તેણે રમેશભાઈના ડાબા પગે મારેલ, તેઓ આ બધાને બચાવતા

હતા ત્યારે દેવાભાઈ ભરવાડે કીધેલ કે આજે તો તું બચી ગયેલ છો, હવે પછી તેમને કોઈ પણ જગ્યાએ ઉભો રાખશે તો તેને જાનથી મારી નાંખશે, પછી આ ત્રણેય જણા જતા રહેલા, આ વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરેલો, ૧૦૮ ને આવતા વાર લાગતા કોઈ પાડોશીની રીક્ષા આવતા રમેશભાઈ, મેહુલભાઈ અને તેના બા–બાપુજીને રીક્ષામા બેસાડીને સરકારી હોસ્પિટલમા લઈ જતા હતા ત્યારે રસ્તામા એમ્બ્યુલન્સ સામી મળતા આ ત્રણેય રમેશભાઈ, મેહુલભાઈ અને તેમના માતા–પિતાને એમ્બ્યુલન્સમા બેસાડી  સોનાવાલા હોસ્પિટલે લઈ ગયેલા, તેઓ બાઈક લઈને સોનાવાલા હોસ્પિટલ ગયેલ, ત્યાં તેઓ તમામને સારવાર આપેલ અને કહેલ કે ભાવનગર લઈ જાવ, જેથી રમેશભાઈ, મેહુલભાઈ તથા તેમના માતા–પિતાને ૧૦૮ માં ભાવનગર લઈ ગયેલ, જેમા તેઓ તથા તેમના મિત્ર મયુર પણ સાથે ગયેલા, ત્યાં મેહુલભાઈને હોસ્પિટલમા ડોકટરે તપાસી મરણ જાહેર કરેલ અને રમેશભાઈને ત્યાં સારવાર કરાવી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પિટલ લઈ ગયેલા,બે દિવસ પછી પોલીસ સ્ટેશનથી ઉપર ફોન આવતા તેઓ પોલીસ સ્ટેશન ગયેલ, બનાવ બાબત પોલીસને જણાવેલી, પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન લીધેલુ, બનાવના આઠ દિવસ પછી મામલતદાર ઓફીસમાથી તેઓ ઉપર ફોન આવેલ  અને મામલતદાર ઓફીસમા ઓળખ પરેડની કાર્યવાહીમા આવવાનુ છે તેવુ જણાવતા મામલતદાર ઓફીસમા ગયેલ, ઓફીસમા તેઓ, મયુરભાઈ, રમેશભાઈ, રમેશભાઈના માતા–પિતા હાજર હતા, ત્યાં તમામને જુદા જુદા રુમમા રાખેલ હતા અને એક એકને ઓળખ પરેડ માટે બોલાવવામા આવેલા, રુમમા આઠથી દસ જેટલા ઈસમોહાજરહતાઅનેસદરઈસમો પૈકી તેઓએ બે અજાણ્યા ઈસમોને ઓળખી બતાવેલા, સદર ઈસમો પૈકી એકનુ નામ વશરામભાઈ અને બીજાનુ નામ  હાલ યાદ ન હોવાનુ પરંતુ કુંભાર હોવાનુ જાણેલુ,  ઓળખ પરેડ પુરી થયા બાદ તેઓ ત્યાથી જતા રહેલા. તેઓએ  વધુમા જણાવેલ છે કે, પોલીસે

તેઓને બોટાદ કોર્ટમા નિવેદન આપવા સારુ બોલાવેલા, જયાં જજ સાહેબે પુછપરછ કરી સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લીધેલ જે આંક–૭૨ થી રજુ હોવાનુ અને તેમા તેઓની સહી ઓળખી બતાવતા હોવાનુ તેમજ મુદામાલ આર્ટીકલ માર્ક–એફ વાળો પાઈપ બતાવતા તે જોઈને જે બનાવ સમયે દેવા ભરવાડ પાસે હતો તે જ હોવાનુ, આર્ટીકલ માર્ક–આઈ વાળો લાકડાનો ગેડો બતાવતા તે જોઈને જે બનાવ સમયે કુંભાર અજાણ્યા ઈસમ પાસે હતો તે જ હોવાનુ,આર્ટીકલ માર્ક–જે વાળુ ધારીયુ બતાવતા તે જોઈને જે બનાવ સમયે બીજા અજાણ્યા ઈસમ વશરામભાઈ પાસે હતુ તે જ હોવાનુ તેમજ ત્રણેય આરોપીઓને ઓળખી બતાવતા હોવાનુ જણાવેલ છે. સદર સાહેદની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા તેઓએ એવુ જણાવેલ છે કે, રમેશભાઈની સાથે તેઓને દસેક વર્ષથી મિત્રતાના સબંધો છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, મરણ જનાર મેહુલભાઈ સાથે મિત્રતાનો સબંધ તે પહેલાનો હતો અને મિત્રતાને નાતે રમેશભાઈના ઘરે આવવા જવાનુ થતુ હતુ. તેઓએ એવુ જણાવેલ છે કે, રમેશભાઈનુ ઘર તે સોસાયટીમા આવેલ મકાન છે. તેઓએ કબુલેલ છે કે, રમેશભાઈના ઘરની આજુ બાજુ બીજા રહેંણાકી મકાનો આવેલા છે અને તેઓના ઘરની પાસેથી રસ્તો પસાર થાય છે અને આ રસ્તો કાચો રસ્તો છે, પાકો ડામર રોડ નથી. તેઓએ નકારેલ છે કે, રમેશભાઈ દારુનો ધંધો કરતા હતા. તેઓને એ વાતની ખબર નથી કે, આ રમેશભાઈ ઉપર દારૂ લગત કોઈ કેસો થયેલ છે કે કેમ? તેઓએ એવુ જણાવેલ છે કે, રમેશભાઈ બોટાદ જીલ્લામાથી હાલ તડીપાર છે કે કેમ તેની તેમને માહિતી નથી. તેઓએ કબુલેલ છે કે, તેમને આરોપી દેવરાજભાઈ સાથે કોઈ પરીચય નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, અગાઉ ગઢડા–બોટાદ રોડ ઉપરથી તેઓને મોટર સાયકલ ઉપર નિકળતા એક કે બે વખત જોયેલા, તેઓએ આ દેવરાજભાઈને અગાઉ રમેશભાઈ સાથે જોયેલા નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, અગાઉ એટલે બનાવની પહેલા. તેઓએ કબુલેલ

છે કે, તેમને દેવરાજભાઈ સાથે કોઈ વાતચીત થયેલ નહી. તેઓએ એવુ જણાવેલ છે કે, તેઓએ જે પાઉભાજી ખાવા માટે ગયેલ હોવાનુ જણાવેલ છે તે ખાવા માટેની તૈયારી રમેશભાઈના ઘરની બાજુમા ખુલ્લી જગ્યામા કરતા હતા. તેઓએ એવુ જણાવેલ છે કે, બનાવ બનતા ગભરાઈ જતા તેઓ રમેશભાઈના ઘરના ડેલાની સામે પંદરથી વીસ ફુટ દુર બચવા માટે ઉભા રહી ગયેલ, આ જ રીતે મયુરભાઈ પણતેઓ સાથે રમેશભાઈના ઘરના ડેલાની સામે પંદરથી વીસ ફુટ દુર બચવા માટે ઉભા રહી ગયેલા. તેઓએ એવુ જણાવેલ છે કે, મેહુલભાઈ અને રમેશભાઈ ભાનમા હતા, બેભાન થઈ ગયેલા નહી. તેઓએ નકારેલ છે કે, બોટાદ દવાખાને પહોચ્યા ત્યારે મેહુલભાઈ બેભાન હતા. તેઓએ એવુ જણાવેલ છે કે, મેહુલઈભાઈને બોટાદ દવાખાનામા પ્રાથમીક સારવાર આપવામા આવેલી, કોઈ ટાંકા લેવામા આવેલ નહી, ભાવનગર ડોકટરશ્રીએ મેહુલભાઈને મરણ જાહેર કરતા તેઓ ત્યાંથી નિકળી ગયેલ. તેઓએ નકારેલ છે કે, અજાણ્યા ઈસમોની ઘરપકડ કરવામા આવ્યા બાદ આ ઈસમો તેમને પોલીસ સ્ટેશનમા બતાવવામા આવેલા અને કોર્ટમા શુ કહેવાનુ છે તેવુ પોલીસે તેમને સમજાવેલુ અને તે મુજબ કોર્ટમા અગાઉ હકીકતો જણાવેલી. તેઓએ નકારેલ છે કે, તેઓએ તેમની સરતપાસમા જે હકીકતો જણાવેલ છે, તે રમેશભાઈ તેમના મિત્ર થતા હોય તેમના કેસને મદદરુપ થવા, ખોટી જણાવેલ છે. તેઓએ નકારેલ છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા કે સાથે દવાખાને પણ ગયેલ ન હતા અને તેઓએ મામલતદારશ્રી રુબરુ જે વ્યકિતઓને ઓળખી બતાવેલા તે રમેશભાઈના કહયા મુજબ ઓળખી બતાવેલ અને મામલતદાર કચેરીમા ઓળખ પરેડ પહેલા જ તેમને જે તે ઈસમો બતાવવામા આવેલા અને તેથી જ તેઓએ જે તે ઈસમોને ઓળખી બતાવેલા અને આરોપીઓને કોર્ટ રુબરુ પણ ખોટી રીતે ઓળખી બતાવેલ છે અને તેઓએ પોલીસ રુબરુ કોઈ નિવેદન આપેલ નથી. તેઓએ નકારેલ છે કે, તેઓએ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનમા

જે હકીકતો જણાવેલી તે પોલીસના અને રમેશભાઈના શીખવાડયા મુજબ જણાવેલી અને તેઓએ કોર્ટ રુબરુ આરોપીઓ તથા મુદ્દામાલ હથીયાર ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**૩૬.૧.** ઉપરોકત બનાવના મહત્વના સાહેદો કે જેઓને ફરીયાદપક્ષ ધ્વારા બનાવ નજરે જોનાર સાહેદ તરીકે દર્શાવવામા આવેલ છે, તેઓના ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, તેઓએ બનાવ પહેલા બપોરના ત્રણેક વાગ્યે રમેશભાઈનો ફોન આવતા તેઓ ત્રણેય બોટાદ મુકામે ગઢડા રોડ ઉપર આવેલ હરીદર્શન પાસે પાઉ ભાજી ખાવા માટે ગયેલ હોવાનુ અને પાઉ ભાજી લઈ રમેશભાઈના ઘરે જતા હતા ત્યારે દેવાભાઈ ભરવાડ અને બીજા બે અજાણ્યા માણસો સામે મળેલ, રમેશભાઈએ દેવાભાઈ ભરવાડને ઉભા રાખી બે દિવસ પહેલા દારુ બાબતે કેમ ફોન કરેલો હવે ફોન કરવો નહી તેઓ આવો ધંધો કરતા નથી તેમ કહેતા દેવાભાઈએ રમેશભાઈને કહેલ કે તુ ઘરે પહોંચ હું આવુ છું બાદ તેઓ રમેશભાઈના ઘરે પાઉ ભાજી ખાવા બેઠેલ હતા, મેહુલભાઈ હાજર હતા અને દસ પંદર મિનીટ પછી દેવાભાઈ અને તેની સાથે બે અજાણ્યા માણસો આવેલ, દેવાભાઈના હાથમા લોખંડનો પાઈપ હતો અજાણ્યાના હાથમા ધારીયુ અને લાકડાનો ગેડો હતો, દેવાભાઈ ભરવાડે આવીને મેહુલભાઈને પાઈપથી માથામા પાછળના ભાગે મારેલ અને રમેશભાઈને ખભા ઉપર પાઈપ મારેલ, ધારીયા વાળા ધારીયાથી મેહુલભાઈને કાનની પાછળની સાઈડ મારેલ, ધારીયા વાળા ભાઈ રમેશને મારવા જતા રમેશભાઈએ જમણો હાથ આડો ધરતા તેમની એક આંગળી અને અંગુઠો કપાઈ ગયેલ, બીજો ઘા રમેશભાઈને કાનની પાછળ મારેલ અને તેઓ બધા ગભરરાઈને પંદરથી વીસ ફુટ દુર જતા રહેલા અને દેકારો કરતા રમેશભાઈના બા અને બાપુજી ઘરની બહાર આવેલા, લાકડાનો ગેઠો જે ભાઈના હાથમા હતો તેઓએ રમેશભાઈના

બા ને ખભા ઉપર મારેલ અને એક ઘા રમેશભાઈને ડાબા પગે મારેલ અને જે ભાઈના હાથમા ધારીયુ હતુ તેણે રમેશભાઈના ડાબા પગે મારેલ, આ વખતે તેઓ બધાને બચાવતા હતા ત્યારે દેવાભાઈ ભરવાડે કહેલ કે આજે તો તુ બચી ગયેલ છો, હવે પછી તેમને કોઈપણ જગ્યાએ ઉભા રાખશે તો જાનથી મારી નાંખશે પછી ત્રણેય જણાં જતા રહેલા વાળી જે હકીકત જણાવેલ છે ત્યારે જે તે જગ્યાએ મરણ જનાર મેહુલભાઈ, ફરીયાદી રમેશભાઈ તથા સદર બંને સાહેદો હાજર હોવાનુ અને આરોપી દેવરાજભાઈએ લોખંડના પાઈપનો એક ઘા મેહુલભાઈને માથામાં મારેલ હોવાનુ તેમજ ધારીયા વાળા ભાઈએ ધારીયાથી મેહુલભાઈને કાનની પાછળની સાઈડ મારેલ હોવાનુ, બનાવમાં રમેશભાઈની એક આંગળી અને અંગુઠો કપાઈ ગયેલ હોવાનુ, ધારીયા વાળા ભાઈએ રમેશભાઈને કાનની પાછળ તથા ડાબા પગે મારેલ હોવાનુ, ગેડો જે ભાઈના હાથમાં હતો તેઓએ રમેશભાઈના બા ને ખભા ઉપર અને રમેશભાઈને ડાબા પગે મારેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ છે ત્યારે બનાવ સમયે અને બનાવવાળા સ્થળે આરોપીઓની હાજરી જે તે જગ્યાએ જે તે હથીયારો સાથે હોવાનુ કહેલ છે ત્યારે ફરીયાદી જણાવે છે તે મુજબના આરોપીઓ જે તે જગ્યાએ લોખંડની પાઈપ,ધારીયુ,લાકડાના ગેડા જેવા હથીયારો સાથે બનાવવાળા સ્થળે આવેલ હોવાની હકીકતને પીઠબળ પ્રાપ્ત થતુ હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે ત્યારે ફરીયાદી તથા સાહેદોના પુરાવામા સામ્યતા હોવાનુ જણાઈ આવે છે.

સાહેદોએ, તેમના પુરાવામા મરણ જનાર તથા ફરીયાદીને આરોપીઓએ ઈજા પહોંચાડતા સારવાર માટે તેઓ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમા લઈ ગયેલા ત્યાં મેહુલભાઈને ડોકટરે તપાસી મરણ જાહેર કરેલ અને રમેશભાઈને ત્યાં સારવાર આપી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પિટલ લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે અને ફરીયાદીએ પણ આ પ્રકારની જ હકીકતો જણાવેલ છે, ત્યારે અત્રેના સાહેદો તથા ફરીયાદીના પુરાવામા સદર હકીકત બાબતે સામ્યતા હોવાનુ ફલીત થાય છે અને

તેથી તેઓનો પુરાવો તે રીતે વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાઈ આવે છે. ખરેખર સાહેદો જણાવે છે તે મુજબ તેઓ જે તે બનાવવાળી જગ્યાએ હાજર ન હોત અને તેઓ મરણ જનાર મેહુલભાઈ તથા ફરીયાદી રમેશભાઈને આરોપીઓએ મારતા જોયેલ ન હોત અને બંનેને ઈજા પામેલ હાલતમા જોયેલ ન હોત તો સાહેદોએ આવી હકીકત જણાવેલ ન હોત અને સાહેદોએ જણાવેલ હકીકત ફરીયાદીના પુરાવા સાથે બંધ બેસતી ન હોત, તે સંજોગોમા સદર બંને સાહેદોએ બનાવ નજરે જોયેલ હોવાનુ માની શકાય તેમ છે.

સાહેદોએ, પોતાના પુરાવામાં પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન લીધેલ હોવાનુ તેમજ બોટાદ કોર્ટમા નિવેદન આપવા ગયેલ હોવાનુ નિવેદનમા તેઓએ જે તે હકીકત જણાવેલ હોવાનુ કહેલ છે તેમજ આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે તેમજ ઓળખ પરેડ કરનાર સાહેદના પુરાવામાથી પણ ઓળખ પરેડ દરમ્યાન ફરીયાદી તથા સાહેદ હંસાબેન, સાહેદ મયુરભાઈ તથા સાહેદ અક્ષયભાઈ તમામે આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈને ઓળખી બતાવેલ હોવાનુ જણાવેલ છે ત્યારે આ સાહેદોના પુરાવાથી પણ બનાવ સમયે બે અજાણ્યા માણસોનો ફરીયાદમા જે ઉલ્લેખ થયેલ છે તે આરોપી વશરામભાઈ અને આરોપી ધર્મેશભાઈ જ હોવાનુ ફલીત થાય છે, ત્યારે આરોપી વશરામભાઈ અને ધર્મેશભાઈએ તેમના વિશેષ નિવેદનમાં દેવરાજભાઈ ભરવાડના કહેવાથી તેઓ પોલીસ સ્ટેશને ગયેલ અને પોલીસે તેઓને ખોટી રીતે આરોપી બનાવી દીધેલ હોવાનો લીધેલ બચાવ માની શકાય તેમ નથી. ફરીયાદીના પુરાવામાથી થોડી ઘણી વિસંગત હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ તેના કારણે ફરીયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતુ હોવાનુ જણાઈ આવતુ નથી, ત્યારે પણ આરોપીઓની જે તે જગ્યાએ હાજરી હોવાનુ અને સાહેદોએ બનાવ બનતા નજરે જોયેલ હોવાની તેઓએ જે હકીકતો જણાવેલ છે તે મુજબનો બનાવ જે તે જગ્યાએ બનેલ હોવાનુ અને જે તે આરોપીઓ જે તે હથીયાર સાથે સદર

જગ્યાએ હાજર હોવાનુ ફલીત થાય છે.

સાહેદની બચાવપક્ષનાઓ ધ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસની હકીકત જોવામા આવે તો તેઓ ઈજા પામનાર સાથે દવાખાને ગયેલ ન હોવાની, રમેશભાઈ તેઓના મિત્ર થતા હોય તેમના કેસને મદદરુપ થવા ખોટી હકીકત જણાવતા હોવાની, બનાવવાળી જગ્યાને તેઓ હાજર ન હોવાની મામલતદારશ્રી રુબરુ જે વ્યકિતઓને ઓળખી બતાવેલ તે રમેશભાઈના કહયા મુજબ ઓળખી બતાવેલ હોવાની, મામલતદાર કચેરીમા ઓળખ પરેડ પહેલા જ તેમને જે તે ઈસમો બતાવવામાં આવેલ અને તેથી તેઓએ જે તે ઈસમોને ઓળખી બતાવેલ હોવાની, સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનમા જે હકીકતો જણાવેલ તે પોલીસના અને રમેશભાઈના શીખવાડયા મુજબ જણાવેલ હોવાની, તેઓએ કોર્ટ રુબરુ મુદામાલ હથીયાર ખોટી રીતે ઓળખી બતાવેલ હોવાની હકીકતોની ઈન્કારીયત કરેલ છે ત્યારે બચાવપક્ષનાઓ જે બચાવ લઈને આવેલ છે તે પુરવાર કરવાનો બોજો તેઓ ઉપર હોય અને બચાવપક્ષ સદર બચાવ અન્વયે જે સાહેદને તપાસવામાં આવેલ છે તેમના પુરાવામાથી બચાવપક્ષને કોઈ સમર્થન મળતુ ન હોય, તે સંજોગોમા સદર સાહેદો ફરીયાદી તથા મરણ જનારના મિત્રો છે અને રસ ધરાવતા ઈસમો છે અને તેઓને ખોટા સાક્ષી તરીકે ઉભા કરવામાં આવેલ છે તેવુ રેકર્ડ ઉપર લઈ આવી, પુરવાર કરી શકેલ ન હોય, ત્યારે સદર બચાવમા કોઈ વજુદ ન હોવાનુ જણાઈ આવે છે. આમ સદર સાહેદોનો પુરાવો પણ વિશ્વાસપાત્ર અને માનવા લાયક હોવાનુ જણાતુ હોય, સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ હોવાનુ ફલીત થાય છે.

**૩૭.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૬૫ થી બનાવ નજરે જોનાર અને બનાવમાં કહેવાતા ઈજા પામનાર સાહેદ હંસાબેન રસીકભાઈ શીયાળને સોગંદ ઉપર

તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, મેહુલ તેમનો દિકરો થાય છે, બનાવ તા. ૨૩/૦૯/૨૦૧૯ ના રોજ બપોરના ચાર વાગ્યાની આજુબાજુ બનેલો, બનાવ વખતે તેઓ તથા તેમના પતિ ઘરે હાજર હતા, ઘરની બહાર દેકારો થતા બંને બહાર નિકળેલા અને જોયુ તો દિકરો મેહુલ તથા રમેશ બંને લોહી લુહાણ હાલતમા હતા અને આ સમયે દિકરા રમેશના મિત્રો અક્ષયભાઈ તથા મયુરભાઈ પણ ત્યાં હાજર હતા, બનાવ સમયે પકાશેઠની વાડીમા રહેતા દેવો ભરવાડ અને તેની સાથે આવેલ બે અજાણ્યો માણસો ત્યાં હતા, દેવા ભરવાડના હાથમા લોખંડનો પાઈપ હતો અને એક અજાણ્યા માણસ પાસે લોખંડનુ ધારીયુ તથા બીજા અજાણ્યા માણસ પાસે લાકડાનો ગેડો હતો, ત્રણેય લોકો તેઓના બંને દિકરાઓને માર મારતા હતા, જેથી તેઓ વચ્ચે પડતા જે ઈસમ પાસે લાકડાનો ગેડો હતો તેણે તેમના ડાબા હાથના ખંભાના ભાગે ગેડા વતી ઘા કરેલ અને બીજો ઘા તેઓના દિકરા રમેશને ડાબા પગે નળા ઉપર મારેલ, જે ઈસમ પાસે ધારીયુ હતુ તેણે તેઓના દિકરા રમેશને જમણા પગના નળા પર મારેલ, આ લોકો જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા અને માર મારતા હતા, તેઓના પતિ તથા અક્ષયભાઈ અને મયુરભાઈએ વચ્ચે પડી તેઓના દિકરાને બચાવેલા, આ દેવો ભરવાડ કહેતો ગયેલ કે આજ તો તુ બચી ગયો છું પણ હવે મને રસ્તામા ઉભો રાખીશ તો જાનથી મારી નાંખીશ, આવી ધમકી આપી આ ત્રણેય જણા ભાગી ગયેલા, બનાવ સમયે ઘણાં માણસો ભેગા થતા કોઈએ ૧૦૮ ને ફોન કરેલ, ૧૦૮ ને આવતા વાર લાગતા તેઓ તથા તેમના પતિએ દિકરા મેહુલ તથા રમેશને પાડોશીની રીક્ષામા બેસાડી દવાખાને લઈ જતા હતા દરમ્યાન રસ્તામા ૧૦૮ સામી મળતા ૧૦૮ માં બંને દિકરાને ૧૦૮ માં બેસાડી સોનાવાલા હોસ્પિટલમા લઈ ગયેલ જ્યાં તેઓના બંને દિકરાઓને પ્રાથમીક સારવાર આપી ભાવનગર રીફર કરેલા, ભાવનગર તેઓ એમ્બ્યુલન્સમા સાથે ગયેલા, એમ્બ્યુલન્સમા તેઓ તથા દિકરો મેહુલ, રમેશ તથા તેઓના પતિ અને અક્ષયભાઈ તથા મયુરભાઈ હતા,

એમ્બ્યુલન્સમા બનાવ બાબતે તેઓએ દિકરા રમેશને પુછતા તેણે જણાવેલ કે, બનાવના દિવસે તેઓ તથા મિત્રો ત્રણેય જણા હાલ્યા આવતા હતા ત્યારે પકા શેઠની વાડીમા રહેતો દેવો ભરવાડ અને તેની સાથેના બે અજાણ્યા માણસો ત્યાંથી નિકળેલ અને તેણે કહેલ કે તે બે દિવસ પહેલા તેઓના ફોન ઉપર ફોન કરેલો અને દારુ માંગેલો, જેથી તેણે કીધેલુ કે આવો ફોન મને કરતો નહી, તેઓ દારુનો ધંધો કરતા નથી, જેથી આ દેવો ભરવાડ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેલ કે ''તુ ઘરે પહોંચ હું આવુ છું '', પછી પંદર મિનીટ બાદ મેહુલ, તેઓ તથા અક્ષયભાઈ અને મયુરભાઈ ઉભા હતા ત્યારે દેવો ભરવાડ તેના હાથમા લોખંડનો પાઈપ હતો તેણે મેહુલને માથામા પાછળના ભાગે ઘા કરેલ, જેથી મેહુલ પડી ગયેલ, તેમને દેવા ભરવાડે ડાબા હાથે પાઈપ મારેલો, એક અજાણ્યા માણસ પાસે ધારીયુ હતુ તેણે મેહુલને ડાબા કાન ઉપર માથાના ભાગે ઘા કરેલ અને આ ધારીયા વડે તેમને માથામા ઘા કરવા જતા તેઓએ જમણો હાથ આડો રાખતા જમણા હાથનો અંગુઠો તથા અંગુઠા પાસેની આંગળી કપાઈ ગયેલ, તેઓ ભાવનગર સર ટી.હોસ્પિટલે પહોંચેલ ફરજ પરના ડોકટરશ્રીએ દિકરા મેહુલને તપાસીને મૃત જાહેર કરેલ અને લાશને પી.એમ. રુમમા રખાવેલ, દિકરા રમેશને સારવાર આપી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પિટલ ભાવનગર ખાતે દાખલ કરેલ, તેઓએ પણ સર ટી. હોસ્પિટલ અને બોટાદ દવાખાને સારવાર કરાવેલ, પોલીસે બનાવ બાબતે તેઓની પુછપરછ કરેલી. તેઓએ વધુમા જણાવેલ છે કે, બોટાદ મામલતદાર કચેરીમા તેઓને અજાણ્યા ઈસમોની ઓળખ પરેડ કરાવવાની હોય તે બાબતે બોલાવતા તેઓ ત્યાં ગયેલા અને જુદી જુદી રુમમાં બેઠેલા. તેઓનો નંબર આવતા મામલતદારશ્રીની ઓફીસમા ગયેલ, ઓફીસમા ઘણા માણસો હાજર હતા જેમાંથી બનાવ સબબના અજાણ્યા ઈસમોને ઓળખવાનુ કહેતા તેઓએ વશરામભાઈ તથા બીજા ઈસમ મંડલી તરીકે ઓળખાતી વ્યકિતને ઓળખી  બતાવેલ, તેઓને બોટાદ

કોર્ટમા નિવેદન સારુ બોલાવેલા, જયાં જજ સાહેબે તેઓની પુછપરછ સી.આર. પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લીધેલ, જે આંક–૬૬ થી રજુ હોવાનુ અને તેમા તેઓની સહી હોવાનુ જણાવેલ છે.વધુમા તેઓએ આરોપીઓને નામજોગ ઓળખી બતાવતા હોવાનુ તેમજ મુદ્દામાલ આર્ટીકલ માર્ક–એફ વાળો પાઈપ બતાવતા તે પાઈપ બનાવ સમયે દેવા ભરવાડ પાસે હોવાનુ,આર્ટીકલ માર્ક–આઈ વાળો લાકડાનો ગેડો બતાવતા જે બનાવ સમયે અજાણ્યા ઈસમ ધર્મેશ મંડલી પાસે હોવાનુ, આર્ટીકલ માર્ક–જે વાળુ ધારીયુ બતાવતા જે ધારીયુ બનાવ સમયે અજાણ્યા ઈસમ વશરમભાઈ પાસે હોવાનુ ઓળખી બતાવેલ છે. સાહેદની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામા આવેલ છે, જેમા તેઓએ કબુલેલ છે કે, તેઓએ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનમા 'એમ્બ્યુલન્સમા અક્ષયભાઈ તથા મયુરભાઈ સાથે હતા' તેવુ લખાવેલ નથી તેમજ અજાણ્યા ઈસમ મંડલી હોવાની કોઈ હકીકત લખાવેલ નથી તેમજ નિવેદનમા એવી હકીકત જણાવેલ નથી કે,'એમ્બ્યુલન્સમા બનાવ બાબતે તેઓએ તેમના દિકરા રમેશને પુછતા તેણે જણાવેલ કે, બનાવના દિવસે તેઓ તથા તેમના મિત્રો ત્રણેય જણા હાલ્યા આવતા હતા ત્યારે પકા શેઠની વાડીમા રહેતો દેવો ભરવાડ અને તેની સાથેના બે અજાણ્યા માણસો ત્યાંથી નિકળેલ અને તેણે કહેલ કે તે બે દિવસ પહેલા તેમના ફોન ઉપર ફોન કરેલો અને દારુ માંગેલો, જેથી તેણે કીધેલુ કે આવો ફોન તેમને કરતો નહિ, તેઓ દારુનો ધંધો કરતા નથી, જેથી આ દેવો ભરવાડ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેલ કે તુ ઘરે પહોંચ હુ આવુ છુ, પછી પંદર મિનીટ બાદ મેહુલ, તેઓ તથા અક્ષયભાઈ અને મયુરભાઈ ઉભા હતા ત્યારે આ પકાશેઠની વાડીમા રહેતો દેવો ભરવાડ તેના હાથમા લોખંડનો પાઈપ હતો તેણે મેહુલને માથામા પાછળના ભાગે ઘા કરેલ, જેથી મેહુલ પડી ગયેલ પછી તેમને દેવા ભરવાડે ડાબા હાથે પાઈપ મારેલો, એક અજાણ્યા માણસ પાસે ધારીયુ

હતુ તેણે મેહુલને ડાબા કાન ઉપર માથાના ભાગે ઘા કરેલ અને આ ધારીયા વડે તેમને માથામા ઘા કરવા જતા જમણો હાથ આડો રાખતા તેમના જમણા હાથનો અંગુઠો તથા અંગુઠા પાસેની આંગળી કપાઈ ગયેલ'. તેઓએ નકારેલ છે કે, ઓળખ પરેડ પહેલા જ પોલીસે તેઓને બે અજાણ્યા ઈસમોના નામ તથા તેઓની ઓળખ આપેલી અને પોલીસે ભાવનગર દવાખાને ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ. તેઓએ નકારેલ છે કે, પોલીસે નેમને કોર્ટમા શુ કહેવાનુ છે તેવી સમજણ જે તે વખતે આપેલી અને તેમના દિકરાએ પણ તેમને કોર્ટમા શુ કહેવાનુ છે તેવી જે તે વખતે સમજણ આપેલી. તેઓએ નકારેલ છે કે, તેમને કોઈ ઈજા થયેલ ન હતી અને તેઓએ કોઈ સારવાર મેળવેલ ન હતી. તેઓએ નકારેલ છે કે, તેઓએ કોઈ બનાવ નજરે જોયેલ નથી. તેઓએ કબુલેલ છે કે, તેઓએ દવાખાનામા કોઈ સારવાર લીધેલ હોવાના દસ્તાવેજો પોલીસને આપેલ નહી. તેઓએ નકારેલ છે કે, તેઓએ કોઈપણ આરોપી ઈસમોને જોયેલ ન હોવા છતાં ખોટી રીતે ઓળખી બતાવેલ છે. તેઓએ નકારેલ છે કે, આરોપી ઈસમોને પોલીસે તેઓને અગાઉથી બતાવી દિધેલ હોય તેઓએ તેઓને મામલતદાર કચેરીમા ખોટી રીતે ઓળખી બતાવેલ છે. તેઓએ નકારેલ છે કે, આરોપી ઈસમોના નામ પોલીસે તેઓને અગાઉથી જ જણાવી દિધેલ અને મુદ્દામાલ હથીયારો જોયેલ ન હોવા છતાં ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**૩૭.૧**. ઉપરોકત બનાવના મહત્વના સાહેદ કે જેઓને ફરીયાદપક્ષ ધ્વારા બનાવ નજરે જોનાર અને ઈજા પામનાર સાહેદ તરીકે દર્શાવવામા આવેલ છે, તેઓના ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, બનાવ વખતે તેઓ તથા તેમના પતિ ઘરે હાજર હતા અને ઘરની બહાર દેકારો થતા તેઓ બંને બહાર નિકળેલ તે વખતે તેમના દિકરા રમેશ અને મેહુલ લોહી લુહાણ હાલતમા હોવાનુ અને રમેશના મિત્રો અક્ષયભાઈ અને મયુરભાઈ ત્યાં હાજર હોવાનુ, દેવાભાઈ ભરવાડ તથા બે

અજાણ્યા માસણો ત્યાં હોવાનુ, દેવાભાઈના હાથમાં લોખંડનો પાઈપ તથા એક અજાણ્યા પાસે લોખંડનુ ધારીયુ તથા બીજા અજાણ્યા માણસ પાસે લાકડાનો ગેડો હોવાનુ, ત્રણેય જણાં તેમના બંને દિકરાઓને માર મારતા હોવાનુ, તેઓ વચ્ચે પડતા તેમને લાકડાનો ગેડો ડાબા હાથના ખભાના ભાગે મારેલ હોવાનુ જણાવેલ છે. આમ આ સાહેદના પુરાવાથી આરોપીઓ ફરીયાદી રમેશભાઈ તથા મરણ જનાર મેહુલભાઈને મારતા હોય અને સાહેદે જોયેલ હોય તેવુ ફલીત થતુ નથી, પરંતુ બનાવ બની ગયા બાદ સાહેદે તેઓના બંને દિકરાને લોહી લુહાણ હાલતમા જોયેલ હોવાનુ અને તે સમયે આરોપીઓ હાજર હોવાની હકીકત માની શકાય તેમ છે. વધુમા સાહેદના પુરાવા મુજબ બનાવમાં તેઓને એક અજાણ્યા ઈસમે લાકડાના ગેડાનો ઘા ડાબા હાથના ખંભાના ભાગે મારેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ કયા આરોપીએ લાકડાનો ગેડો મારેલ તેવુ સ્પષ્ટ જણાવતા નથી તેમજ સાહેદે તેમને થયેલ ઈજા અંગેની કોઈ સારવાર લીધેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી ત્યારે સાહેદને બનાવમા ઈજા થયેલ હોવાનુ શંકાસ્પદ જણાઈ આવે છે, પરંતુ સાહેદના પુરાવાથી બનાવ સમયે અને બનાવવાળા સ્થળે આરોપીઓની હાજરી જે તે જગ્યાએ જે તે હથીયારો સાથે હોવાનુ કહેલ છે ત્યારે ફરીયાદી જણાવે છે તે મુજબના આરોપીઓ જે તે જગ્યાએ લોખંડની પાઈપ, ધારીયુ, લાકડાના ગેડા જેવા હથીયારો સાથે બનાવવાળા સ્થળે આવેલ હોવાની હકીકતને પીઠબળ પ્રાપ્ત થતુ હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે ત્યારે ફરીયાદી તથા સાહેદના પુરાવામા સામ્યતા હોવાનુ જણાઈ આવે છે.

સાહેદે, તેઓના પુરાવામા મેહુલભાઈ તથા ફરીયાદી રમેશભાઈને આરોપીઓએ ઈજા પહોંચાડતા સારવાર માટે તેઓ તથા તેમના પતિ રીક્ષામા લઈ જતા હતા દરમ્યાન ૧૦૮ એમ્બ્યુલન્સ સામી મળતા તેમના બંને દિકરાને બેસાડી તેઓ રીક્ષામા સોનાવાલા હોસિપટલ ગયેલ, ત્યાં બંને દિકરાઓને પ્રાથમીક સારવાર

આપી ભાવનગર રીફર કરતા, એમ્બ્યુલન્સમા તેઓ તથા મેહુલ, રમેશ તેમના પતિ, અક્ષયભાઈ તથા મયુરભાઈ હોવાનુ અને એમ્બ્યુલસમા તેઓના દિકરા રમેશે બનાવ બાબતે તેઓને જણાવેલ હોવાનુ અને ભાવનગર સર ટી.હોસ્પિટલમા મેહુલભાઈને ડોકટરે તપાસી મરણ જાહેર કરેલ અને રમેશભાઈને ત્યાં સારવાર આપી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પિટલ લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે અને ફરીયાદીએ પણ આ પ્રકારની જ હકીકતો જણાવેલ છે, ત્યારે અત્રેના સાહેદ તથા ફરીયાદીના પુરાવામા સદર હકીકત બાબતે સામ્યતા હોવાનુ ફલીત થાય છે અને તેથી તેઓનો પુરાવો તે રીતે વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાઈ આવે છે. ખરેખર સાહેદ જણાવે છે તે મુજબ તેઓએ જે તે બનાવવાળી જગ્યાએ આરોપીઓએ મેહુલભાઈ તથા રમેશભાઈને મારતા જોયેલ નથી, પરંતુ બનાવવાળી જગ્યાએ આરોપીઓ હથીયારો સાથે હાજર હોવાનુ અને મેહુલભાઈ તથા રમેશભાઈને લોહી લુહાણ હાલતમા જોયેલ હોવાનુ કહેલ છે ત્યારે સદર સાહેદની બનાવવાળા સ્થળે બનાવ બની ગયા બાદની હાજરી હોવાનુ માની શકાય તેમ છે.

સાહેદે, પોતાના પુરાવામાં પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન લીધેલ હોવાનુ તેમજ બોટાદ કોર્ટમા નિવેદન આપવા ગયેલ હોવાનુ નિવેદનમા તેઓએ જે તે હકીકત જણાવેલ હોવાનુ કહેલ છે તેમજ આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે તેમજ ઓળખ પરેડ કરનાર સાહેદના પુરાવામાથી પણ ઓળખ પરેડ દરમ્યાન ફરીયાદી તથા સાહેદ મયુરભાઈ, સાહેદ અક્ષયભાઈ તમામે આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈને ઓળખી બતાવેલ હોવાનુ જણાવેલ છે ત્યારે આ સાહેદના પુરાવાથી પણ બનાવ સમયે બે અજાણ્યા માણસોનો ફરીયાદમા જે ઉલ્લેખ થયેલ છે તે આરોપી વશરામભાઈ અને આરોપી ધર્મેશભાઈ જ હોવાનુ ફલીત થાય છે, ત્યારે આરોપી વશરામભાઈ અને ધર્મેશભાઈએ તેમના વિશેષ નિવેદનમાં દેવરાજભાઈ ભરવાડના કહેવાથી તેઓ પોલીસ સ્ટેશને ગયેલ અને પોલીસે તેઓને ખોટી રીતે આરોપી

બનાવી દીધેલ હોવાનો લીધેલ બચાવ માની શકાય તેમ નથી. સાહેદના પુરાવામાથી થોડી ઘણી વિસંગત હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ તેના કારણે ફરીયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતુ હોવાનુ જણાઈ આવતુ નથી, ત્યારે પણ આરોપીઓની જે તે જગ્યાએ હાજરી હોવાની તેઓએ જે હકીકત જણાવેલ છે તે મુજબનો બનાવ જે તે જગ્યાએ બનેલ હોવાનુ અને જે તે આરોપીઓ જે તે હથીયાર સાથે સદર જગ્યાએ હાજર હોવાનુ ફલીત થાય છે.

સાહેદની બચાવપક્ષનાઓ ધ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસની હકીકત જોવામા આવે તો ઓળખ પરેડ પહલા જ પોલીસે તેઓને બે અજાણ્યા ઈસમોના નામ તથા તથા તેઓની ઓળખ આપેલ હોવાની, પોલીસે તેમને કોર્ટમા શુ કહેવાનુ છે તેવી સમજણ જે તે વખતે આપેલ હોવાની, તેઓના દિકરાએ પણ તેમને કોર્ટમા શુ કહેવાનુ છે તેવી જે તે વખતે સમજણ આપેલ હોવાની, તેઓએ કોઈ બનાવ નજરે જોયેલ ન હોવાની, તેમના દિકરા રમેશે તેમને કોઈ બનાવ હકીકત જણાવેલ ન હોવાની, તેઓના દિકરા રમેશ સાથે એમ્બ્યુલન્સમા કોઈ વાતચીત થયેલ ન હોવાની, તેઓએ કોઈ પણ આરોપી ઈસમોને જોયેલ ન હોવા છતાં ખોટી રીતે ઓળખી બતાવેલ હોવાની, આરોપી ઈસમોને પોલીસે તેઓને અગાઉથી બતાવી દીધેલ હોય તેઓને મામલતદાર કચેરીમા ખોટી રીતે ઓળખી બતાવેલ હોવાની તેમજ મુદામાલ હથીયારો જોયેલ ન હોવા છતાં ખોટી રીતે ઓળખી બતાવેલ હોવાની હકીકતોની ઈન્કારીયત કરેલ છે ત્યારે બચાવપક્ષનાઓ જે બચાવ લઈને આવેલ છે તે પુરવાર કરવાનો બોજો તેઓ ઉપર હોય અને બચાવપક્ષનાઓએ સદર બચાવ અન્વયે જે સાહેદને તપાસવામાં આવેલ છે તેમના પુરાવામાથી બચાવપક્ષને કોઈ સમર્થન મળતુ ન હોય, તે સંજોગોમા સદર સાહેદ, ફરીયાદી તથા મરણ જનારના માતા થાય છે અને રસ ધરાવતા ઈસમ છે અને તેઓને ખોટા સાક્ષી તરીકે ઉભા કરવામાં આવેલ છે તેવુ

રેકર્ડ ઉપર લઈ આવી, પુરવાર કરી શકેલ ન હોય, ત્યારે સદર બચાવમા કોઈ વજુદ ન હોવાનુ જણાઈ આવે છે. આમ સદર સાહેદનો પુરાવો પણ વિશ્વાસપાત્ર અને માનવા લાયક હોવાનુ જણાતુ હોય,સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ હોવાનુ ફલીત થાય છે.

**૩૮.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૫૭ થી સાહેદ ડો.કવિતાબેન બાબુલાલ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ સાંજના ૫/૧૦ કલાકે ફરજ પર હાજર હતા ત્યારે ૧૦૮ માં રસીકભાઈ ગોહિલ તેમના પુત્ર મેહુલભાઈ રસીકભાઈ ગોહિલને ગંભીર હાલતમા જનરલ હોસ્પિટલ બોટાદ ખાતે લાવેલ, તેઓને બનાવ બાબતે પુછતા 'તા.૨૩/૦૮/૨૦૧૯ ના સાંજના સાડા ચાર કલાકે રાધેશ્યામ સોસાયટી બોટાદ ખાતે ત્રણ અજાણ્યા ભરવાડે ધારીયા અને લાકડી વડે મેહુલભાઈને માથાના ભાગે, ડાબા હાથે, પાછળની પીઠના ડાબી સાઈડે ઉપરના ભાગે તેમજ ડાબા સાથળ(જાંઘ) પર ઈજા કરેલ હોવાનુ ' જણાવેલ, જેથી તેઓએ દર્દીને તપાસતા તેઓ બેભાન અવસ્થામા હતા, દર્દને રીસ્પોન્સ કરતા ન હતા, આંખની કીકી પહોળી અને લાઈટને ઓછી રીએકટ કરતી હતી, શ્વાસો– શ્વાસની પ્રક્રિયા અતિ મંદ હતી, રૂધિરાભીસરણ તંત્રમા હ્રદયના ધબકારા અતિ મંદ હતા, દર્દીને જે ઈજાઓ જણાયેલી તે પૈકી ઈજા નં.૧, કપાયેલો છુંદાયેલા ઘા ૪ સે.મી × ૦.૫ સે.મી × હાડકા સુધીનો ઉંડો ડાબા કાનની ઉપર, ડાબા ટેમ્પોરલ રીજીયનમા આવેલ હતો, ઈજા નં.૨, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૦.૫ સુધી × હાડકા સુધીનો ઉંડો ડાબા કાનના પાછળના હાડકાની પાછળ (મેસ્ટ્રોઈડ પ્રોસેસ), ઈજા નં.૩, ઘસરકો ૨ સે.મી × ૨ સે.મી ઓકસીપીટલ રીજીયનમા હતો, ઈજા નં.૪, કપાયેલો છુંદાયેલો ઘા ૫ સે.મી × ૦.૫ સે.મી × હાડકા સુધીનો ઉંડો સજાઈટલ સ્યુચરના (ખોપરીના બે હાડકા

ભેગા થાય તે ભાગ)પાછળના ભાગે આવેલ હતો, ઈજા નં.૫, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૫ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો ડાબા હાથમાં બહારની તરફ ઉપરના ૧/૩ ભાગમા આવેલ હતો, ઈજા નં.૬, ૧૦ સે.મી × ૪ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો કપાયેલો છુંદાયેલો ઘા ડાબા હાથના બહારના ભાગે વચ્ચેના ૧/૩ ભાગમા આવેલ હતો, ઈજા નં.૭, કપાયેલો છુંદાયેલો ઘા ૧૨ સે.મી ×૫ સે.મી × સોફ્ટ ટીસ્યુ ડીપ સુધીનો પીઠના પાછળના ભાગે આવેલ હતો, ઈજા નં.૮, ૧૦ સે.મી × ૮ સે.મી ડાબા સાથળ ઉપર બહારની તરફ ગુલાબી કલરનુ ચકામુ હતુ, ઈજા નં.૯, છાતિના ડાબા ભાગે ૮ મી પાંસળી પાસે હીમેટોમા હતુ, જે અંગે તેઓએ સર્ટીફીકેટ આપેલ જે તેઓના હસ્તાક્ષરમા હોવાનુ અને તેમા તેઓની સહી હોવાનુ જણાવી તે આંક-૫૮ થી રજુ હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા જણાવેલ છે કે, દર્દીને વધુ સારવાર માટે સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે પ્રાથમીક સારવાર આપ્યા બાદ રીફર કરવામા આવેલ હતા,દર્દીને થયેલ ઈજાઓ ગંભીર પ્રકારની હતી અને સખત, બોથડ તથા ધારદાર પદાર્થથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ આર્ટીકલ માર્ક-'એફ','આઈ' તથા 'જે' બતાવતા તે જોઈને આવા પ્રકારના લોખંડના પાઈપ લાકડાના ગેડા, ધારીયાથી ઉપરોકત ઈજાઓ સંભવી શકે તેમ હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા જણાવેલ છે કે, તે જ દિવસે રસીકભાઈ ગોહીલ તેમના પુત્ર રમેશભાઈ ગોહિલને ૧૦૮ માં સારવાર સારુ લાવેલ હતા, દર્દીને બનાવ હકીકત બાબતે પુછતા 'તા.૨૩/૮/૨૦૧૯ ના સાંજના સાડા ચાર વાગ્યે દેવરાજભાઈ ભરવાડ અને બીજા બે અજાણ્યા ભરવાડ ઈસમોએ રાધેશ્યામ સોસાયટી બોટાદ ખાતે ધારીયા વડે માથાના ભાગે, જમણા હાથે અને ડાબા હાથે ઈજા કરેલ હોવાનુ જણાવેલ' દર્દીને તપાસતા સંપુર્ણ સભાન અવસ્થામા હતા અને સ્થળ, સમય અને પરીસ્થિતિથી વાકેફ હતા, તેઓને જે ઈજાઓ જોવા મળેલી તે પૈકી ઈજા નં.૧, જમણા હાથનો અંગુઠો નિકળી ગયેલ હતો, માત્ર ચામડીથી લટકી રહેલ હતો, ઈજા

નં.૨, જમણા હાથની પ્રથમ આંગળી આખી છુટી પડી ગયેલ હતી, ઈજા નં.૩, માથાના ભાગે કપાયેલો છુંદાયેલો ઘા ૩ સે.મી × ૦.૫ સે.મી × ૦.૫ સે.મી જમણા પરાઈટલ રીજીયનમા હતો, ઈજા નં.૪, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી × ૦.૫ સે.મી × ૦.૫ સે.મી માથાના ભાગે ડાબા પરાઈટલ રીજીયનમા હતો, ઈજા નં.૫, ડાબા હાથે સોજો જોવા મળેલ હતો તેમજ દુ:ખાવાની ફરીયાદ હતી, તેઓને વધુ સારવાર માટે સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે પ્રાથમીક સારવાર આપ્યા બાદ રીફર કરવામા આવેલ હોવાનુ અને તે અંગેનુ પ્રમાણપત્ર તેઓના હસ્તાક્ષરમા અને સહી વાળુ આપેલ હોવાનુ અને એમ.એલ.સી.નીજાણપોલીસને કરેલ હોવાનુ જણાવી, સર્ટીફીકેટ આંક–૫૯ થી એમ.એલ.સી. યાદી આંક–૬૦ થી રજુ હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા દર્દીને થયેલ ઈજાઓ ગંભીર પ્રકારની હોવાનુ અને ધારદાર પદાર્થથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ આર્ટીકલ માર્ક–'જે' બતાવતા તે જોઈને આ પ્રકારના ધારીયાથી ઉપરોકત ઈજાઓ સંભવી શકે તેવી હોવાનુ જણાવેલ છે. સદર મેડીકલ ઓફીસરશ્રીની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા તેઓએ કબુલેલ છે કે, જયારે દર્દી સારવાર માટે દવાખાનામા આવે ત્યારે તેમનો ઓ.પી.ડી. કેસ પેપર કાઢવામા આવતો હોય છે અને દર્દી જે હકીકત જણાવે અને દર્દી ને જે સારવાર આપવામા આવેલ હોય તેનો ઉલ્લેખ આ ઓ.પી.ડી. કેસ પેપર્સમા કરવામા આવતો હોય છે અને સારવારના અંતે મેડીકલ સર્ટીફીકેટ આપવામા આવતુ હોય છે. તેઓએ કબુલેલ છે કે, હાલના બન્ને દર્દીના કીસ્સામા ઓ.પી.ડી. કેસ પેપર્સમા આવી કોઈ હીસ્ટ્રીનો ઉલ્લેખ કરવામા આવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, દર્દીઓની અવસ્થા ગંભીર હોય આ બાબતને પ્રાથમિકતા આપવામા આવેલ નહી. તેઓએ કબુલેલ છે કે, એમ.એલ.સી. સર્ટીફીકેટસમા જે હીસ્ટ્રી લખવામા આવેલ છે તે અંગ્રેજીમા લખવામા આવેલ છે. તેઓએ કબુલેલ છે કે, એમ.એલ.સી. સર્ટીફીકેટસમા લોખંડના પાઈપનો

કોઈ ઉલ્લેખ નથી અને દર્દીઓની મેન્ટલ ફીટનેસ એવી હતી તેનો કોઈ ઉલ્લેખ સર્ટીફીકેટસમા કરવામા આવેલ નથી. તેઓએ કબુલેલ છે કે, દર્દીઓને કોઈ ટ્રામલાઈન ઈજાઓ જોવા મળેલ નથી. તેઓ એ વાત સાથે સંમત છે કે લેસરેટેડ વુન્ડ કોઈ પણ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે અને ઈન્સાઈઝ વુન્ડ કોઈપણ ધારદાર પદાર્થથી થઈ શકે. તેઓએ કબુલેલ છે કે, તેઓએ સર્ટીફીકેટસમા હથીયાર બાબતે કોઈ અભિપ્રાય આપેલ નથી. તેઓએ નકારેલ છે કે, દર્દીના સગા કે દર્દીએ તેઓ સમક્ષ કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી અને સદર હકીકત પોલીસના કહયા મુજબ જાતે લખી લીધેલ.

**૩૮.૧** ઉપરોકત ડોકટરશ્રીના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ ઈજા પામનાર મેહુલભાઈ તથા રમેશભાઈને થયેલ ઈજા અંગેની પ્રાથમીક સારવાર આપેલ હોવાનુ જણાવી, ઈજા પામનારાઓને થયેલ ઈજા ગંભીર પ્રકારની હોવાનુ અને સદર ઈજા લોખંડના પાઈપ, લાકડાના ગેડા તથા ધારીયાથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ વાળા હથીયારો જોઈને આ પ્રકારના હથીયારોથી બંને દર્દીને થયેલ ઈજા જેવી ઈજા સંભવી શકે તેમ હોવાનુ જણાવેલ છે ત્યારે સાહેદ મેહુલભાઈ તથા ફરીયાદી રમેશભાઈને થયેલ ઈજા આરોપીઓએ કરેલ હોવાની હકીકતને પીઠબળ પ્રાપ્ત થતુ હોવાનુ ફલીત થાય છે.

**૩૯.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૬૧ થી સાહેદ ડોકટર સારીકાબેન સુબોધકુમારને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ સરતપાસમા જણાવેલ છે કે, તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ તેઓ સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે તેઓની ફરજ પર હાજર હતા દરમ્યાન સાંજના ૭/૪૫ કલાકે દર્દી નામે રમેશભાઈ રસીકભાઈ શીયાળને તેમના પિતા રસીકભાઈ લઈ આવેલા, દર્દીને હીસ્ટ્રી પુછતા

તેઓએ જણાવેલ કે, ''ત્રણ વ્યકિતઓ પૈકી દેવરાજભાઈ ભરવાડ રહે.ઢાંકણીયા રોડ તથા બે અજાણ્યા ઈસમોએ સાડા ચાર વાગ્યે ધારીયા વડે તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ ઈજા પહોંચાડેલ. દર્દીને તપાસતા તેઓને જે ઈજાઓ જણાયેલ તે પૈકી ઈજા નં.૧, માથાના ઉપરના ભાગે કપાયેલો છુંદાયેલો ૪ ×૦.૫ × ૦.૫ સે.મી નો ઘા હતો, ઈજા નં.૨, માથાના ડાબી બાજુએ કપાયેલો છુંદાયેલો ૨ × ૦.૫ × ૦.૫ સે.મી. નો ઘા હતો, ઈજા નં.૩, ટેમ્પોરલ બોનમા ડાબી બાજુએ કપાયેલો છુંદાયેલો ૧×૧ ×૧ સે.મી નો ઘા હતો, ઈજા નં.૪, જમણા હાથની વચ્ચેની આંગળી તથા અંગુઠો પુરો કપાયેલ હતો અને વચ્ચેની આંગળી સાથેની ચામડી લટકતી હતી, ઈજા નં.૫, ડાબા ખભા, કોણી અને કાંડા ઉપર દુ:ખાવો હતો, ઈજા નં.૬, ડાબા પગે સોજો હતો અને ઘસરકાના નિશાના હતા અને દુ:ખાવાના કારણે સોજો હતો, દર્દીને પ્રાથમીક સારવાર બોટાદ સોનાવાલા હોસ્પિટલ ખાતે આપવામા આવેલ હતી અને દર્દી તેમની સાથે મોબાઈલમા રીફર ચીટ લાવેલ હતા.તેઓએ દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હોવાનુ, દર્દીને થયેલ ઈજાઓ તાજી અને ગંભીર પ્રકારની હોવાનુ અને આ બાબતે તેઓએ સર્ટીફીકેટ તૈયાર કરી પોલીસને સુપ્રત કરેલ જે તેઓના હસ્તાક્ષરમા હોવાનુ અને તેમા તેઓની સહી હોવાનુ જણાવી તે આંક–૬૨ થી રજુ હોવાનુ જણાવેલ છે. તેઓએ વધુમા મુદામાલ આર્ટીકલ માર્ક–જે બતાવતા તે જોઈને આ પ્રકારના ધારીયાથી દર્દીને થયેલ ઈજાઓ સંભવી શકે તેવી હોવાનુ જણાવેલ છે. સદર મેડીકલ ઓફીસરશ્રીની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા તેઓએ કબુલેલ છે કે મેડીકલ સર્ટીફીકેટ ઓ.પી.ડી. કે ઈન્ડોર કેસ પેપર્સના આધારે બનાવવામા આવતુ હોય છે. તેઓ એ વાત સાથે સંમત નથી કે, દરેક વખતે પોલીસ તરફથી આવા સર્ટીફીકેટની માંગણી કરવામા આવે ત્યારે જ આવુ સર્ટીફીકેટ બનાવવામા આવતુ હોય છે. તેઓએ કબુલેલ છે કે, દર્દીને રીફર કરવામા આવેલ હોવા છતાં તેઓ શા માટે ગયેલા નહી તે અંગે

તેઓએ કોઈ માહિતી મેળવેલ નહી. તેઓએ કબુલેલ છે કે, તેઓએ તેમના અભિપ્રાયમા દર્દીને થયેલ ઈજાઓ શાર્પ ઓબ્જેકટથી થઈ શકે તેવી કોઈ હકીકત જણાવેલી નથી.તેઓએ નકારેલ છે કે, તેઓએ દર્દીને તપાસેલ નથી અને પોલીસના કહયા મુજબ સર્ટીફીકેટ તૈયાર કરી તેઓને સુપ્રત કરેલ. તેઓએ કબુલેલ છે કે, પોલીસે તેઓને કોઈ હથીયાર બતાવી તેમનો કોઈ અભિપ્રાય મેળવેલ નહી. તેઓએ નકારેલ છે કે, દર્દીએ તેઓ રુબરુ કોઈ હકીકત જણાવેલ ન હોવા છતાં દર્દીની હીસ્ટ્રી પોલીસ તથા દર્દીની સાથે આવેલ ઈસમના કહયા મુજબ લખી લીધેલ.

**૩૯.૧** ઉપરોકત ડોકટરશ્રીના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ ઈજા પામનાર રમેશભાઈને થયેલ ઈજા અંગેની સારવાર આપેલ હોવાનુ જણાવી, ઈજા પામનારને થયેલ ઈજા ગંભીર પ્રકારની હોવાનુ અને સદર ઈજા ધારીયાથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ વાળુ હથીયાર ધારીયુ જોઈને આ પ્રકારના હથીયારથી દર્દીને થયેલ ઈજા જેવી ઈજા સંભવી શકે તેમ હોવાનુ જણાવેલ છે ત્યારે ફરીયાદી રમેશભાઈને થયેલ ઈજા આરોપીઓએ કરેલ હોવાની હકીકતને પીઠબળ પ્રાપ્ત થતુ હોવાનુ ફલીત થાય છે.

**૪૦.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૫૭ થી સાહેદ કિશોરભાઈ ત્રિભુવનભાઈ જોલાપરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૪/૯/૨૦૧૯ ના રોજ તેઓ બોટાદ સીટી મામલતદાર તરીકે તેઓની ફરજમા હાજર હતા ત્યારે બોટાદ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. આર.બી. કરમટીયાએ ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ ગોહીલ મારફતે આરોપી વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયા તથા ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતિભાઈ મંડલીનાઓની ઓળખ પરડે કરવા યાદી કરતા સદર યાદી આધારે તેઓએ બોટાદ

પી.આઈ.શ્રીને સદર ઓળખ પરેડ માટે તારીખ અને સમય ફાળવતી યાદી કરેલ. તેઓએ વધુમા જણાવેલ છે કે, તા.૫/૯/૨૦૧૯ ના રોજ ફાળવેલ સમય મુજબ જવાબદાર પોલીસ અધિકારીએ પ્રથમ તેઓ સમક્ષ ફરીયાદી તથા સાહેદને રજુ કરતા તેઓને તેમની ચેમ્બરની પાછળ આવેલ રુમમા રાખવામા આવેલ, બંને આરોપીઓને રજુ કરવામા આવતા, તેઓને કચેરીના સર્કલ ઓફીસરશ્રી એમ.એમ.સોલંકીની દેખરેખ હેઠળ તેઓની અલગ ચેમ્બરમા રાખવામા આવેલા, ત્યારબાદ કચેરીના સેવક મારફત ઓળખ પરેડના કામે બે પંચોને બોલાવી લાવવાનુ જણાવતા, તેઓ દ્વારા પંચ નં.૧ ફીરોઝ અનવરભાઈ સરવૈયા તથા પંચ નં.૨ રાજેશ ભગવાનભાઈ મેરનાઓને બોલાવી લાવતા, તેઓને ઓળખ પરેડ અંગેની વિસ્તૃત સમજણ આપી, ઓળખ પરેડની કાર્યવાહીમા પંચો તરીકે રહેવા જણાવતા, તેઓએ સંમતિ આપતા તેઓને તેમની ચેમ્બરમા બેસાડવામા આવેલ, ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન સેવકને આરોપીઓની સમાન ઉંમરના આઠ ડમી વ્યકિતઓને શોધી લાવવા જણાવતા, તેઓ અઢારથી છવ્વીસ વર્ષની ઉપરના આઠ ડમી વ્યકિતઓને બોલાવી લાવતા, તેઓએ ડમી વ્યકિતઓને ઓળખ પરેડની કામગીરી અંગેની સમજુતી આપી અમારી ચેમ્બરમા જમણી બાજુની બારીથી ડાબી બાજુ ચેમ્બરના પ્રવેશ દ્વાર સુધી લાઈનમા ઉભા રાખાવેલ, ત્યારબાદ સેવક તથા આ કામના પંચ નં.૧ ને સાથે મોકલી આરોપીઓને મો ઉપર બાંધણુ બાંધી, તેઓ સમક્ષ રજુ કરવા જણાવતા, તે બંનેએ તેઓ સમક્ષ તે સ્થિતિમા બંને આરોપીઓને રજુ કરેલ, બંને આરોપીઓને તેઓની ઓળખ અંગે પુછપરછ કરતા, વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયા તથા ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતિલાલ ગોહીલ હોવાનુ જણાવેલ, બંને આરોપીઓને તેઓના પોશાક કે હુલીયામા ફેરફાર કરવો છે કે કેમ ? તે બાબતે પુછતા તેઓએ ઈન્કાર કરતા તેઓને એક થી આઠ ડમી વ્યકિતઓ વચ્ચે જે જગ્યાએ ઉભા રહેવુ હોય ત્યાં ઉભા રહી જવા જણાવતા, આરોપી વશરામભાઈ વરજાંગભાઈએ ડમી

વ્યકિતઓના ક્રમ નં.૩ થી ૪ ની વચ્ચે ઉભા રહેવાનુ જણાવેલ અને આરોપી ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતિલાલનાઓએ ડમી વ્યકિતઓના ક્રમ નં.૫ થી ૬ ની વચ્ચે ઉભા રહેવાનુ જણાવેલ અને તે રીતે હરોળમા ક્રમ નં.૧ ના આરોપીનો ક્રમ નં.૪ તથા ક્રમ નં.૨ ના આરોપીનો ક્રમ નં.૭ થયેલ અને તે રીતે હરોળમાંની કુલ સંખ્યા દસની થયેલ, ત્યારબાદ કચેરીના સેવકને ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ ગોહીલને બોલાવી લાવવા જણાવતા તેઓ તેઓને બોલાવી લાવેલ, બાદ તેઓને ઉપરોકત હરોળમા જે કોઈ આરોપી હોય તેને ઓળખી બતાવવા જણાવતા, ક્રમ નં.૪ તથા ૭ પર ઉભા રહેલ આરોપીઓને ઓળખી બતાવેલ, ત્યારબાદ સેવકને સાહેદ રસીકભાઈ મગનભાઈ ગોહીલને બોલાવી લાવવા જણાવતા તેઓ તેઓને બોલાવી લાવેલ, તેઓને ઉપરોકત હરોળમા જે કોઈ આરોપી હોય તેને ઓળખી બતાવવા જણાવતા, ક્રમ નં.૪ તથા ૭ પર ઉભા રહેલ આરોપીઓને હાથ પકડી ઓળખી બતાવેલ, ત્યારબાદ સેવકને સાહેદ હંસાબેન રસીકભાઈ ગોહીલને બોલાવી લાવવા જણાવતા તેઓ તેઓને બોલાવી લાવેલ, તેઓને ઉપરોકત હરોળમા જે કોઈ આરોપી હોય તેને ઓળખી બતાવવા જણાવતા, ક્રમ નં.૪ તથા ૭ પર ઉભા રહેલ આરોપીઓને હાથ પકડી ઓળખી બતાવેલ,ત્યારબાદ સેવકને સાહેદ મયુરભાઈ દિનેશભાઈ ગઢવી નારણકાને બોલાવી લાવવા જણાવતા તેઓ તેઓને બોલાવી લાવેલ, બાદ તેઓને ઉપરોકત હરોળમા જે કોઈ આરોપી હોય તેને ઓળખી બતાવવા જણાવતા, ક્રમ નં.૪ તથા ૭ પર ઉભા રહેલ આરોપીઓને હાથ પકડી ઓળખી બતાવેલ, ત્યારબાદ સેવકને સાહેદ અક્ષયભાઈ ઘનશ્યામભાઈ ગોહેલને બોલાવી લાવવા જણાવતા તેઓ તેઓને બોલાવી લાવેલ, બાદ તેઓને ઉપરોકત હરોળમા જે કોઈ આરોપી હોય તેને ઓળખી બતાવવા જણાવતા, ક્રમ નં.૪ તથા ૭ પર ઉભા રહેલ આરોપીઓને હાથ પકડી ઓળખી બતાવેલ, ફરીયાદી તથા સાહેદો દ્વારા આરોપીઓની ઓળખ કરાવવા માટે તમામને અલગ અલગ ક્રમાનુસાર

બોલાવવામા આવેલ અને ઓળખ પુરી થતી જાય તેમ ફરીયાદી તથા સાહેદોને કચેરીના કમ્પાઉન્ડમા નીચે મોકલી આપવામા આવેલ, જેથી તે અન્ય સાહેદોને કોઈ સંકેત કે સુચના આપી ના શકે, ઓળખ પરેડની તમામ કાર્યવાહી શાંતિમય તથા પૂરતા પ્રકાશવાળા વાતાવરણમા કરવામા આવેલી, ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન અમારી ચેમ્બરમા પોલીસના અધિકારી કે કર્મચારી કે પરેડની કામગીરી સાથે સંકળાયેલા ન હોય તેવા કોઈ અધિકારી કે કર્મચારીને હાજર રાખવામા આવેલ નહી, ઓળખ પરેડની આ કાર્યવાહી પુર્ણ થયા બાદ આરોપીઓને છુટા કરવામા આવેલ અને તે રીતે ઓળખ પરેડની કામગીરી કલાક–૧૬/૧૫ થી શરુ કરી કલાક ૧૮/૫૦ ના પુરી કરવામા આવેલ, જે ઓળખ પરેડનુ પંચનામુ તેઓની કચેરીના કલાર્કના હસ્તાક્ષરમા હોવાનુ અને તેમા તેઓની તથા પંચોની સહીઓ હોવાનુ જણાવેલ છે. તેઓએ ઓળખ પરેડ દરમ્યાન હાજર આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનુ જણાવી આરોપીને ઓળખી બતાવતા હોવાનુ જણાવેલ છે. સદર સાહેદની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા તેઓએ કબુલેલ છે કે, આંક–૧૫૮ વાળી યાદીમા આરોપીઓને ઓળખ પરેડની કામગીરી માટે કઈ રીતે લાવવા, તેવી કોઈ સુચનાઓ આપવામા આવેલી નહી. તેઓએ કબુલેલ છે કે, યાદી પ્રમાણે આરોપીઓને રજુ રાખવાનો સમય બપોરના ત્રણ વાગ્યાનો જણાવેલો અને તેઓ સમક્ષ ફરીયાદી તથા સાહેદોને કેટલા વાગ્યે રજુ કરવામા આવેલા તેનો કોઈ ચોકકસ સમય ઓળખ પરેડના પંચનામામા દર્શાવવામા આવેલ નથી અને તેઓ સમક્ષ આરોપીઓને કેટલા વાગ્યે રજુ કરવામા આવેલા તેનો કોઈ ચોકકસ સમય ઓળખ પરેડના પંચનામામા દર્શાવવામા આવેલ નથી. તેઓએ કબુલેલ છે કે, તેઓ સમક્ષ જયારે આરોપીઓને રજુ કરવામા આવેલા ત્યારે તેઓનુ મોઢુ કવર કરેલ હતુ, તેવો કોઈ ઉલ્લેખ પંચનામામા કરવામા આવેલ નથી. તેઓએ એવુ જણાવેલ છે કે, આરોપીઓને તેઓ સમક્ષ સૌ પ્રથમ રજુ કર્યા તે પહેલા તેઓને કઈ જગ્યાએ રાખવામા

આવેલા તેનો કોઈ ઉલ્લેખ પંચનામામા કરવામા આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આરોપીઓને તેઓ સમક્ષ મોડા એટલે કે સવા ચાર વાગ્યે રજુ કરવામા આવેલા. તેઓએ કબુલેલ છે કે, ડમી ઈસમો આરોપીઓને કે ફરીયાદી કે સાહેદોને અગાઉથી ઓળખતા હતા કે કેમ ? તેની કોઈ પૃચ્છા કરેલ હોય, તેવો કોઈ ઉલ્લેખ પંચનામામા કરવામા આવેલ નથી. તેઓએ કબુલેલ છે કે, પંચનામા પ્રમાણે ડમી વ્યકિત નં.૧, ૨, ૫, ૭ અને ૮ નાઓ પકા શેઠની વાડી, ઢાંકણીયા રોડવાળા વિસ્તારના રહેવાસી છે. તેઓએ એવુ જણાવેલ છે કે,ફરીયાદી તથા સાહેદોએ હરોળમા ઉભેલ વ્યકિતઓમાંથી આરોપીઓને ઓળખી બતાવેલ હોવાની તેઓ જે હકીકત સરતપાસમા જણાવેલ છે, તે સબબ તેઓ આરોપીઓને કેવી રીતે ઓળખે છે, તે અંગે પુછતા જણાવે છે કે જે તે ફરીયાદી તથા સાહેદોએ આરોપીઓને ફકત ઓળખી બતાવેલા, આરોપીઓ પૈકી કોણે શુ કરેલ, તેવુ તેઓ સમક્ષ જણાવેલુ નહી. તેઓએ કબુલેલ છે કે, ઓળખ પરેડની કામગીરી જે રુમમા કરવામા આવેલી, તે રુમમા તેઓની કચેરીના મેજીસ્ટ્રેરીયલ કલાર્ક હાજર હોય, તેવી કોઈ નોંધ પંચનામામા કરવામા આવેલ નથી. તેઓએ કબુલેલ છે કે, ઓળખ પરેડના પંચનામા દરમ્યાન તેઓએ આરોપીઓને દરેક તબકકે હરોળમાનો પોતાનો ક્રમ બદલવાની કે બદલાવવાની કોઈ સુચના આપેલ નહી. તેઓએ કબુલેલ છે કે, આરોપીઓ અને સાહેદોને એક જ સમયે કચેરીમા ન લાવવા તેવી કોઈ સુચના યાદીમા કરવામા આવેલ નથી અને પંચનામામા દરમ્યાન આ સબબની કોઈ તેઓએ ખાત્રી કરેલ હોય, તેવો પણ કોઈ ઉલ્લેખ પંચનામામા કરવામા આવેલ નથી. તેઓએ નકારેલ છે કે પંચનામાની કોઈ કાર્યવાહી તેઓએ કરેલ નથી અને ફરીયાદી કે સાહેદોએ આરોપીઓને તેઓ રુબરુ ઓળખી બતાવેલ નથી અને પંચનામાની સમગ્ર કામગીરી તેઓના કલાર્કનાઓએ કરેલી અને તેઓએ ફકત તૈયાર પંચનામામા સહીઓ કરેલી અને ડમી ઈસમો પોલીસનાઓ લાવેલા.

**૪૦.૧.** ઓળખ પરેડ કરનાર મામલતદારશ્રીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ઓળખ પરેડ માટે બોટાદ પોલીસ સ્ટેશન તરફથી યાદી મળતા આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈ ઉર્ફે ધમાની ઓળખ પરેડ ફરીયાદી મારફતે કરાવવા સારુ તેમજ ઓળખ પરેડની કામગીરી પંચોની હાજરીમા જે રીતે તેઓ ધ્વારા કરવામા આવેલ હતી તેનો ચિતાર રજુ કરેલ હોવાનુ ફલીત થાય છે. મામલતદારશ્રીની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા તેઓએ પંચનામાની કોઈ કાર્યવાહી કરેલ ન હોવાની, ફરીયાદી કે સાહેદોએ આરોપીઓને તેઓ રુબરુ ઓળખી બતાવેલ ન હોવાની, પંચનામાની સમગ્ર કામગીરી તેઓના કલાર્કનાઓ કરેલ અને તેઓએ ફકત તૈયાર પંચનામામા સહીઓ કરેલ હોવાની, ડમી ઈસમો પોલીસ લાવેલ હોવાની વિગેરે હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે ત્યારે ઓળખ પરેડના પંચનામાની કામગીરી સાહેદે યોગ્ય રીતે કરવામા આવેલ હોવાનુ માની લેવુ ઉચિત જણાય છે. વિશેષમા ફરીયાદી તેમજ સાહેદોએ શકમંદને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ હોવાનુ જે કથન કરેલ છે તે સંદર્ભમા ફરીયાદી તથા સાહેદ હંસાબેન, સાહેદ મયુરભાઈ, સાહેદ અક્ષયભાઈ વિગેરેનો પુરાવો જોવામા આવે તો તેઓએ મામલતદાર ઓફીસમા ઓળખ પરેડ દરમ્યાન ક્રમ નં–૪ અને ક્રમ નં–૭ ઉપર ઉભા રહેલ ઈસમ આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈ ઉર્ફે ધમો મંડલી હોવાનુ ઓળખી બતાવેલ છે ત્યારે પણ ઓળખ પરેડની કામગીરી નિષ્પક્ષપણે અને તટસ્થપણે કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે.

**૪૧.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૧૪ થી સાહેદ મણીબેન જસાભાઈ સાગઠીયાને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમા

જણાવેલ છે કે, તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ તેઓ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે તેઓની ફરજમા હાજર હતા તે દરમ્યાન પી.એસ.ઓ. બોટાદનાઓએ તેઓને એમ.એલ.સી.ના કામે ભાવનગર મુકામે જઈ ઘટતી કામગીરી કરવા માટે હુકમ કરતા તે હુકમ આધારે તેઓએ એમ.એલ.સી.યાદીમા નોંધ કરેલ અને ભાવનગર મુકામે તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ ગયેલ, ભાવનગર મુકામે મેહુલભાઈ રસીકભાઈ શીયાળનાઓ મરણ પામેલ હોય, નજીકમાંથી બે પંચો બોલાવી મરણ જનારનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ, મરણ જનારની લાશનુ મરણોત્તર ફોર્મ ભરી, પી.એમ. કરવા સર ટી.હોસ્પિટલ ભાવનગરને યાદી કરેલ, બાદ મરણ જનારની લાશનુ પી.એમ. થયા બાદ સદર લાશ તેમના પિતા રસીકભાઈને સોંપી આપી, તે બદલની પહોંચ મેળવેલ, મરણ જનારના ભાઈ રમેશભાઈ રસીકભાઈ શીયાળ ભાવનગર ખાતે આશીર્વાદ હોસ્પિટલમા સારવાર હેઠળ હોય તેઓએ ત્યાં જઈ તેઓના લખાવ્યા મુજબની આંક–૪૧ વાળી ફરીયાદ હકીકત લખી લીધેલ જેમા ફરીયાદી તથા રુબરુપણામા તેઓની સહી હોવાનુ તેમજ ફરીયાદીના લોહીના નમુના લેવડાવવા સારુ આશીર્વાદ હોસ્પિટલને યાદી કરેલ હોવાનુ જણાવેલ છે. સદર સાહેદની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા તેઓએ કબુલેલ છે કે, આશીર્વાદ હોસ્પિટલમા ફરીયાદીના માતા હાજર હતા. તેઓએ નકારેલ છે કે, ફરીયાદની હકીકત ફરીયાદીના માતાએ લખાવેલી અને તેઓએ લખાવેલ ફરીયાદમા તેઓએ ફરીયાદીની ફકત સહી લીધેલી.

**૪૧.૧** ઉપરોકત તપાસનીશ અધિકારીના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ તેમની ફરજ દરમ્યાન ભાવનગર મુકામે જઈ મેહુલભાઈ રસીકભાઈ મરણ પામેલ હોય, પંચો રુબરુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ, મરણોત્તર ફોર્મ ભરી પી.એમ. કરવા સર ટી.હોસ્પિટલ ભાવનગરને યાદી કરેલ, મરણ જનારનુ પી.એમ. થયા બાદ

લાશ મરણ જનારના પિતા રસીકભાઈને સોંપી આપેલ, બાદ રમેશભાઈ ભાવનગર ખાતે આશીર્વાદ હોસ્પિટલમા સારવાર હેઠળ હોય ત્યાં જઈ તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ, રમેશભાઈના લોહીના નમુના લેવડાવવા સારુ આશીર્વાદ હોસ્પિટલને યાદ કરેલ હોવાનુ જણાવેલ છે, સાહેદે આ સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ હોવાનુ જણાવતા નથી. આમ સદર સાહેદનો પુરાવો તે પ્રક્રિયાત્મક બાબતનો પુરાવો છે જેને અન્ય પુરાવા સાથે વંચાણે લેવાનો રહે.

**૭૨.** ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૨૦ થી તપાસનીશ અધિકારી રાજેન્દ્રભાઈ બોઘાભાઈ કરમટીયાને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે.તેઓએ સોગંદ ઉપરની સર તપાસમા જણાવેલ છે કે, વર્ષ–૨૦૧૯ માં તેઓ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ઈન્ચાર્જ પી.આઈ. તરીકે ફરજમા હાજર હતા દરમ્યાન પી.આઈ. શ્રી દિવાનની બદલી થતા હાલના ગુનાની તપાસ તેઓએ સંભાળી, કેસ કાગળોથી વાકેફ થઈ, કબજે લેવાયેલ મુદ્દામાલ એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે રવાનગી પત્રક તૈયાર કરી, સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ.ને મોકલી આપેલ, મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા બદલની પહોંચો આવતા તે તપાસના કાગળોમા સામેલ રાખેલ, બનાવ સમયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમા હોય, મેળવી તપાસના કામે સામેલ રાખેલ, ફરીયાદી તથા સાહેદોના સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવડાવવા સારુ નામદાર ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ બોટાદને વિનંતી પત્ર પાઠવેલ, આરોપીઓની ઓળખ પરેડ માટે સમય તથા તારીખ ફાળવવા સબબ મામલતદારશ્રી બોટાદને યાદી પાઠવેલ, મામલતદારશ્રી બોટાદ ધ્વારા તેઓના પત્રથી આરોપીઓની કરેલ ઓળખ પરેડના કાગળો આવતા તે તપાસના કામે સામેલ રાખેલ, ઈજા પામનારના સારવાર સર્ટીફીકેટસ મેળવવા સારુ હોસ્પિટલોને યાદી કરેલ, સાહેદોના સી.આર.પી.સી.

કલમ–૧૬૪ ના નિવેદનો લેવા નામદાર ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, બોટાદને યાદી કરેલ, આરોપીઓની ઓળખ પરેડ થયેલ હોય, પંચનામાની નકલ મેળવવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદને યાદી કરેલ, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય હાલનુ ચાર્જશીટ કરેલ. તપાસનીશ અધિકારીની આરોપીઓના વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓએ કબુલેલ છે કે, આરોપી ધર્મેશભાઈએ મરણજનારને લાકડાના ગેડાથી માર મારેલ હોય તેવુ તેઓ સમક્ષની તપાસમા ખુલેલ નહી અને આરોપી વશરામભાઈએ મરણજનારને લોખંડના ધારીયાથી માર મારેલ હોય તેવુ પણ તેઓ સમક્ષની તપાસમા ખુલેલ નહી. તેઓએ કબુલેલ છે કે, ચાર્જશીટના કાગળની વિગતમા અનુક્રમ નંબર– ૩૧ ના ડી.ડી. નો તેઓએ અભ્યાસ કરેલો, આ ડી.ડી.માં બનાવ પહેલા કે બનાવ દરમ્યાન જે તે વ્યકિતએ અક્ષયભાઈ કે મયુરભાઈની હાજરીની કોઈ હકીકત જણાવેલ નથી. તેઓએ કબુલેલ છે કે, નામદાર ચિફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ બોટાદનાઓએ તા.૫/૯/૨૦૧૯ ના હુકમથી ઓળખ પરેડ કરાવવા માટે જે તે આરોપીઓનો કબજો તા.૫/૯/૨૦૧૯ ના કલાક–૧૫/૦૦ થી કલાક–૧૭/૦૦ સુધી સોંપવાનો હુકમ કરેલો. તેઓએ કબુલેલ છે કે, જે તે આરોપીઓને ઓળખ પરેડ કરાવવા સારુ તેઓ જાતે લઈ ગયેલા નહી. તેઓએ નકારેલ છે કે, આરોપીઓ સામે પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**૪૨.૧** ઉપરોકત તપાસ કરનાર અધિકારીના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ તપાસના ભાગરુપે જે કાર્યવાહી કરી તેનો વિગતે ચિતાર રજુ કરેલ છે ત્યારે તેઓએ જે તે તપાસ યોગ્ય રીતે જ કરેલ હોવાનુ જણાઈ આવે છે.

**૪૩.** ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૪૩ થી તપાસનીશ અધિકારી

મોહંમદઆરીફ મકબુલહુસેન દિવાનને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની સર તપાસમા જણાવેલ છે કે,તા.૨૩/૦૮/૨૦૧૯ ના રોજ તેઓ બોટાદ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, દરમ્યાન હાલના ગુનાની તપાસ તેઓને મળતા, તપાસ સંભાળી લઈ, કેસ કાગળોથી વાકેફ થયેલ, તપાસ દરમ્યાન આશીર્વાદ નર્સીંગ હોમ, ભાવનગર તરફથી દર્દીના લોહીના નમુના સબંધે ફોરવર્ડીંગ પત્ર આવતા, તે પત્ર તપાસના કામમા સામેલ રાખેલ, તેઓએ એફ.એસ.એલ. અધિકારીશ્રીને ગુનાવાળી જગ્યાનુ સ્થળ પરીક્ષણ કરવા યાદી કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી કામમા સામેલ રાખેલ, સાહેદ રસીકભાઈ મગનભાઈ ગોહીલે બનાવવાળી જગ્યા બતાવતા, જે તે જગ્યાનુ પંચનામુ કરી, એફ.એસ.એલ.અધિકારીશ્રીની સુચના મુજબ જરુરી નમુનાઓ કબજે કરી, પંચનામુ કેસ કાગળોમા સામેલ રાખેલ,એફ. એસ. એલ. અધિકારીશ્રીએ સ્થળ પરીક્ષણ કરી પોતાનો અહેવાલ સોંપતા, તે કેસ કાગળોમા સામેલ રાખેલ, ત્રણેય આરોપીની અટક પંચનામાની વિગતે અટક કરેલ, આરોપીઓને અટક કર્યાની નોંધ સ્ટેશન ડાયરીમા કરવા સારુ પી.એસ.ઓ. બોટાદને યાદી કરેલ, આરોપીઓના બ્લડ સેમ્પલો લેવા, સોનાવાલા જનરલ હોસ્પિટલને યાદી કરેલ, સોનાવાલા જનરલ હોસ્પિટલના ફોરવર્ડીંગ લેટર સાથે આરોપીઓના લોહીના નમુના આવતા, તે પત્ર કામમા સામેલ રાખેલ, આરોપીઓએ ગુનાના કામે વાપરેલ હથીયાર બતાવવા માંગતા હોય, તે અંગે બે પંચો બોલાવી પોલીસ સ્ટેશન ખાતે પ્રાથમીક અંગ ઝડતીનુ પંચનામુ કરી, આરોપીઓના બતાવ્યા પ્રમાણે સરકારી વાહનમા ટાવર રોડ, તાજપર સર્કલ થઈ, ઢાંકણીયા રોડ તરફ હનુમાનજીના મંદિર પાસે આવતા, મંદિરની અંદરના કમ્પાઉન્ડમા દિવાલ પાસે કાંકરાના ઢગલા પાસે, આ ગુનાના કામે વાપરવામા આવેલ હથીયાર લોખંડની પાઈપ તથા બનાવ વખતે દેવરાજભાઈએ પહેરેલ સફેદ કલરના શર્ટ અને પેન્ટ તેઓએ કાઢી

બતાવતા તે તથા આરોપી વશરામભાઈએ ગુનામા ઉપયોગમા લીધેલ લાકડાનુ ગેડીયુ તેઓએ કાઢી બતાવતા તે તથા આરોપી ધર્મેશભાઈએ બનાવમા ઉપયોગમા લીધેલ ધારીયુ તેઓએ કાઢી બતાવતા તે પંચો રુબરુ પંચોના લખાવ્યા મુબજના પંચનામાની વિગતે કબજે કરેલ, આરોપી વશરામભાઈ અને ધર્મેશભાઈનાઓએ બનાવ વખતે પહેરેલ કપડા જયા સંતાડેલ તે જગ્યા બતાવવા માંગતા હોય, બે પંચો બોલાવી પ્રાથમીક પંચનામુ કરી, સરકારી વાહનમા આરોપીઓના બતાવ્યા પ્રમાણે રવાના થઈ હરણકુઈ વિસ્તારમા આવેલ વશરામભાઈના ભાઈના ઘર પાસે ગાડી ઉભી રખાવી ઘરમા અંદર જતા પાછળના ભાગેના રુમમાંથી વશરામભાઈ તથા ધર્મેશભાઈએ ગુના સમયે પહેરેલ કપડા પેન્ટ તથા શર્ટ પ્લાસ્ટીકની થેલીમા રાખેલ હોય, જે બંનેએ કાઢી બતાવી રજુ કરતા, તે પંચનામાની વિગતે કબજે કરેલ, સર્કલ ઈન્સપેકટરશ્રી બોટાદને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરી, મોકલવા યાદી કરેલ, સર ટી.હોસ્પિટલ ભાવનગરને પી.એમ. નોટ તથા સેમ્પલો મોકલી આપવા યાદી કરેલ, બાદ ભાવનગર સર ટી. હોસ્પિટલેથી પી.એમ. દરમ્યાન મરણજનારના કપડા તથા લીધેલ નમુનાઓ આવતા તે પંચનામાની વિગતે કબજે કરેલ, ભાવનગર આશીર્વાદ હોસ્પિટલને ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ મેળવવા સારુ યાદી કરેલ, સોનાવાલા જનરલ હોસ્પિટલ બોટાદ ખાતેથી આરોપીઓના લીધેલ લોહીના નમુનાઓ આવતા, તે પંચનામાની વિગતે કબજે કરેલ,આરોપીઓની ઓળખ પરેડ કરાવવા સારુ, બોટાદના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને યાદી કરેલ, ફરીયાદીતથા સાહેદોના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધવા સારુ નામદાર ચીફ કોર્ટ, બોટાદને યાદી કરેલ, બાદ તેઓ રજા પર જતા આગળની તપાસ પી.એસ.આઈ. આર.બી. કરમટીયાને સોંપી આપેલ.તેઓ આરોપીને ઓળખી બતાવતા હોવાનુ તેમજ કબજે કરેલ મુદ્દામાલ બતાવતા તે જોઈને તેઓએ જે પંચનામાઓની વિગતે કબજે કરેલ તે જ હોવાનુ ઓળખી બતાવેલ છે. તપાસનીશ અધિકારીની બચાવપક્ષનાઓ

ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમા ફરીયાદી રમેશભાઈના નિવેદનમાંથી વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરેલ છે. વધુમા તેઓએ સાહેદોને જે તે આરોપીઓને લોક–અપ રૂમમા જ બતાવી દિધેલ હોવાની, અજાણ્યા આરોપી ઈસમોની કોઈ ભાળ મળેલ ન હોવા છતાં, ખોટા ઈસમોને આરોપી તરીકે દર્શાવી, ખોટુ ઓળખ પરેડનુ પંચનામુ ઉભુ કરાવેલ હોવાની, કોઈ મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં, ખોટુ પંચનામુ ઉભુ કરેલ હોવાની, જે તે આરોપીઓએ કોઈ મુદ્દમાલ શોધી બતાવવા માંગતા હોવાની કોઈ હકીકત તેઓ સમક્ષ જણાવેલ ન હોવા છતાં તેમજ કોઈ મુદ્દામાલ શોધી બતાવેલ ન હોવા છતાં, ખોટુ પંચનામુ ઉભુ કરેલ હોવાની, સાહેદોના નિવેદનો કોમ્પ્યુટર ટાઈપ કરી ફરીયાદ હકીકત મુજબ, જાતે તૈયાર કરી લીધેલ હોવાની હકીકતોની ઈન્કારીચત કરેલ છે.

**૪૩.૧** ફરીયાદપક્ષ ધ્વારા ગુના સબબની ઘણી ખરી તપાસ કરનાર અધિકારીના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ સદર ગુનાની વધુ તપાસ સંભાળી તપાસ દરમ્યાન આરોપીઓએ શોધી બતાવેલ હથીયારો ડીસ્કવરી પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનુ, આરોપીઓની મેડીકલ તપાસણી કરાવેલ હોવાનુ, આરોપીઓના કપડા કબજે કર્યાનુ, મરણ જનારના કપડા કબજે કર્યાનુ, આરોપીઓની ઓળખ પરેડ કરાવવા સારુ બોટાદના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને યાદી કરેલ હોવાનુ જણાવેલ છે ત્યારે તપાસનીશ અધિકારીએ તપાસના ભાગરુપે જે કાર્યવાહી કરી તેનો વિગતે ચિતાર રજુ કરેલ હોવાનુ અને તેઓએ જે તે તપાસ યોગ્ય રીતે જ કરેલ હોવાનુ જણાઈ આવે છે. તપાસનીશ અધિકારીની બચાવપક્ષનાઓ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તપાસનીશ અધિકારીની તપાસ યોગ્ય ન હોવાનુ અને એક તરફી રીતે તપાસ કરેલ હોવાની હકીકતનુ ખંડન થાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**હવે ઈ.પી.કો.કલમ–302, 307 ના તહોમત અંગેની ચર્ચા નીચે મુજબ  કરવામાં આવેલ છે.**

**૪૪.** આ કેસમાં ફરીયાદીપક્ષનું એવું તોહમત છે કે આરોપીઓએ ઈ.પી.કોડની કલમ–302,307 મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે તેથી આરોપીઓએ આ ગુનો કરેલ છે કે કેમ તેની વિગતવાર વિચારણા કરવા માટે ગુન્હાના આવશ્યક તત્વોનો નિર્દેશ કરી તેની એરણ ઉપર ઉપરોક્ત રજુ કરેલ પુરાવાઓમાંથી નિસ્પંદિત થયેલી સાબિત થયેલ હકીકતોને ચકાસવી જરૂરી છે .

જ્યારે મનુષ્યવધ થયો હોય, ને તે મનુષ્યવધ ખૂન માટે સજાને પાત્ર સાપરાધ મનુષ્યવધ હોવાનું તહોમત હોય ત્યારે તેવા ખુનના ગુનાના તહોમતની વિચારણા કરતા આપણે કલમ–299, 300 અને કલમ–302 માં સમાવિષ્ટ કાયદાના આવશ્યક તત્વોની નોંધ લેવી જરૂરી છે.

**કલમ–299 માં 'સાપરાધ મનુષ્યવધ'** ની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે નીચ મુજબ છે :

“ SECTION 299 : Culpable homicide Whoever causes death by doing an act with the intention of causing death,

or with the intention of causing such bodily injury as is likely to cause death, or with the knowledge that he is likely by such act to cause death, commits the offence of culpable homicide.”

આમ, મૃત્યુ નિપજાવવાના ઈરાદા સાથે અથવા એવી ઈજા પહોંચાડવાના ઈરાદા સાથે કે જેના પરીણામે મૃત્યુ નિપજી શકે છે અથવા એવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરવામાં આવે જેનાથી મૃત્યુ નિપજી શકે ત્યારે તેવું કૃત્ય કલમ–299 ની વ્યાખ્યા મુજબ સાપરાધ મનુષ્યવધ છે .

ઇ.પીકો.કલમ–300 માં 'સાપરાધ મનુષ્યવધ' ક્યારે ખૂન કહેવાય તેનો પ્રબંધ

કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :

'SECTION 300 : Murder

Except in the cases hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death,

or – Secondly. – If it is done with the intention of causing such bodily injury as the offender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or –

Thirdly. – If it is done with the intention of causing bodily injury to any person and the bodily injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death, or –

Fourthly. – If the person committing the act knows that it is so imminently dangerous that it must, in all probability, cause death or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid.

ઉપરોક્ત ચારમાંથી કોઈપણ સંજોગ પુરવાર થતો હોય તો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય છે સિવાય કે કલમ–300 માં આપવામાં આવેલા પાંચ અપવાદો પૈકી કોઈ એક અપવાદમાં આ કૃત્ય આવતું હોય. સરળતાને ખાતર આ કેસને લાગુ પડતી સમજૂ તી અને દ્રષ્ટાંત સહિત અપવાદનો ઉલ્લેખ કરવો ઉચિત જણાય છે , જે નીચે મુજબ છે :

Exception 1. – When culpable homicide is not murder. – Culpable homicide is not murder if the offender, whilst deprived of the power of self–control by grave and sudden

provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident.

The above exception is subject to the following

provisos: –

First. – That the provocation is not sought or voluntarily provoked by the offender as an excuse for killing or doing harm to any person.

Secondly. – That the provocation is not given by anything done in obedience to the law, or by a public servant in the lawful exercise of the powers of such public servant.

Thirdly. – That the provocation is not given by anything done in the lawful exercise of the right of private defence.

Explanation. – Whether the provocation was grave and sudden enough to prevent the offence from amounting to murder is a question of fact.

Illustrations

(a) A, under the influence of passion excited by a provocation given by Z, intentionally kills. Y, Z's child. This is murder, in as much as the provocation was not given by the child, and the death of the child was not caused by accident or misfortune in doing an act caused by the provocation.

(b) Y gives grave and sudden provocation to A. A, on this provocation, fires a pistol at Y, neither intending nor knowing himself to be likely to kill Z, who is near him, but out of sight. A kills Z. Here A has not committed murder, but merely culpable homicide,

(c) A is lawfully arrested by Z, a bailiff. A is excited to sudden

and violent passion by the arrest, and kills Z.This is murder, in as much as the provocation was given by a thing done by a public servant in the exercise of his powers.

(d) A appears as witness before Z, a Magistrate, Z say sthat he does not believe a word of A's deposition, and that A has perjured himself. A is moved to sudden passion by these words, and kills Z. This is murder.

(e) A attempts to pull Z's nose, Z, in the exercise of the right of private defence, lays hold of A to prevent him from doing so. A is moved to sudden and violent passion in consequence, and kills Z. This is murder, in as much as the provocation was given by a thing done in the exercise of the right of private defence.

(f) Z strikes B. B is by this provocation excited to violent rage. A, a bystander, intending to take advantage of B's rage, and to cause him to kill Z, puts a knife into B's hand for that purpose. B kills Z with the knife. Here B may have committed only culpable homicide, but A is guilty of murder.

અત્રે એક હકીકત નોંધવા પાત્ર છે કે જ્યારે ફરીયાદ પક્ષના કેસ મુજબ કોઈ કૃત્ય સાપરાધ મનુષ્યવધ છે તેવું સિદ્ધ થાય, ત્યારે ત્યારબાદ કલમ–300 અન્વયેની ચાર પૈકી કોઈપણ એક સંજોગ હતો એવું પુરવાર થાય ત્યારે એ સાપરાધ મનુષ્યવધ ખૂન કહેવાય છે. જે અંગેની સજાનું પ્રાવધાન ઇ.પી.કો.કલમ–302 મા કરવામાં આવેલું છે .

પરંતુ જો કલમ–300 મુજબ આ કૃત્ય પાંચ પૈકીના કોઈ એક અપવાદમાં આવતું હોય અથવા તો કલમ– 300 માં સમાવિષ્ટ ચાર સંજોગોમાંથી એક પણ સંજોગોમાં તેનો સમાવેશ ન થાય તેવું કૃત્ય હોય ત્યારે તે ખૂન ન ગણાય તેવો સાપરાધ મનુષ્યવધ છે જે અંગેની સજા માટેનું પ્રાવધાન ઇ.પી.કો.કલમ–304

માં કરવામાં આવ્યું છે. સરળતા ખાતર આ નીચે મુજબ સમાવેશ કરવામાં આવે છે :

SECTION 304 : Punishment for culpable homicide not amounting to murder Whoever commits culpable homicide not amounting to murder shall be punished with imprisonment for life, or imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine, if the act by which the death is caused is done with the intention of causing death, or of causing such bodily injury as is likely to cause death, or

with imprisonment of either description for a term which may extend to ten years, or with fine, or with both, if the act is done with the knowledge that it is likely to cause death, but without any intention to cause death, or to cause such bodily injury as is likely to cause death.

ઉપરોક્ત કલમ–304 ની જોગવાઈની ધ્યાનપૂર્વક વિચારણા કરીએ તો તે બે ભાગમાં છે. આ કલમના પ્રથમ ભાગમાં જ્યારે કલમ–300 માં સમાવિષ્ટ ચાર પૈકીની કોઈ પણ એક સ્થિતિ હોય, પરંતુ જો તે કૃત્ય કલમ–300 પૈકીના કોઈ એક અપવાદમાં સમાવિષ્ટ થતું હોય ત્યારે કલમ–304 ના પ્રથમ ભાગ મુજબ સજાને પાત્ર છે.જ્યારે કલમ–304 ના બીજા ભાગ મુજબ જો સાપરાધ મનુષ્યવધ કહેવાય તેવું કૃ ત્ય કરતી વખતે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કે કરેલી ઈજાથી મૃત્ય નિપજી શકે છે તેવી જાણ સિવાય કર્યું હોય કે કરવામાં આવેલી ઈજા એવી હોય કે સામાન્ય સંજોગોમાં તે ઈજાથી મૃત્યુ સંભવી શકે તેમ ન હતું એવું પુરાવા પરથી જણાતું હોય ત્યારે તે કૃત્યની સજા કલમ–304 ના બીજા ભાગ મુજબ થઈ શકે છે .

આટલી પૂર્વભૂમિકા પછી હવે હાથ ઉપરના કેસમાં, ઉપરોક્ત ઇ.પી.કો.કલમની સ્પષ્ટ જોગવાઈ અનુસાર આરોપી દેવરાજભાઇ તથા વશરામભાઈએ કરેલી ઈજાઓના પરીણામે મરનાર મેહુલભાઇ રસીકભાઈનું અવસાન થયું છે, તેથી આ કૃત્ય કલમ–299 એ સાપરાધ મનુષ્યવધ છે કે કેમ ? તેનો નિર્ણય સૌથી પહેલા કરવો જોઈએ.

ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ પરથી એ હકીકત

પ્રસ્થાપિત થયેલી છે કે બનાવમાં મેહુલભાઇ રસીકભાઇ શીયાળને આરોપી દેવરાજભાઇએ તેમના હાથમાં રહેલા પાઇપ વડે માથાના ભાગે ઘા કરેલો હતો અને તેના પરીણામે મેહુલભાઇ નીચે પડી ગયેલા, ત્યારબાદ વશરામભાઇએ પોતાના પાસેનુ ધારીયુ મેહુલભાઇના ડાબા કાનની ઉપરના ભાગે મારેલ, બાદ મેહુલભાઇને સારવાર માટે લઈ જવામા આવ્યા અને તેમનું સારવાર દરમ્યાન અવસાન થયેલું. એટલે કે, તેમની મૃત્યુ તેમને થયેલ ઈજાઓના કારણે થયેલ અને આ ચુકાદામા મુદા નં. ૧ મા ઠરાવ્યા મુજબ મરનારનું મૃત્યુ મનુષ્ય વધ છે તે હકીકત નિર્વિવાદ છે, પરંતુ આરોપીઓનો મેહુલભાઇને મારી નાંખવાનો ઈરાદો હતો કે કેમ? આ બાબતે સાપરાધ મનુષ્યવધમાં આરોપીનો ઈરાદો મૃત્યુ નિપજી શકે અથવા મૃત્યુ સંભવી શકે તેવા જ્ઞાન સાથે ઈજાઓ કરેલ હોવી જોઈએ.

વધુમાં પુરાવા મુજબ આરોપી દેવરાજભાઇનો ઝગડો મેહુલભાઇ સાથે નહી પરંતુ તેમના ભાઇ ફરીયાદી રમેશભાઇ સાથે ચાલી રહેલો હતો, તેથી તેમનો ઈરાદો મેહુલભાઇને મૃત્યુ નિપજી શકે તેવી ઈજા પહોંચાડવાનો ન હતો એ હકીકત પણ સ્વાભાવિક રીતે માની શકાય તેવી છે. નોંધનીય છે કે આ બનાવ આરોપી દેવરાજભાઇએ મરનારને માથામાં પાઇપ વડે માત્ર એક ઘા માર્યો છે અને વશરામભાઇએ મેહુલભાઇને ડાબા કાનની ઉપરના ભાગે ધારીયુ મારેલ છે અને મરનારનું મૃત્યુ બનાવ બાદ સારવાર દરમ્યાન થયું છે. તેથી, આરોપીઓનું કૃત્ય with the knowledge that he is likely by such act to cause death એવું હતું તેમ માની શકાય. તેથી આરોપી દેવરાજભાઇ અને વશરામભાઇનું કૃત્ય ‘સાપરાધ મનુષ્યવધ' હતું તેટલી હકીકત પુરવાર થાય છે.

હવે, આરોપીઓનું કૃત્ય કલમ– 300 મુજબ ખૂન કહેવાય કે કેમ તેની વિચારણા કરીએ તો, આરોપી દેવરાજભાઇએ મરનારને માથાના પાછળના ભાગે પાઇપ વડે એક ઘા માર્યો છે તેમજ આરોપી વશરામભાઇએ મરનારને ધારીયા વડે ડાબા કાનની ઉપરના ભાગે એક ઘા માર્યો છે.

નોંધનીય છે કે બચાવપક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવે છે કે આરોપીનું કૃત્ય ગંભીર અને તાત્કાલિક ઉશ્કેરાટના પરીણામે થયું હતું તેથી કલમ–300 ના અપવાદમાં ગણવું જોઈએ, પરંતુ બચાવ પક્ષની આરોપીઓનું કૃત્ય

અપવાદમાં આવે છે એવી દલીલ સ્વીકારી શકાય તેવી નથી. કારણ કે આ કેસમાં મરનાર મેહુલભાઇએ આરોપીઓને ઉશ્કેરાટનું કોઈ કારણ આપ્યું હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ કે આરોપીઓના વિશેષ નિવેદનમાંથી ફલિત થતી નથી. એટલું જ નહીં, ફરીયાદપક્ષ દ્વારા એવો પુરાવો આપવામાં આવેલ છે કે, ફરીયાદી સાથે દારુની માંગણી બાબતે આરોપી દેવરાજભાઇનો ઝઘડો ચાલી રહ્યો હતો અને ફરીયાદીએ આરોપી દેવરાજભાઇને ફોન ઉપર દારુની માંગણી કરવાની નહી અને તેઓ દારુનો ધંધો કરતા નથી તેમ જણાવતા આરોપીએ તે બાબતની દાઝ રાખી અન્ય આરોપીઓ સાથે ફરીયાદીના ઘરે ગયેલા અને ત્યાં મારા મારી થતા આરોપીએ મેહુલભાઇને પાઇપથી માથામાં એક ઘા માર્યો. આથી ઉશ્કેરાટનું કારણ મરનાર દ્વારા આપવામાં આવ્યું નથી. તે સંજોગોમાં આરોપીનું કૃત્ય કલમ–300 ના કોઈ પણ અપવાદમાં સમાવિષ્ટ થતુ નથી. આ કામના આરોપીઓએ મરણ જનારને લોખંડના પાઈપ તથા ધારીયાના ઘા મારેલ છે અને આરોપીના આ કૃત્યના કારણસર મરણ જનારના શરીર પર ઘાતક ઈજા થયેલ એટલે કે એવી ઈજા તેના ઉપર પહોંચાડેલી કે તે ઈજાના કારણસર તેનું મૃત્યુ નિપજેલ. મૃત્યુ નિપજાવવું એટલે આરોપીનું કૃત્ય તથા મરણ જનારનું મૃત્યુ પરસ્પર સંકળાયેલ હોવું જોઈએ. એટલે આરોપીના કૃત્યના કારણસર મરણ જનારનું મૃત્યુ નીપજયું હોય તેવું સ્પષ્ટ કારણ મૃત્યુનું હોવું જોઈએ. સાપરાધ મનુષ્યવધના તત્વો જોતાં આરોપીએ કરેલ કૃત્યના કારણસર મરણ જનારનું મૃત્યુ થયેલ છે તેટલું જ પૂરતું નથી, પરંતુ તે કૃત્ય આરોપીએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના **તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવશે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કૃત્ય કરીને મૃત્યુ નિપજાવ્યું હોય તે પણ આવશ્યક તત્વો છે, અને તો જ સાપરાધ મનુષ્યવધનો ગુનો કરેલો છે તેવું કહી શકાય.** તે બાબતે વિચારએ તો વ્યકિતનો શું ઈરાદો હતો તે નકકી કરવાનો કોઈ માપદંડ નથી અને તેનો કોઈ પુરાવો પ્રત્યક્ષ રીતે મળી શકે તેમ નથી. વ્યકિતના વર્તન વગેરે પરથી આ બાબત નકકી કરી શકાય, તે સિવાય ઈજા પહોંચાડવામાં આવેલી તે કેવા પ્રકારની છે તેના પરથી નકકી કરી શકાય. આ કામે આરોપી વશરામભાઈએ મરણ જનારને માથાના

પાછળના ભાગે લોખંડના પાઈપ ધ્વારા બળપુર્વક ઘા મારેલ અને આરોપી વશરામભાઈએ મરણ જનારને ધારીયાનો ઘા માથા જેવા નાજુક અવયવ ઉપર મારેલ છે. ડોકટરશ્રીનો પુરાવો વંચાણે લેતા ઈજાઓ શરીરના નાજુક અવયવ ઉપર કરવામા આવેલ છે અને તે જેટલા બળથી મારવામા આવેલ છે તે જોઈએ તો માથાના પાછળના ભાગે ફ્રેકચર થઈ ગયેલ છે અને વિવિધ જગ્યાએ ફાટેલી ઈજાઓ જણાઈ આવતી હતી તેમજ હાડકા સુધીના ઉંડા લેસરસન માથા ઉપર જણાઈ આવેલ. તેથી આરોપીએ જે બળ વાપરેલ છે તે જોતા ચોકકસપણે મૃત્યુ નીપજાવવાનો ઈરાદો હતો તેવુ કહી શકાય. વિકલ્પે એવુ કહી શકાય કે માથા ઉપર લોખંડના પાઈપ અને ધારીયા વડે ઈજા કરવાથી કોઈ વ્યકિતનુ મૃત્યુ નિપજી શકે તેવો સંભવ છે તે જ્ઞાન સાથે આ કૃત્ય આરોપીઓએ કરેલ છે. આરોપીઓ સ્થળ ઉપર હથીયારો સાથે હાજર હતાં.

આરોપીનું આ કૃત્ય ધ્યાને લઈએ તો કોઈપણ સામાન્ય સમજ ધરાવતી વ્યકિત અન્ય વ્યકિતને માથામા તથા કપાળમાં મારશે તો તેનું મૃત્યુ નિપજશે તેવા જ્ઞાન અને મૃત્યુ નિપજવાનો સંભવ છે તેટલી સમજ ધરાવતો હોય. માટે આરોપીનું કૃત્ય તે સાપરાધ મનુષ્યવધ કહી શકાય તેવો ગુનો છે. અને હાલના આરોપીએ જે કૃત્ય કરેલ છે તે સાપરાધ મનુષ્યવધના પરીધિમાં આવે છે.

આ સંદર્ભે નામદાર શ્રી સર્વોચ્ચ અદાલતદ્વારા **Anbazhagan Versus State Represented By The Inspector Of Police [2023 INSC 632]** ના ચુકાદામા **intention અને knowledge** ને સમજાવતા જણાવવામાં આવ્યું છે જેને ટાંકવુ ઉપયુક્ત જણાય છે :

**INTENT AND KNOWLEDGE :–**

20. The word "intent" is derived from the word archery or aim. The "act" attempted to must be with "intention" of killing a man.

21. Intention, which is a state of mind, can never be precisely proved by direct evidence as a fact; it can only be deduced or

inferred from other facts which are proved. The intention may be proved by res gestae, by acts or events previous or subsequent to the incident or occurrence, on admission. Intention of a person cannot be proved by direct evidence but is to be deduced from the facts and circumstances of a case.There are various relevant circumstances from which the intention can be gathered.Some relevant considerations are the following: –

1. The nature of the weapon used.

2. The place where the injuries were inflicted.

3. The nature of the injuries caused.

4. The opportunity available which the accused gets."

હાથ ઉપરના કેસમાં મરનાર મેહુલભાઈનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હતું તે હકીકત સ્પષ્ટપણે અને સ્વીકૃત રીતે પુરવાર થાય છે. કારણ કે આ કેસમાં મેડીકલ ઓફીસર જેમણે મરનારનું પોસ્ટમોર્ટમ કર્યું છે તેઓ મૃત્યુનું કારણ શરીર પર થયેલ વિવિધ ઈજા હોવાનું સ્પષ્ટપણે જણાવે છે. તેમજ આ કેસમાં બંને પક્ષો વચ્ચે થયેલી બોલાચાલી અને મારામારીના બનાવમાં આરોપી દેવરાજભાઈએ મેહુલભાઈને માથાના પાછળના ભાગે પાઈપ વડે તેમજ આરોપી વશરામભાઈએ ધારીયુ ડાબા કાનની ઉપરના ભાગે મારી ઈજા પહોંચાડવામાં આવી હતી તેવી હકીકત પણ વ્યાજબી શંકાથી પર પુરવાર થાય છે.

હવે, પુનરુક્તિ દોષ સાથે આરોપીઓએ મરનારને કરેલી ઈજા ખુન કહેવાય તેવું સાપરાધ મનુષ્યવધ હતું કે કેમ ? અને આરોપીઓએ મરનારને મૃત્યુ નિપજાવવાના ઈરાદે ઈજા પહોંચાડેલી હતી કે કેમ તેનો નિર્ણય ઉપરોક્ત ચુકાદામાં જણાવેલ બાબતોની વિચારણા કરી અને કરવામાં આવે તો, આ કેસમાં આરોપી દેવરાજભાઈ અને વશરામભાઈએ લોખંડના પાઈપ તેમજ ધારીયા જેવા ઘાતક હથીયારનો ઉપયોગ કરેલ છે તે પણ ધ્યાનમાં લેવું જોઈએ. સામાન્ય રીતે કોઈ વ્યક્તિ અન્યનુ મૃત્યુ નિપજાવવાનો ઈરાદો રાખતો હોય તો જ આવા ઘાતક

અને મારક હથીયારો ધારણ કરે એટલે કે આરોપીઓ દ્વારા જે હથીયાર પસંદ કરવામા આવેલ તે ઘાતક હથીયાર હતા.

નોંધનીય છે કે બનાવમાં આરોપી દેવરાજભાઇએ મરનારને માથાના પાછળના ભાગે પાઇપના ઘા મારેલ હોવાનુ અને આરોપી વશરામભાઇએ ધારીયુ મરનારને ડાબા કાનની ઉપરના ભાગે મારી ઈજા પહોંચાડી હતી તેવું ફરીયાદપક્ષે બનાવની ફરીયાદમાં જ જણાવેલું છે જેને મેડીકલ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે.જેથી બનાવની જગ્યા તેમજ બનાવનું કારણ જોતા પણ આરોપીઓ દ્વારા કરવામાં આવેલું કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદા કે જ્ઞાન સાથે કરવામાં આવ્યું હોય તેવું જણાય છે. અહીં એ બાબત નોંધવા યોગ્ય છે કે આરોપી દેવરાજભાઇએ મરનારને માથાના પાછળના ભાગે પાઇપના ઘા માર્યો છે અને વશરામભાઇએ ધારીયાના ઘા મરનારને ડાબા કાનની ઉપરના ભાગે મારેલ છે અને ફરીયાદીને માથાના ભાગે ધારીયા વડે ગંભીર ઈજાઓ કરેલ છે માથાનો ઘા રોકવા જતા તેમનો હાથ આરોપી નં–૧ ના પાઈપ વડે ફ્રેકચર પામેલ છે તેમજ આરોપી નં–ર ના ધારીયા વડે તેમની આંગળી કપાઈ ગયેલ છે તેથી આરોપીઓએ માર્મીક અવયવો ઉપર ઈજા કરેલ હોવાનુ જણાય છે, વધુમા બનાવ વખતે અરોપીના ભાઈ તેમજ અન્ય લોકો ભેગા થઈ જતા સ્થળ ઉપર દેકારો થતા આરોપીઓને સ્વભાવીક પણે ત્યાંથી જવાનુ રેહ તે સંજોગોમા તેઓએ તેઓ કરી શકે તેટલી ગંભીર ઈજાઓ નિપજાવેલ છે તેથી તેમનો ઈરાદો મૃત્યુ નિપજી શકે તેવી ગંભીર ઈજાઓ કરવાનો ઈરાદો અથવા જ્ઞાન હોવાનુ કહી શકાય. નામદાર સુપ્રિમકોર્ટનો ઉપરોકત ચુકાદો વંચાણે લેતા આરોપીઓનુ કૃત્ય ઈ.પી.કો.કલમ–300 અન્વયે ખૂન ગણી શકાય તેવો સાપરાધ મનુષ્યવધ માનવામાં આવે છે.

**૪૪.૧** ઉપરોકત ફરીયાદી / ઈજા પામનાર તેમજ બનાવ નજરે જોનાર હંસાબેન, મયુરભાઈ તથા અક્ષયભાઈનો પુરાવો એકસાથે ધ્યાને લેવામાં આવે તો તમામ સાહેદોએ

બનાવ હકીકતોને સમર્થનકારી પુરાવોઆપેલ છે, મેડીકલ પુરાવો પણ ફરીયાદપક્ષને સમર્થનકારી જણાઈ આવે છે, તપાસ કરનાર અમલદારોએ તટસ્થ અને નિષ્પક્ષ રીતે તપાસ કરેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા આરોપીઓની એક યા બીજા ગુનામા સ્પષ્ટપણે સંડોવણી હોવાનુ ફરીયાદપક્ષ પુરવાર કરવામા સફળ રહેલ છે.

**૪૫.** અત્રે એ વાતની નોંધ લેવી જરુરી છે કે, ફરીયાદી એ એન્સાઈકલોપીડીયા એટલે કે દરેક વિગત આવરી લેતો જ્ઞાનકોષ નથી. કાયદાનો એ પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, એફ.આઈ.આર.માં દરેક નાની નાની અને ઝીણી ઝીણી વિગતોની માહિતી હોવી જરુરી નથી, અને જો ફરીયાદમાં નાની નાની અને ઝીણી ઝીણી વિગતો બનાવ સબંધી આપવામાં આવેલ ન હોય તો તે કારણથી ફરીયાદ શંકાસ્પદ છે તેમ કહી શકાય નહી. દરેક ફરીયાદમાં દરેક નાની નાની વિગતો હોવી જ જોઈએ તેવુ જરુરી નથી. ફરીયાદમાં બનાવ કઈ રીતે બન્યો તેટલો જ ઉલ્લેખ હોય તો તે પુરતુ છે. ખાસ કરીને ખુન કેસમાં ફરીયાદ વહેલામાં વહેલી તકે નોંધાયેલ હોય તે જરુરી છે. નહી કે, ફરીયાદમાં દરેક નાની નાની વિગતોનો ઉલ્લેખ હોય. વધુમાં એ વાત નોંધવી જરુરી છે કે, ક્રિ.પ્રો.કો.કલમ–૧૫૪(૧) મુજબ ગુના અંગેની પ્રથમ માહિતી જયારે પોલીસ સ્ટેશનમાં આપવામાં આવે ત્યારે તેવી ફરીયાદમાં બનાવ અંગેની મહત્વની વિગતો હોવી જરુરી છે અને હાલના કેસમાં પણ ફરીયાદી કે જેઓ ઈજા પામનાર છે તે રમેશભાઈ રસીકભાઈએ જે બનાવ બન્યો તે અંગેની મહત્વની હકીકતો તેમાં જણાવવામાં આવેલ છે, ફરીયાદમાં આરોપીઓ પૈકી આરોપી દેવરાજભાઈ ભરવાડનો નામજોગ તેમજ બે અજાણ્યા ઈસમોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે જે અજાણ્યા ઈસમોને મામલતદારશ્રી સમક્ષના ઓળખ પરેડના પંચનામા સમયે આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈ તરીકે ઓળખી બતાવેલ છે અને કયા આરોપી ધ્વારા મરણ જનારને તેમજ તેઓને શું ઈજા પહોંચાડી તેનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે ત્યારે તે ફરીયાદ ખોટી છે કે તે શંકા ઉપજાવે તેવી છે તેવુ કહી શકાય નહીં. ફરીયાદી

/ઈજા પામનારના પુરાવાને બનાવ નજરે જોનાર સાહેદ મયુરભાઈ તથા અક્ષયભાઈ તથા હંસાબેનના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે.

**૪૬.** આરોપીઓ તરફે આ કામે જે ડીસ્કવરી પંચનામા રજુ કરવામા આવેલ છે તેનો પ્રથમ ભાગ જોતા તેમા આરોપીઓએ કોઈ ચોકકસ હકીકત એટલે કે તેઓએ હથીયારો કોઈ ચોકકસ સ્થળે સંતાડેલ છે તેવુ જણાવતા નથી, તેથી બીજા ભાગના પંચનામામાં જે મુદ્દામાલ હથીયારો પાઈપ, લાકડી, ધારીયુ, મળી આવેલ છે તે પુરાવામા ગ્રાહય રાખી શકાય નહી તેવી દલીલ કરેલ છે તે અન્વયે આ કામે આંક–૮૭, આંક–૯૩, વાળા પંચનામામા આરોપીઓએ ચોકકસ સ્થળ કે જયાં હથીયાર સંતાડેલ છે તે જણાવેલ નથી, પરંતુ તમામ પંચનામા વંચાણે લેતા આરોપીઓએ ગુનામાં વાપરેલ હથીયારો બાબતે કંઈ કહેવા તથા બતાવવા માંગતા હોવાની સ્વખુશી દર્શાવેલ છે. ગુનામાં વાપરેલ હથીયાર બાબત એટલે કે પાઈપ, લાકડી, ધારીયુ, બાબતે તેવુ વાંચી શકાય તેમ છે, ત્યારબાદ આરોપીઓના જણાવ્યા મુજબના સ્થળ ઉપર વાહન લઈને તપાસનીશ અમલદાર જતા આરોપીઓએ હથીયારો શોધી કાઢી આપેલ છે. આરોપીઓએ આંક–૮૭ વાળા ડીસ્કવરી પંચનામા મુજબ ઢાંકણીયા રોડ ઉપર આવેલ હનુમાનજી મંદીરના આગળના ભાગે આવેલ કપચીના ઢગલા અને મંદીરના આગળના ભાગે લગાડેલ જાળી પાસે દિવાલને અડીને પડેલ હથીયારો તથા કપડા શોધી બતાવેલ છે તેમજ આંક–૯૩ વાળા ડીસ્કવરી પંચનામા મુજબ આરોપી વશરામભાઈએ સબીહા હોસ્પિટલ આગળથી હરણકુઈ સોસાયટીમા આવેલ રાજુભાઈના દવાખાના પાસે ઢોરા ઉપર આવેલ શેરીમા પાકુ ધાબાવાળુ પતરાના દરવાજા વાળુ મકાન જે તેઓના ભાઈ હરજીભાઈ શીયાળીયાનાઓનુ હોવાનુ જણાવેલ અને તે મકાનમાથી બે પ્લાસ્ટીકની કોથળીઓ કપડા ભરેલી રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરવામા આવેલ હોવાનુ જણાઈ આવે છે ત્યારે ફરીયાદપક્ષ ડીસ્કવરી પંચનામા મુજબના હથીયારો તથા કપડા આરોપીઓએ શોધી બતાવતા તે પંચો

રુબરુ કબજે થયાનુ પુરવાર કરવામાં સફળ થયેલ હોવાનુ માની શકાય તેમ છે.

**૪૭.** ફરીયાદપક્ષના કેસની હકીકતો અને ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમજ આંક–૭૪ થી બનાવ સ્થળનુ પંચનામુ રજુ થયેલ છે તે વંચાણે લેતા એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, હાલના આરોપીપક્ષ અને ફરીયાદપક્ષ વચ્ચે ઢાંકણીયા રોડ ઉપર રાધેક્રિષ્ના સોસાયટી–૩ માં રહેતા ફરીયાદીના રહેણાંકી મકાન પાસે બનેલ હોવાનુ અને બનાવ બનવાનુ કારણ આંક–૪૧ ની ફરીયાદ હકીકત તેમજ ફરીયાદીના પુરાવા મુજબ બનાવના બે દિવસ પહેલા આરોપી દેવરાજભાઈએ ફરીયાદીના ફોન ઉપર દારુ માંગેલ જેથી ફરીયાદીએ હવેથી દારુની માંગણી ફરી કરવી નહી અને તેઓ આવો કોઈ ધંધો કરતા નથી તેમ જણાવતા તેઓ ઉશ્કેરાઈ ગયેલ અને તુ ઘરે પહોંચ તેમ કહી જતા રહેલ અને ફરીયાદી ઘરે પહોંચતા આરોપીઓએ ફરીયાદી તથા તેમના ભાઈ મેહુલભાઈ સાથે મારા મારી કરેલ હોવાનુ ફરીયાદપક્ષનુ કથન છે, જેમાં હાલના આરોપીઓ વિરુધ્ધ આંક–૪૦ ના ફરીયાદી રમેશભાઈ રસીકભાઈ શિયાળે ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની ફરીયાદ નોંધાવેલી છે. આ કામે ફરીયાદપક્ષે આંક–૪૦ થી તપાસવામા આવેલ ઈજા પામનાર/ ફરીયાદી રમેશભઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળ, આંક–૬૫ થી તપાસવામાં આવેલ સાહેદ હંસાબેન રસીકભાઈ શીયાળ, આંક–૬૭ થી તપાસવામાં આવેલ સાહેદ મયુરભાઈ દિનેશભાઈ નારણકા તથા આંક–૭૧ થી તપાસવામાં આવેલ સાહેદ અક્ષયભાઈ ઘનશ્યામભાઈ ગોહીલના પુરાવાનુ મુલ્યાંકન કરતા એ હકીકત નિ:શંકપણે માની શકાય તેમ છે કે, બનાવના બે દિવસ પહેલા આરોપી દેવરાજભાઈએ ફરીયાદીના ફોન ઉપર ફોન કરીને દારુ માંગેલ હતો, જેથી ફરીયાદીએ બનાવના દિવસે આરોપી દેવરાજભાઈ તેઓને મળતા આરોપી દેવરાજભાઈને ફરીયાદીએ તેમના ફોન ઉપર

ફોન નહી કરવાનુ અને તેઓ દારુનો ધંધો કરતા ન હોવાનુ કહેતા તે બનાવની દાઝ રાખી આરોપી દેવરાજભાઈ તેમની સાથે બે આરોપીઓને લઈ ફરીયાદીના ઘર પાસે ગયેલ અને આરોપી દેવરાજભાઈએ લોખંડના પાઈપનો એક ઘા ફરીયાદીના ભાઈ મેહુલભાઈના માથાના પાછળના ભાગે મારેલો જેથી તેઓ પડી ગયેલ, આરોપી વશરામભાઈએ ધારીયુ વડે મેહુલભાઈના ડાબા કાનની ઉપરના ભાગે મારેલ અને બીજો ઘા તેઓ ઉપર કરતા તેઓએ વચ્ચે હાથ રાખતા તેઓના અગુઠા તથા અંગુઠાની બાજુની આંગળી ઉપર વાગતા અંગુઠો થોડો કપાઈ ગયેલ અને આંગળી આખી કપાઈ ગયેલ તેમજ ધારીયાનો ત્રીજો અને ચોથો ઘા તેઓના માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથા ઉપર મારેલ તે દરમ્યાન તેઓના ઘા બાપુજી ફળીયામા હતા તેઓ આવી જતા ઘમા મંડલીએ લાકડાના ગેડાનો ઘા તેમના બા ના માથા ઉપર કરેલો અને બીજો ઘા તેઓના ડબા પગ ઉપર કરેલ તેમજ વશરામભાઈએ ધારીયુ જમણા પગના નળામા મારેલ અને ત્રણેય જણા જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા તે વખતે તેમના બંને મિત્રો અને તેમના બા બાપુજીએ તેઓને વધુ મારથી બચાવેલ અને ત્રણેય જણા ત્યાં જતા રહેલા અને કહેતા ગયેલ કે હવે તેઓને ઉભા રાખશે તો તેમને જાનથી મારી નાાંખશે તેવી હકીકત જણાવેલ છે. આ કામે ઉપરોકત હકીકતે ગુજરનાર મેહુલભાઈને આરોપી દેવરાજભાઈએ લોખંડના પાઈપનો એક ઘા માથાના પાછળના ભાગે મારી ગંભીર ઈજા પહોચાડેલ તેમજ આરોપી વશરામભાઈએ ધારીયુ મેહુલભાઈના ડાબા કાનની ઉપરના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડેલ તે હકીકતે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ વિસ્તૃત ઉલટતપાસમાં ખંડન થઈ શકતુ નથી. આમ, આ બનાવમાં ઈજા પામેલ મેહુલભાઈનુ તા.૨૪/૮/૨૦૧૯ ના રોજ અવસાન થયેલ હોય અને આંક–૫૪ વાળી પી.એમ. નોટમાં મેહુલભાઈનુ મૃત્યુ શરીર પર થયેલ વિવિધ ઈજાના કારણે થયેલ હોવાનુ ડોકટર ધ્વારા જણાવવામાં આવેલ છે.આંક–૫૨ ના ડો.હેમલભાઈ કમલેશભાઈ

મોગાનો મૌખિક પુરાવો ધ્યાને લેતા મેહુલભાઈને ઈજા નં–૧ થી ૬ મુજબ માથાની પાછળના ભાગે વિવિધ જગ્યાએ લેસરેશન (ફાટેલી ઈજા) ઈજા હોવાનુ તેમજ ઈજા નં–૭,૮ ડાબી બાહુ પર હોવાનુ, ઈજા નં–૯ ડાબી બાજુ પીઠના ભાગે હોવાનુ, ઈજા નં–૧૦ ડાબી જાંઘ પર હોવાનુ, ઈજા નં–૧૧ ડાબી આંઠમી પાંસળી ભાંગેલી હોવાનુ અને તેને સંલગ્ન ફેફસાના ભાગ પર મુંઢ ઈજા હોવાનુ ગુજરનારને થયેલ ઈજા પાઈપ, લાકડી તથા ધારીયાના હાથા/ ડંડાના ભાગથી થઈ શકે તેમ હોવાનુ જણાવેલ છે તે બાબત ધ્યાને લેતા ગુજરનાર મેહુલભાઈને આરોપી દેવરાજભાઈ તથા વશરામભાઈએ પાઈપ તથા ધારીયાથી જે ઈજા પહોચાડવામાં આવેલ છે તેનાથી ગુજરનાર મેહુલભાઈનુ મૃત્યુ થયેલ હોવાનુ માની શકાય તેમ છે. વધુમા મેહુલભાઈને થયેલ ઈજા અંગેની પ્રાથમીક સારવાર આપનાર બોટાદ જનરલ હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડો.કવિતાબેનના આંક–૫૭ નો મૌખિક પુરાવો તથા આંક–૫૮ નુ સર્ટીફીકેટ રજુ છે તેમા હીસ્ટ્રી ઈજા પામનારના પિતા રસીકભાઈએ આપેલ છે જેમા ત્રણ અજાણ્ય ભરવાડે ધારીયા અને લાકડી વડે માથાના ભાગે, ડાબા હાથે, પાછળની પીઠના ડાબી સાઈડે મારેલ હોવાનુ જણાવેલ છે. જયારે અન્ય ઈજા પામનાર ફરીયાદી રમેશભાઈએ હીસ્ટ્રીમા દેવરાજભાઈ ભરવાડ અને બીજા બે અજાણ્યા ઈસમોએ ધારીયા વડે માથાના ભાગે જમણા હાથે અને ડાબા હાથે ઈજા કરેલ હોવાનુ જણાવેલ છે. જયારે ફરીયાદી ઈજા પામનારને થયેલ ઈજા અંગેની વધુ સારવાર આપનાર ભાવનગર સર ટી.હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડોકટર સારીકાબેનનો આંક–૬૧ થી મૌખિક પુરાવો અને આંક–૬૨ નુ સર્ટીફીકેટ રજુ છે તેમાં હીસ્ટ્રી ઈજા પામનારના પિતા રસીકભાઈએ આપેલ છે તેમાં ત્રણ વ્યકિતઓ પૈકી દેવરાજભાઈ ભરવાડ તથા બે અજાણ્યા ઈસમોએ ઈજા પહોંચાડેલ હોવાનુ જણાવેલ છે. એ હકીકત નોંધવી જરુરી છે કે, બે અજાણ્યા ઈસમોનો જે ઉલ્લેખ થયેલ છે તે ફરીયાદી તથા સાહેદ હંસાબેન, સાહેદ મયુરભાઈ, સાહેદ અક્ષયભાઈ

તમામે ઓળખ પરેડના પંચનામા સમયે શકમંદ આરોપી વશરામભાઈ તથા ધર્મેશભાઈ ઉર્ફે ધમો મંડલીને ઓળખી બતાવેલ છે, જેમા તમામ આરોપીઓએ લોખંડની પાઈપ, ધારીયુ તથા લાકડાના ગેડા વડે મરણ જનાર મેહુલભાઈ તથા ફરીયાદીને માર મારી, ગંભીર ઈજા પહોંચાડી, મેહુલભાઈનુ મૃત્યુ નિપજાવેલ છે તેમજ ફરીયાદીને ગંભીર ઈજા પહોચાડી ખુન કરવાની કોશીષ કરેલ છે

૪૮. બચાવપક્ષે ડીસ્કવરી પંચનામા બાબતે જે તકરાર લીધેલ છે તે બાબતે જોઈએ તો જયાં સુધી જોઈન્ટ રીકવરીનો સવાલ છે ત્યાં સુધી એવું જરુરી નથી કે, તેવા દરેક કીસ્સામાં કે જેમાં જોઈન્ટ રીકવરી કરવામાં આવેલ હોય, તેવા દરેક કીસ્સામાં જોઈન્ટ રીકવરી ફરીયાદ પક્ષને નુકશાન જ કરે. આમ, નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એન.ટી.સી. વિરુધ્ધ નવજોત સિંઘુ, એ.આઈ.આર.–૨૦૦૫, નામદાર સુપ્રિમકોર્ટ – ૩૮૨૦ (અફજલ ગુરુ) ના કેસમાં ઘણા બધા જજમેન્ટોને ધ્યાને લીધા બાદ તે ચુકાદાના પેરા નં.૧૪ માં એવું ઠરાવેલ છે કે, જયારે, આરોપીઓ ધ્વારા કોઈપણ જાતનો વિરામ વગર એકસાથે હથીયાર અંગેની માહિતી આપેલ હોય અને તેવી માહિતી મહત્વની હકીકતો જાહેર થતી હોય તો ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨૭ હેઠળ તે નહીં માનવા કોઈ કારણ નથી. આ કામે આરોપીઓએ આંક–૮૭ વાળા ડીસ્કવરી પંચનામા મુજબ ઢાંકણીયા રોડ ઉપર આવેલ હનુમાનજી મંદીરના આગળના ભાગે આવેલ કપચીના ઢગલા અને મંદીરનાાગળના ભાગે લગાડેલ જાળી પાસે દિવાલને અડીને પડેલ હથીયારો તથા કપડા શોધી બતાવેલ છે તેમજ આંક–૯૩ વાળા ડીસ્કવરી પંચનામા મુજબ આરોપી વશરામભાઈએ સબીહા હોસ્પિટલ આગળથી હરણકુઈ સોસાયટીમા આવેલ રાજુભાઈના દવાખાના પાસે ઢોરા ઉપર આવેલ શેરીમા પાકુ ધાબાવાળુ પતરાના દરવાજા વાળુ મકાન જે તેઓના ભાઈ હરજીભાઈ શીયાળીયાનાઓનુ હોવાનુ જણાવેલ અને તે મકાનમાથી બે પ્લાસ્ટીકની કોથળીઓ કપડા ભરેલી રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરવામા

આવેલ હોવાનુ જણાઈ આવે છે ત્યારે ફરીયાદપક્ષ ડીસ્કવરી પંચનામા મુજબના હથીયારો તથા કપડા આરોપીઓએ શોધી બતાવતા તે પંચો રુબરુ કબજે થયાનુ પુરવાર કરવામાં સફળ થયેલ હોવાનુ માની શકાય તેમ છે. આમ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૮૭ તથા આંક–૯૩ ના જે પંચનામા રજુ થયેલ છે તે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨૭ મુજબ કરેલાનુ સ્પષ્ટપણે સાબિત થાય છે. સદરહું પંચનામા ધ્વારા જોઈન્ટ ડીસ્વકરી કરેલ હોવાના કારણથી તે ગેરકાયદેસર છે, તેમ અફઝલ ગુરુના કેસમાં જે સિંધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે તેના ઉપરથી કહી શકાય તેમ નથી.

હવે આ હકીકત ધ્યાને લેતા નામદાર સુપ્રિમ કોર્ટનાં **હરીવદન બાબુભાઈ પટેલ વિરુધ્ધ ગુજરાત રાજયનો ચુકાદો જે ૨૦૧૪(૨) જી.એલ.આર.** વંચાણે લઈએ તો તેમાં નીચે મુજબ ઠરાવેલ છે.

> **(B) Evidence Act, 1872 (1 of 1872) - Secs. 8 & 27 - Indian Penal Code, 1860 (45 of 1860) - Secs. 302 & 201 - Held, discovery/recovery of incriminating facts/recovery of dead body etc., admissible under Sec. 8 of Evidence Act, even if panch witnesses have turned hostile.**
>
> It is submitted that the confession part is absolutely inadmissible and that apart, when the panch witnesses had not supported the panchnama, the recovery or discovery of the seized articles cannot be utilised against the appellant. There can be no shadow of doubt that the confession part is inadmissible in evidence. It is also not in dispute that the panch witnesses have turned hostile but the facts remains that the place from where the dead body of the deceased and other items were recovered was within the special knowledge of the appellant. (Para 16)
>
> In the case at hand, the factum of information related to the discovery of the dead body and other articles and the said information was within the special knowledge of the present appellant. Hence, the doctrine of

confirmation by subsequent events is attracted, and therefore, the Court has no hesitation in holding that recovery or discovery in the case at hand is a relevant fact or material which can be relied upon and has been correctly relied upon. (Para 20)

**૪૯.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો, આરોપીઓનો બચાવ, સરકારશ્રી તરફેની દલીલ ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, આ કામના મરણ જનારનું મૃત્યુ તે મનુષ્યવધ હતું અને આગળ વધતા સાપરાધ મનુષ્યવધ પુરવાર કરવા ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ મરણ જનારને પાઈપ, ધારીયા, લાકડાના ગેઠા જેવા હથીયારો વડે ઘા મારેલ છે અને આરોપીઓના આ કૃત્યના કારણસર મરણ જનારના શરીર પર ઘાતક ઈજા થયેલ એટલે કે એવી ઈજા તેના ઉપર પહોંચાડેલી કે તે ઈજાના કારણસર તેનું મૃત્યુ નિપજેલ. ત્યારે આરોપીઓનો ચોકકસપણે મેહુલભાઈનુ મૃત્યુ નિપજાવવાનો ઈરાદો હતો તેવુ કહી શકાય.

આરોપીઓનું આ કૃત્ય ધ્યાને લઈએ તો કોઈપણ સામાન્ય સમજ ધરાવતી વ્યકિત અન્ય વ્યકિતને ધારીયા, પાઈપ, લાકડાના ધોકા વડે કાનની ઉપરના ભાગે માથા પર તથા માથાના પાછળના ભાગે મારશે તો તેનું મૃત્યુ નિપજશે તેવા જ્ઞાન અને મૃત્યુ નિપજવાનો સંભવ છે તેટલી સમજ ધરાવતો હોય. માટે આરોપીઓનું કૃત્ય તે સાપરાધ મનુષ્યવધ કહી શકાય તેવો ગુનો છે અને હાલના આરોપીઓએ જે કૃત્ય કરેલ છે તે સાપરાધ મનુષ્યવધના પરીધિમાં આવે છે.

**૫૦.** બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદ પક્ષે બનાવના સ્થળે હાજર રહેલ અન્ય સાહેદોને તપાસેલ નથી. આમ ફરીયાદ પક્ષ ધ્વારા મહત્વના સાહેદોને તપાસેલ ન હોય ફરીયાદ પક્ષ ધ્વારા મહત્વની હકીકત કોર્ટ સમક્ષ છુપાવવાનો પ્રયત્ન કરેલ હોઈ ફરીયાદ પક્ષનો કેસ માનવો જોઈએ નહી.

બચાવ પક્ષની આ દલીલમાં તથ્ય નથી કારણ કે, ફરીયાદ પક્ષ માટે એવુ જરુરી નથી કે, બનાવના જેટલા નજરે જોનાર કે ઈજા પામનાર સાહેદો હોય તેઓને ફરીયાદ પક્ષે તપાસવા જ જોઈએ. ફરીયાદ પક્ષે તેનો કેસ યોગ્ય લાગે તે રીતે કોર્ટ સમક્ષ રજુ કરવાનો હોય છે. અને જો અમુક સાહેદોની જુબાની પરથી ફરીયાદ પક્ષને એવુ લાગે કે તેણે તેનો કેસ યોગ્ય અને વ્યાજબી રીતે કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તો તેવા કીસ્સામાં સરકારી વકીલશ્રી પાસે એવી સત્તા છે કે તેને જેટલા જરુરી જણાય તેટલા સાહેદોને તે તપાસી શકે અને નહીં કે દરેક નજરે જોનાર કે દરેક ઈજા પામનાર સાહેદોને તે તપાસે.

**૫૧.** હવે જોઈએ આરોપીઓનું કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૦ પૈકી કોઈ અપવાદમાં આવે છે કે કેમ? **આ કામે આરોપીઓ તરફે એવો બચાવ લેવામાં આવેલ કે જે આરોપીને ઈ.પી.કો. કલમ–૩૦૦ ના અપવાદ નં.૪ નો લાભ આપી શકે તેમ છે. આથી અદાલતે કેસના સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈ આરોપીનો કિસ્સો કોઈ અપવાદમાં પડે છે કે કેમ તે જોવાનું રહે છે. સામાન્ય રીતે આરોપીઓનો કોઈ કેસ કલમ–૩૦૦ ના વિશિષ્ટ અપવાદમાં પડે છે તે સાબિત કરવાની જવાબદારી બચાવ પક્ષની છે, આ પુરાવાના બોજાનો નિયમ છે. ગુનો સાબિત કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે, જ્યારે અપવાદ પુરવાર કરવા માટેના પુરાવાનો બોજો આરોપી ઉપર રહે છે.**

**૫૨.** હવે આરોપીઓ તરફે જે ઈ.પી.કો. કલમ ૩૦૦ નાં અપવાદમાં કેસ પડે છે કે કેમ તે બાબતે આગળ ચર્ચા કરતા અગાઉ ઈ.પી.કો. કલમ–૩૦૦ ના અપવાદ ૪ નીચે મુજબ છે.

સાપરાધ મનુષ્યવધ કયારે ખુન નથી–

અપવાદ–૧ ×××

અપવાદ–૨ ×××

અપવાદ–૩ ×××

અપવાદ–૪: પુર્વનિર્ણય વગર ઓચીંતો ઝઘડો થતા આવેશની તીવ્રતામાં થયેલ ઓચીંતી મારામારીમાં અને ગુનેગારે સદોષ લભા લીધા વગર અથવા ક્રુરતાથી કે અસાધારણ રીતે વર્તયા વગર સાપરાધ મનુષ્યવધ કર્યો હોય તો તે ખુન નથી.

**સમજુતિ :** આવા કિસ્સાઓમાં કયા પક્ષે ઉશ્કેરાટનું કારણ આપ્યુ છે અથવા પહેલો હુમલો કોણે કર્યો છે તે મહત્વનું નથી.

**૫૩.** ઉપરોકત અપવાદ તે ઓચીંતી મારામારીના કિસ્સાઓમાં લાગુ પડે છે અને તે સામસામે મારામારી અને ઓચીંતી મારામારી કે જેમા બંને પક્ષ પુર્વગ્રહ ધરાવે છે અને બંને પક્ષનો ઈરાદો ચોકકસ પરિણામ લાવવાનો હોય છે, તેમાં ઈરાદો હોતો નથી, તૈયારી હોતી નથી પરંતુ વ્યકિત પોતાની જાત ઉપર કાબૂ ગુમાવી દેવાથી ગુનો કરી બેસે છે અને આવેશની તીવ્રતામાં જે કાંઈ હાથમાં આવે તેનો ઉપયોગ હથિયાર તરીકે કરે છે. આ અપવાદના તત્વો ઓચીંતી મારામારી અને તેના કારણે આવેશની તીવ્રતામાં આરોપીના કૃત્ય દ્વારા સાપરાધ મનુષ્યવધ થાય અને જેમા પુર્વનિયોજીત ઈરાદો ન હોય અને આરોપીએ કોઈ ગેરવાજબી લાભ લીધો નથી કે ક્રુરતાથી વર્તયા ન હોય તે કહી શકાય. આવા કિસ્સાઓમાં આરોપીએ ગેરવાજબી લાભ લીધો હતો કે કેમ ? તે ગુજરનારને થયેલ ઈજાનો પ્રકાર, શરીરના કયા ભાગ ઉપર ઈજા થયેલ છે તેમજ હથિયારની ઉપલબ્ધતા તેમજ ઝઘડાનું કારણ તે ઉપરથી નકકી થાય છે.

**૫૪.** ઉપરોકત સંજોગો જોતા જયારે આરોપીઓનુ કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૦ ના અપવાદમા આવરી શકાય તેમ નથી. વિકલ્પે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા અત્રેની કોર્ટ સમક્ષ એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ગુનાના કામે આરોપીઓને પણ નાની મોટી ઈજાઓ થયેલી અને તે ઈજાઓ અન્વયે તેઓને હોસ્પિટલમા સારવાર

કરવા લઈ જવામાં આવેલ પરંતુ આરોપીઓને જે ઈજાઓ થઈ છે તે ઈજાઓ અંગેનો કોઈ ખુલાસો ફરીયાદપક્ષ ધ્વારા અત્રેની આવેલ નથી અને કાયદાનો એ પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે જયારે આરોપી પક્ષને થયેલ ઈજા અંગે ખુલાસો ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ ન હોય ત્યારે તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ, પરંતુ ઉપરોકત કરેલ વિગતવારની ચર્ચા મુજબ બનાવના બે દિવસોમા જ અટક કરવામાં આવેલ છે અને તેમના અટક પંચનામાઓ વંચાણે લેતા તેઓને કોઈ ઈજા કે મારઝુડના નિશાન જણાઈ આવેલ નથી તેથી ઓચિંતી મારા મારીનો બનાવ જણાઈ આવતો નથી તેથી બચાવપક્ષની આ દલીલ પણ ટકવા પાત્ર નથી.

**૫૫.** આ કામે ફરીયાદી અને નજરે જોનારની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમાં રહેલી વિરોધાભાસી હકીકતોથી આરોપીઓ વિરુધ્ધ શંકા ઉત્પન્ન થાય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષના મોટા ભાગના સાહેદો ફરીયાદીના સબંધી થતા હોય તેવા એક માત્ર કારણથી ફરીયાદ પક્ષનો પુરાવો નહી માનવા માટેનુ કોઈ કારણ જણાતુ નથી. આ તબકકે **નામદાર સુપ્રિમ કોર્ટના ગણપથી વિ. સ્ટેટ ઓફ તામીલનાડુ ૨૦૧૮ (૦)એઆઈજેઈએલ એસસી ૬૧૯૯૦ ના ચુકાદામા પેરા–૧૪ માં ઠરાવેલ છે કે,** Merely because the eye-witnesses are family members their evidence cannot per se be discarded. When there is allegation of interestedness, the same has to be established. Mere statement that being relatives of the deceased they are likely to falsely implicate the accused cannot be a ground to discard the evidence which is otherwise cogent and credible. Relationship is not a factor to affect credibility of a witness. It is more often than not that a relation would not conceal actual culprit and make allegations against an innocent person. Foundation has to be laid if plea of false implication is made [See : Maranadu and Anr. v. State by Inspector of Police, Tamil Nadu, (2008) 16 SCC 529].

આમ ઉપર મુજબના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદીએ ઈજા પામનાર એકબીજાના ફેમીલી રીલેટીવ હોવાથી તેઓની જુબાની ફરીયાદ પક્ષના કેસના પુરાવાને ડીસ્કાર્ડ કરી શકાય નહીં.

**૫૬.** આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા આધારે આરોપીઓએ ગુજરનારનું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે તેવી શારીરિક હાનિ પહોંચાડવાના જ્ઞાન સાથે ઈજા પહોંચાડી મૃત્યુ નિપજાવેલ છે ત્યારે આરોપીઓનું કૃત્ય જોતાં મરણ જનારનું મૃત્યુનુ કારણ શરીર પર થયેલ વિવિધ ઈજાઓ હોવાના કારણે થયેલ હોય આરોપીઓ ધ્વારા કરવામાં આવેલી ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી ન હતી તેવું કહી શકાય નહિ.

**૫૭.** આ કામે મુદા નં–૨ અને ૩ ની ચર્ચા સાથે કરવાનુ નકકી કરેલ છે તે સંજોગોમા જોઈએ તો મુદા નં–૩ મા આ કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૭,૩૨૩ મુજબના ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે, ત્યારે ઈ.પી.કો.કલમ–૩૦૭ માં કરવામાં આવેલ જોગવાઈઓ તરફ જોવામાં આવે તો, કોઈપણ વ્યકિત જયારે કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા તો એવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે, તે કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તો ખુન માટે દોષીત થાત અને તેવા કૃત્યથી કોઈને ઈજા થાય તો તે કલમમાં દર્શાવવામાં આવેલ સજા માટે જવાબદાર થાય. જયારે કોઈ વ્યકિત આજીવન કેદની સજા ભોગવતી હોય ત્યારે તે આ પ્રમાણેનું કૃત્ય કરી ગુનો કરી વ્યાથા કરે તો તે માટે પણ મહતમ સજાની જોગવાઈ કરી શકાય તેમ પ્રબંધ કલમમાં કરવામાં આવેલ છે. આ જોગવાઈમાં કૃત્ય કરવા માટે જે પુર્વ શરતો દર્શાવવામાં આવેલ છે તેમાં તે કૃત્ય ઈરાદાથી હોવું જોઈએ તેમજ જો ઈરાદો ન હોય તો તે કૃત્ય એવા

જ્ઞાન સાથે હોવું જોઈએ કે તે અને આ બંન્ને સંજોગોમાં જયારે ઈરાદા સાથે કરવામાં આવતું હોય અથવા તો જ્ઞાન સાથે કરવામાં આવતું હોય ત્યારે બન્ને સાથેના સંજોગોમાં એક સંજોગ કૃત્ય કરવા માટે હોય કે, તે સંજોગોને ધ્યાને લઈ કૃત્ય કરનાર વ્યકિતને તે કૃત્ય કરવા માટે તે સંજોગોને આધીન જવાબદાર ઠરાવી શકાય. આ કલમની જોગવાઈઓમાં સ્પષ્ટ કરવા માટે તેમજ જોગવાઈને સારી રીતે સમજવા માટે જે દ્રષ્ટાંતો આપવામાં આવેલ છે તે તમામ દ્રષ્ટાંતોને પણ જો ધ્યાને લેવામાં આવે તો પ્રથમ ઈરાદો અને ત્યારબાદ ઈરાદા સાથે કૃત્ય કરવા માટે કયા સંજોગોમાં તે કૃત્ય કરવામાં આવેલ છે તે દર્શાવવામાં આવેલ છે. વધુમાં ઈરાદાપુર્વક કરવામાં આવેલ કૃત્ય કરવા માટે કયા પ્રકારની માનસિકતા વ્યકિતની અંદર પ્રવર્તે છે તેવું પણ જણાવવામાં આવેલ છે. વધુમાં કૃત્ય કરતી વખતે પ્રાથમીક તબકકે ઈરાદાના અનુસંધાને જે કૃત્ય કરવામાં આવે છે તે માટે જવાબદાર છે કે કેમ અને તે ઈરાદાના પ્રાથમીક કૃત્ય બાદ ઈરાદાના અનુસંધાને ઈરાદો અમલમાં મુકવામાં આવે છે ત્યારે તે કૃત્ય ગુન્હામાં રુપાંતરીત થાય છે કે કેમ તે માટે પણ દ્રષ્ટાંતો આપવામાં આવેલ છે. વધુમાં ઈરાદાના અનુસંધાને અમુક ભાગના કૃત્યો કરવા માટે જવાબદાર ઠરાવી શકાય કે કેમ? અને ત્યારબાદ અમુક ભાગના કૃત્યો કરવા માટે જવાબદાર ઠરાવી શકાય કે કેમ? તે માટે પણ દ્રષ્ટાંતો આપવામાં આવેલ છે.

**૫૮.** ઈ.પી.કો.કલમ–૩૦૭ ની જોગવાઈઓ ઉપરથી એવું જણાઈ આવે છે કે, આ સમગ્ર જોગવાઈઓમાં ત્રણ હિસ્સા છે, જેમાં પ્રથમ આજીવન કેદની સજા ભોગવતા ગુનેગાર દવારા જયારે ગુન્હા સ્વરુપે કૃત્ય કરવામાં આવે અને તેના કારણે ઈજા થાય. આ કલમની જોગવાઈ તેમજ કલમ–૩૦૦ ની જોગવાઈઓમાં તત્વત: કોઈપણ તફાવત નથી. ફકત એટલો જ તફાવત છે કે, હાલની જોગવાઈઓમાં ભોગબનનારનું મૃત્યુ થયેલ હોતું નથી, જયારે કલમ–૩૦૦ ની જોગવાઈઓમાં મૃત્ય થઈ ચુકયું હોય છે. આ કલમની

જોગવાઈઓમાં ભારતીય દંડ સહીતાની કલમ–૫૧૧ માં કરવામાં આવેલ જોગવાઈ કરતા વિશેષ પ્રબંધ કરવામાં આવેલ છે. કારણકે, આ પ્રકારના કૃત્યને ગંભીર પ્રકારના કૃત્ય તરીકે ગણી લેવામાં આવે છે. આ કલમની જોગવાઈઓમાં પણ અપરાધનું તત્વ જયારે વ્યકિતના ઈરાદામાં મોજૂદ હોય તેવું પણ જણાઈ આવે છે અને આ પ્રકારની જોગવાઈ એટલા હેતુસર કરવામાં આવેલ છે કે, માત્ર જયારે કોઈ ગુન્હો સંપૂર્ણ થતો ન હોય અને તે નિષ્ફળ જાય અને તે કૃત્ય કરવા માટે ઈરાદો અને જ્ઞાનના આધારે કરવામાં આવેલ હોય તો તેવી નિષ્ફળતાના કારણે કોઈ અપવાદરૂપ બની ન શકે, તેથી અમુક પ્રકારની જોગવાઈઓમાં તૈયારીને પણ ગુન્હો ગણી લેવામાં આવે છે. ત્યારબાદ અમુક કૃત્ય કરવામાં થી ગુન્હો સંપૂર્ણપણે બને છે તેવી જોગવાઈ પણ કરવામાં આવેલ છે અને તેથી અમુક સંજોગોમાં વિશિષ્ટ સંજોગોને ઘ્યાને રાખી કોઈપણ કૃત્ય ગુન્હા સ્વરૂપે કરવામાં આવે ત્યારે તેને સંપૂર્ણ કરવા માટે કોશીષ કરવામાં આવે ત્યારે પણ તેને ગુન્હો ગણી લેવામાં આવે છે. કારણ કે, ગુન્હો આચરતી વખતે તેમાં અપરાધનું તત્વ મોજૂદ હોય છે. આ કલમમાં મહત્વના તત્વો ગુનાહિત ઈરાદો તેમજ ગુનાહિત જ્ઞાન નિશ્ચિત સં જોગો સાથે સમાવેલ હોય છે કે જે નિશ્ચિત સંજોગોને કારણે ઈરાદો પાર પાડવામાં સફળ થાય. તેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એમ જણાઈ આવે છે કે, જયારે કૃત્ય કરતી વખતે કોશીષ કરવામાં આવે ત્યારે ગુન્હો સંપૂર્ણ થવા માટે ઈરાદો થાય તેવું જરૂરી નથી. કોશીષ માટે કોઈપણ ઈરાદો થયેલ ન હોય તો પણ કોશીષ કરવા માટેનો ગુન્હો બની શકે. ગુનાહિત ઈરાદો તેમજ ગુનાહીત જ્ઞાનની માત્રા આ કલમમાં પણ તેટલા જ પ્રમાણમાં જરૂરી છે જેટલા માત્ર કલમ–૩૦૦ માં જરૂરી છે. મહત્વની બાબત ઈજા પહોંચાડવા માટેનો ઈરાદો અથવા તો જ્ઞાન છે, તેથી ગુનાહિત ઈરાદો તેમજ ગુનાહિત જ્ઞાન સાથે તેના અનુસંધાને કરવામાં આવેલ કૃત્ય આ કલમનું હાર્દ બને છે. કારણકે, ગુનાહિત સંભવિતતા દર્શાવે છે અને તે નિશ્ચિત પરીણામ લાવવા માટે ગણતરી પૂર્વકનું વર્તન પણ કહી શકાય તેમજ ગુનાહિત ઈરાદો એવી અવસ્થા દર્શાવે છે જેમાં કૃત્ય કરનાર વ્યકિતની સંભવિત

પરીણામમાં અપેક્ષા હોય છે અથવા તો જાણ હોય છે, તેમ છતાં તે વ્યકિત કૃત્ય કરે છે. ઉપરોકત ચર્ચા કરવાથી આ નિષ્કર્ષ નિકળે છે કે, આ કલમ તેમજ કલમ–૩૦૦ માં ફકત એટલો તફાવત છે કે, કલમ–૩૦૦ માં મૃત્યુ નિપજી જાય છે, જયારે આ કલમમાં મૃત્યુ નિપજતું નથી. આ સાથોસાથ એમ પણ જોવાનું હોય છે કે, માનસિક પ્રક્રિયા તેમજ માનસિક અવસ્થા જોઈ શકાય નહી કારણકે, વ્યકિતની અંદર માનસ–પરસ પર શું ચાલી રહયું છે તે જાણવા માટે સમગ્ર પુરાવાને ધ્યાને લઈ માનસિક પ્રક્રિયા અથવા તો માનસિક અવસ્થા નકકી કરવાની હોય છે અથવા તો નિશ્ચિત કરવાનું હોય છે. મહત્વની બાબત ઈરાદાનો પ્રકાર નહી, તે ગમે તેવો હોય, પરંતુ કેવા હથીયારથી કયા પ્રકારની ઈજા પહોંચાડવાનું ધાર્યુ હતું તથા તેની ઈજા પહોંચી હોત તો મૃત્યુ નિપજયું હોત કે કેમ? અને જો મૃત્યુ નિપજયું હોત તો તે સાપરાધ મનુષ્યવધ ખુન ગણાત કે કેમ? આ પ્રશ્નના જવાબ જો ''હા'' માં હોય તો, આ કલમ હેઠળ કોઈપણ ગુન્હો બને. તેથી અંતમાં એમ પણ કહી શકાય કે, આ કલમમાં પણ ઈરાદો, જાણકારી તેમજ જ્ઞાનના તત્વો કલમ–૩૦૦ મુજબ યથાવત રહે છે.

ઉપરોકત સમજ સાથે હાલના કેસનો પુરાવો જોઈએ તો ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદી રમેશભાઈના મૌખિક પુરાવા તેમજ બનાવ નજરે જોનાર સાહેદો મયુરભાઈ તથા અક્ષયભાઈ તથા હંસાબેનના મૌખિક પુરાવા તથા મેડીકલ પુરાવાની ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપી દેવરાજભાઈએ પાઈપ વડે ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટીને ડાબા હાથે મારી ઈજા પહોંચાડેલ તેમજ આરોપી વશરામભાઈએ ધારીયા વડે ફરીયાદી ઉપર ઘા કરતા ફરીયાદી રમેશભાઈએ વચ્ચે હાથ રાખતા તેમના અંગુઠા તથગા અંગુઠાની બાજુની આંગળી ઉપર વાગતા તેમનો અંગુઠો થોડો કપાઈ ગયેલ જયારે અંગુઠાની બાજુની આંગળી આખી કપાઈ ગયેલ તેમજ વશરામભાઈએ ધારીયાનો ત્રીજો અને ચોથો ઘા તેઓને માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથા ઉપર મારેલ તેમજ જમણા પગના નળામા મારેલ, જયારે આરોપી ધર્મેશ ઉર્ફે

ધમાએ લાકડાના ગેડાનો ઘા તેઓના ડાબા પગ ઉપર મારેલ અને તે રીતે આરોપીઓએ તેમને ઈજા પહોચાડેલ છે તે ઈજાઓ સંબંધે રેકર્ડ ઉપરનો રજુ તબીબી પુરાવો જોતા ફરીયાદી રમેશભાઈને થયેલ ઈજા અંગેની પ્રાથમી સારવાર આપનાર મેડીકલ ઓફીસર ડો.કવિતાબેનના આંક–પ૭ ના પુરાવા મુજબ દર્દી રમેશભાઈને તેઓએ સારવાર આપેલ હોવાનુ અને રમેશભાઈને તપાસતા જમણા હાથનો અંગુઠો નિકળી ગયેલ હતો, માત્ર ચામડીથી લટકી રહેલ હોવાનુ, જમણા હાથની પ્રથમ આંગળી આખી છુટી પડી ગયેલ હોવાનુ, માથના ભાગે કપાયેલો છુંદાયેલો ઘા ૩ સે.મી. × ૦.પ સે.મી. × ૦.પ સે.મી જમણા પરાઈટલ રીજીયનમા હોવાનુ, કપાયેલો છુંદાયેલો ઘા ૨ સે.મી. × ૦.પ સ.મી. × ૦.પ સી.મે. માથાના ભાગે ડાબા પરાઈટલ રીજીયનમા હોવાનુ તથા ડાબા હાથે સોજો હતો તેમજ દુઃખાવાની ફરીયાદ હોવાનુ અને રમેશભાઈને થયેલ ઈજા ગંભીર હોવાનુ અને ધારદાર પદાર્થથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ વાળુ ધારીયુ બતાવતા તે જોઈને રમેશભાઈને થયેલ ઈજાઓ સંભવી શકે તેમ હોવાનુ જણાવેલ છે તેમજ રમેશભાઈને થયેલ ઈજા અંગેની વધુ સારવાર આપનાર ભાવનગર સર ટી.હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડો.સારીકાબેનના આંક–૬૧ ના પુરાવા મુજબ પણ રમેશભાઈને માથાના ઉપરની બાજુએ, માથાના ડાબી બાજુએ, ટેમ્પોરલ બોનમા ડાબી બાજુએ, જમણા હાથની વચ્ચે આંગળી તથા અંગુઠો પુરો કપાયેલ હોવાનુ અને વચ્ચેની આંગળી સાથેની ચામડી લટકતી હોવાનુ, ડાબા ખભા, કોણી અને કાંડા ઉપર દુઃખાવો હોવાનુ, ડાબા પગે સોજો અને ઘસરકાના નિશાન હોવાનુ અને રમેશભાઈને થયેલ ઈજા ગંભીર હોવાનુ અને ધારદાર પદાર્થથી થઈ શકે તેવી હોવાનુ જણાવી મુદામાલ વાળુ ધારીયુ બતાવતા તે જોઈને રમેશભાઈને થયેલ ઈજાઓ સંભવી શકે તેમ હોવાનુ જણાવેલ છે.

ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા ધ્યાને લેવામાં આવે તો રેકર્ડ ઉપરના પુરાવામાથી આરોપી દેવરાજભાઈએ લોખંડના પાઈપ વડે ફરીયાદી રમેશભાઈના ડાબા હાથે

મારી ઈજા કરેલ હોવાનુ તેમજ આરોપી વશરામભાઈએ ધારીયા વડે ફરીયાદી ઉપર ઘા કરતા ફરીયાદીએ વચ્ચે હાથ રાખતા તેઓના અંગુઠા તથા અંગુઠાની બાજુની આંગળી ઉપર વાગતા અંગુઠો થોડો કપાઈ ગયેલ છે અને અંગુઠાની બાજુની આંગળી આખી કપાઈ ગયેલ છે તેમજ આરોપી વશરામભાઈએ ધારીયા વડે ફરીયાદીના માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથા ઉપર મારી ઈજા પહોંચાડેલ છે અને ફરીયાદીને થયેલ ઈજાઓની સારવાર કરનાર મેડીકલ ઓફીસર કવિતાબેન બાબુલાલ ચૌહાણના આંક–૫૭ ના મૌખિક પુરાવા તથા આંક–૫૮ ના મેડીકલ સર્ટીફીકેટથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે ત્યારે બંને આરોપીઓએ ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટીનુ ખુન કરવાની કોશીષ કરેલ હોવાનુ પણ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. ત્યારે આરોપીઓએ ફરીયાદીને હથીયારો વડે માર મારી, ગંભીર ઈજા પહોંચાડી ખુન કરવાની કોશીષ કરેલ હોવાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે અને તે રીતે આરોપીઓએ ઈ.પી.કો.કલમ–૩૦૭,૩૨૩ મુજબનો ગુન્હો કર્યાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે.

**૫૯.** આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયેનું તહોમત છે. ઈ.પી.કો. કલમ–૩૪ અન્વયે આરોપીઓને સંયુકત જવાબદારીના સિધ્ધાંત હેઠળ તકસીરવાન ઠરાવતા અગાઉ ગુના સમયે તેની તત્સમયની હાજરી આવશ્યક છે અને ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે તેઓ સમાન ઈરાદો હોવો જોઈએ તે અંગે આગળ વધતા જોઈએ તો આરોપી નં.૧ અને ૨ ધ્વારા કરવામા આવેલ ઈજાઓના કારણસર ગુજરનારનુ મૃત્યુ થયેલ છે તે હકીકત નિર્વિવાદ છે આરોપી નં–૧ નાએ ગુજરનારને માથાના ભાગે ગંભીર ઈજા કરેલ છે તેમજ આરોપી નં–૨ વશરામભાઈએ પણ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરેલ છે તે સિવાય આ કામના ફરીયાદીને આરોપી નં–૧ અ ને ૨

ધ્વારા ઈજાઓ કરવામાં આવેલ છે.પરંતુ ગુજરનારના શરીર પર થયેલ ઈજાઓ પૈકી કોઈપણ ઈજા આરોપી નં.૩ ધ્વારા કરવામા આવેલ હોય કે ગુજરનારનુ મૃત્યુ અને ફરીયાદીને થયેલ ઈજાઓ આરોપી નં–૩ ના કૃત્યના કારણસર થયેલ હોય તેવો પુરાવો મળી આવતો નથી. આરોપી નં.૩નું કૃત્ય જોઈએ તો તેઓ સ્થળ ઉપર હતા તે દરમ્યાન હુમલાથી માંડી ગુજરનારના મૃત્યુ સુધીનો સમગ્ર ઘટનાક્રમ પુરો થઈ જાય છે તે દરમ્યાન આરોપી નં–૩ ના એ માત્ર સ્થળ ઉપર બનાવ પછી કે ગુજરનાર નીચે પડી ગયા પછી ફરીયાદીના માતા હંસાબેન આવતા તેમને લાકડાના ગેડાથી મારેલ છે તેવો આક્ષેપ છે જે અંગે કોઈ ઈજા કે સારવાર તેઓએ લીધેલ નથી. પરંતુ જયારે કોઈ માતાનો એક બાળક ગુજરી ગયેલ હોય અને બીજો ગંભીર રીતે ઘાયલ હોય ત્યારે તેણે પોતાને થયેલ મુઢ મારની સારવાર ન પણ લીધી હોય, પરંતુ તેને ઈજા પહોંચાડેલ હોવાનો મૌખિક પુરાવો માની શકાય. એટલે કે સમગ્ર બનાવ દરમ્યાન આરોપીઓ વચ્ચે સ્થળ ઉપર કોઈ સમજણ કે પુર્વઆયોજન થયુ હોય તેવુ જણાઈ આવતું નથી. તેઓ સ્થળ પર આવે છે અને સ્થળ ઉપર જે ઘટનાક્રમ બને છે તેમાં સહજ રીતે સંડોવાઈ જાય છે. એટલે કે આ સમય દરમ્યાન તેમનો સામાન્ય ઈરાદો મૃત્યુ નીપજાવવાનો કે આરોપી નં.૧ સાથે મળી ગુજરનારની હત્યા કરવાનો કહી શકાય નહિ. ખરેખર તો સ્થળ ઉપર તેઓએ ત્યાં જઈ કોઈ ઈજા કરી હોય તેવુ જણાઈ આવતુ નથી. અને તેઓ હુમલો કરવા ધસી ગયા હોય કે આક્રમક રીતે વર્તતા હોય તેવુ જણાતુ નથી. પરંતુ સામાન્ય ઈરાદો કે જે પુર્વઆયોજન અને એક ચોકકસ સમજણનો નિર્દેષ કરે છે તે જણાઈ આવતુ નથી. સામાન્ય ઈરાદો તે બનાવના સ્થળે તત્કાળ પણ ઉભો થાય છે, પરંતુ જયારે ગુનો બનતો હોય ત્યારે બધા પૈકી કોઈ એક વ્યકિત ગુનો કરે છે, પરંતુ તે ગુનાની અથવા ગુનો કરવાના ઈરાદાની જાણ ગુનો કરનાર અને અન્ય આરોપીને હોય છે. એટલે કે બંને આરોપીઓ વચ્ચે એક નિશ્ચિત પ્રકારની સમજણ કે વેવલેન્થ હોય છે, જયારે સમાન ઈરાદામાં ભાગ લેનાર દરેક વ્યકિતને પોતાના ઈરાદાની અંગતપણે જાણ હોય

છે. સામાન્ય ઈરાદો કે જે સ્થળ ઉપર બન્યો હોય તે પુરાવા, સંજોગો, વર્તન અને આરોપીએ ભજવેલ ભાગ પરથી નકકી થઈ શકે તેમ છે. સામાન્ય ઈરાદાના પરિણામે જે ગુનાહિત કૃત્ય બનેલ હોય તે માટે તમામ આરોપીઓની જવાબદારી નકકી કરતા પહેલા તે ગુનો એવો હોવો જોઈએ કે તેના પરિણામમાં આરોપીએ કોઈ એવો ભાગ ભજવ્યો હોય કે જે ન ભજવે તો કૃત્યનું પરિણામ જુદુ આવત. સામુહિક જવાબદારી નકકી કરતા અગાઉ વ્યકિતનું વર્તન અને ગુનામાં ભજવેલ ભાગ અગત્યનું છે. એટલે કે આરોપીઓના પુર્વઆયોજન અને સમજણના કારણસર જે પરિણામ આવેલ છે તેમાં ભાગ લેનાર દરેક વ્યકિતની જવાબદારી ઉત્પન્ન થાય છે. ઉપરોકત બાબતો સાથે હાલના આરોપીઓ નું કૃત્ય જોઈએ તો આ સંજોગોમાં એવુ કહી શકાય નહિ કે ગુજરનારને સ્થળ ઉપર જે ઈજાઓ આરોપીઓ કરતા હતા તેમજ ફરીયાદીને પણ જે ઈજાઓ કે મારામારીનો બનાવમા ઈજાઓ કરેલ છે તેમા એક સુત્રતા એટલ કે સરખી સમજ કે પુર્વ આયોજન ન હતુ, એટલે કે તેમની મનો સ્થિતિ કોઈને ચોકકસ ઈજા કરવાની કે ચોકકસ પરીણામ લાવવાની દરેક વ્યકિતની કહી શકાય નહિ, આ સંજોગોમાં સમગ્ર ઘટનાક્રમ અને બનાવ વખતે આરોપીઓનું કૃત્ય જોતા ઈ.પી.કો. કલમ ૩૪ હાલના કિસ્સામાં લાગુ પાડી શકાય નહિ તેવુ મારુ નમ્રપણે માનવું છે પરંતુ સ્થળ ઉપર આરોપીઓની હાજરીના કારણસર જે આરોપીએ ગુનામા જે ભાગ ભજવેલ હોય તેના માટે તેઓને તકસીરવાન ઠરાવી શકાય.

**૬૦.** હવે જોઈએ કે હાલના આરોપીઓ એ જો તેઓ ઈ.પી.કો.કલમ–૩૪ ધ્યાને લઈ સ્થળ ઉપર થયેલ મનુષ્યવધના તેમજ ખૂનની કોશીષ કૃત્ય માટે જવાબદાર ઠરતા નથી ત્યારે તેઓએ અંગત રીતે જે ગુનો કરેલ છે તે પુરતા જ તેઓ જવાબદાર ઠરે છે. અગાઉ કરેલ ચર્ચા મુજબ ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ ગુજરનારને માથા પર થયેલી ઈજા તેમજ ફરીયાદીને થયેલ ઈજાઓ આરોપી નં.૧ અને આરોપી નં–૨ નાએ કરેલ

છે જયારે  આરોપી નં–૩ નાંએ કરી હોય તેવો લેશમાત્ર પુરાવો જણાઈ આવતો નથી. તે સિવાય અન્ય કોઈ ઈજા કર્યાનો આક્ષેપ ફરિયાદ પક્ષે કરેલ નથી. આરોપી નં–૩ નાએ સાહેદ હંસાબેનને  લાકડાના  ગેડા વડે સામાન્ય ઈજા  કર્યા સિવાય તેઓએ સ્થળ ઉપર કોઈ વ્યકિત ઉપર હુમલો કે ઈજા કરી હોય તેવો લેશમાત્ર પુરાવો નથી. આથી તેઓએ અંગત રીતે કોઈ ગુનાહિત કૃત્ય કર્યુ હોય તેવુ જણાઈ આવતુ નથી. તમામ આરોપીઓ સ્થળ ઉપર હાજર છે તેવા સંજોગોમાં કલમ–૩૪ મુજબ સામાન્ય ઈરાદો ન હોય તો પણ ઈ.પી.કો.કલમ–૧૧૪ અન્વયેનું તહોમત ન હોવા છતાં જો તેના તત્વો ફલીત થતા હોય તો આરોપીને તે માટે જવાબદાર ઠેરવી શકાય તેમ છે અને તે સંદર્ભે વિચારીએ તો ઈ.પી.કો.કલમ–૧૧૪ અન્વયે આરોપીઓને તકસીરવાન ઠરાવતા અગાઉ ગુના સમયે તેની તત્સમયની હાજરી આવશ્યક છે અને ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે તેણે મદદગારી કરી હોવી જોઈએ. મદદગારીની વ્યાખ્યા ઈ.પી.કો. કલમ ૧૦૭ માં આપવામા આવેલ છે તે વંચાણે લઈએ તો

'' **૧૦૭ કોઈ બાબતમાં મદદગારી.**

પહેલું કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે અથવા

બીજુ કોઈ બાબત કરવા માટે અન્ય કે એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે અથવા,

ત્રીજુ કોઈ બાબત કરવા અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપુર્વક સહાય કરે, તો તે બાબતમાં મદદગારી કરેલ છે. ''

ઈ.પી.કોડની કલમ–૧૦૭ ની ઉપરની જોગવાઈ ધ્યાનમાં રાખતાં એવું  ખુલે છે કે, જયારે કોઈ વ્યકિતએ અન્ય વ્યકિતને કોઈ કૃત્ય કરવા ચઢવણી કરેલી હોય અગર તો કોઈ કૃત્ય કરવા માટે બે થી વધુ વ્યકિતઓએ મળી કાવતરુ રચેલ હોય અગર તો કોઈ બાબત

કરીને કે કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ કૃત્ય કરેલ હોય જેના કારણે મદદગારીનું કૃત્ય કરેલ છે તેવું કહી શકાય. આ જોગવાઈને કુલ ૩ ભાગમાં વહેંચી શકાય. (૧) ચઢવણી (૨) કાવતરુ અને (૩) કાઈક કરીને અગર તો ગેરકાનૂની રીતે નહી કરીને. ખાસ કરીને હાલના કેસ જેવા સંજોગોમાં આરોપીએ ભોગ બનનાર માટે થઈને કાવતરુ કરેલ હતું, તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. જયારે બીજુ તત્વ કે જે કાઈક કરીને અગર તો કોઈ કૃત્ય કરવાનું ટાળીને મદદગારી કર્યા અંગેનું છે, જે તત્વ ઘણું જ મહત્વનું છે. જેમાં ગુન્હેગાર ભોગ બનનાર વ્યકિતને સીધી કે આડકતરી રીતે મદદ કરતો હોય છે. ભોગ બનનારને જિંદગી ટૂંકાવવા માટે થઈને સ્ફોટક પદાર્થ, ઝેર કે બીજા કોઈ સાધનો પુરા પાડેલા હોય છે. જે કૃત્ય તેમને સીધી રીતે આત્મહત્યામાં મદદ કરે છે. જયારે આ જ તત્વના બીજા ભાગમાં કાઈક કૃત્ય કરવું જોઈએ તે નહી કરીને મદદગારી કર્યા અંગેનો છે. આ તત્વ દરેક વ્યકિતની કાયદાકીય જવાબદારી સાથેનું છે. જયારે કોઈ વ્યકિત કોગ્નીઝેબલ ગુન્હો કરતી હોય ત્યારે તે ગુન્હો થતો જોનાર દરેક વ્યકિતની તે ગુન્હો થતો અટકાવવાની જવાબદારી થઈ પડે છે. જો આવો ગુન્હો થતો માત્ર જોવામાં જઆવે અને તેને અટકાવવામાં ન આવે તો તે વ્યકિત પોતાની કાનૂની ફરજ ચુકેલા છે અને ગુન્હો કરવામાં મદદગારી કરેલી છે તેવું કહેવાશે. કલમ ૧૦૭ ની વ્યાખ્યા વંચાણે લેતા ત્રણ પ્રકારની મદદગારી પૈકી જોઈએ તો ચઢવણી, કાવતરું અથવા કાર્યલોપ આ ત્રણ બાબતો ટુંકમાં ધ્યાને લઈ શકાય. આ કલમની વિવેચનામા જાણીબુઝીને, ઈચ્છાપુર્વક, સ્વેચ્છાપુર્વક, ઈરાદાપુર્વક સરળતા કરી આપવા જેવા શબ્દો ગુનેગાર કે ગુનામાં મદદગારી કરનારનો ઈરાદો દર્શાવે છે અને તે જે કૃત્યમાં મદદગારી કરે છે તે કૃત્યનું

પરિણામ અથવા સંભવિત પરિણામ તે વ્યકિત જાણતો હોય છે. તેથી આરોપીએ ઈરાદાપુર્વક ગુનો કરવામાં મદદગારીમાં ગુનો કરવા માટેની ચઢવણી અથવા તે ગુનો કરવાના કાવતરામાં સંડોવણી અને ઈરાદાપુર્વકની સહાય તે મુખ્ય તત્વો કહી શકાય.

**૬૧.** ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈઓ આરોપીઓના કૃત્ય વખતે આરોપીઓની સ્થળ ઉપરની હાજરીનાં સંદર્ભમાં મુલવીએ તો સૌપ્રથમ આ કામે આરોપીઓ સ્થળ ઉપર હાજર હતા અને આરોપી દેવરાજભાઈ તથા વશરામભાઈ ધ્વારા મરણ જનારને ઈજા કરવામા આવેલ છે, તેથી માત્ર સ્થળ ઉપર હાજરી નહિ પરંતુ સક્રીયપણે ગુનામા ભાગ લઈ આરોપીઓએ ગુનો કરેલ હોય આરોપી નં–૧ દેવરાજભાઈ ઉર્ફે દેવાભાઈ તથા નં–ર વશરામભાઈ વરજાંગભાઈને ઈ.પી.કો. કલમ ૩૦ર,૩૦૭,૩ર૩,૧૧૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ છે, જયારે આરોપી નં–૩ ધર્મેશ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલીનાઓ બનાવવાળા સ્થળે હાજર હોવાનુ જણાઈ આવે છે, અને તેઓ સાહેદ હંસાબેનને મુંઢ ઈજા કરેલ હોવાનુ ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે પુરવાર થયેલ છે ત્યારે આરોપી નં–૩ ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલી વિરુધ્ધ ફરીયાદ પક્ષ ઈ.પી.કો.કલમ–૩ર૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો કેસ શંકા રહીત પુરવાર કરી શકેલ હોવાનુ હુ માનુ છુ.

**૬૧.૧** આ કામે આરોપીઓ તરફે અત્યંત મહત્વની દલીલ એવી છે કે, ફરીયાદપક્ષ ધ્વારા આ કામે ફરીયાદ મુજબ આરોપી નં–૧ અને અન્ય બે અજાણ્યા ઈસમો ધ્વારા ઈજા કરવામા આવેલ હોવાનુ જણાવવામા આવેલ છે તે પૈકી એક વ્યકિતએ ધારીયા વડે તેમજ બીજી વ્યકિતએ લાકડાના ગેડા વડે ઈજા કરેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આ કામના આરોપીઓને અટક કર્યા પછી તપાસનીશ અધિકારીએ આરોપી નં–ર પાસે લાકડાનો ગેડો હોવાનુ

જણાવી હથીયારની રીકવરી કરવામાં આવેલ છે જયારે આરોપી નં–૩ પાસેથી ધારીયુ ગુનામા વાપેરલ હોવાનુ જણાવી તેની રીકવરી કરવામા આવેલ છે ત્યારબાદ ફરીયાદીએ તેમના વિશેષ નિવેદનમા તા.૨૭/૮/૨૦૧૯ ના રોજ જણાવેલ છે કે, તેમને જાણવા મળેલ કે આરોપી નં–૧ સાથેના અજાણ્યા માણસોના નામ વશરામભાઈ વરજાંગભાઈ અટલે કે આરોપી નં–૨ તથા ધર્મેશ ઉર્ફે ધમો એટલે કે આરોપી નં–૩ હતા. વશરામભાઈ પાસે લાકડાનો ગેડો અને ધર્મેશભાઈ પાસે લોખંડનુ ધારીયુ હતુ. આરોપી દેવરાજભાઈ ભરવાડને પોલીસે પકડેલા ત્યારબાદ તેણે માણસોના નામ આપેલા તેમ જાણવા મળેલ. એટલે કે તા.૨૭/૮/૨૦૧૯ ના રોજ આરોપી નં–૨ પાસે લાકડાનો ગેડો અને આરોપી નં–૩ પાસે ધારીયુ હોવાનુ જણાવેલ છે, ત્યારબાદ તેઓએ તેમનુ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન કે જે તા.૨૩/૮૯/૨૦૧૯ ના રોજ લેવામા આવેલ છે તેમા આરોપી નં–૨ ના હાથમા ધારીયુ અને આરોપી નં–૩ ના હાથમા લાકડાનો ગેડો બતાવેલ છે અને તે મુજબ કોર્ટ રુબરુ જુબાની આપેલ છે અને તપાસનીશ અધિકારીએ તેમની ઉલટતપાસમા આ હકીકતનો સ્વિકાર કરેલ છે તે સંજોગોમા જયારે હથીયાર ફરી જતા હોય ત્યારે તેનો લાભ આરોપીઓને ચોકકસપણે મળવો જોઈએ કેમ કે અજાણ્યા વ્યકિતઓના નામ અને હથીયાર જે ૨૭ તારીખે જણાવેલ છે તેના કરતા જુદી હકીકત કોર્ટ રુબરુની જુબાનીમા જણાવેલ છે. બચાવપક્ષની આ દલીફ સાથે હું રેકર્ડ ઉપરના પુરાવાનુ મુલ્યાંકન કરતા સહમત થતો નથી, કારણ કે આ એક આરોપી ધ્વારા ઉભી કરેલી હકીકત છે અને તપાસનીશ અધિકારી ધ્વારા તપાસના કામે થયેલ ભુલ છે જેનો લાભ આરોપીને મળી શકે નહી, કારણ કે ફરીયાદીએ ફરીયાદમા અજાણ્યા વ્યકિતઓ લખાવેલ છે અને તેમના નામ તેમને તા.૨૭/૮/૨૦૧૯ ના રોજ આરોપી નં–૧ ની અટક થયા બાદ જાણવા મળેલ છે તેથી તેઓએ તેમને જાણવા મળેલ છે તે હકીકત નિવેદનમા લખાવેલ છે અને ત્યારબાદ

જયારે તા.૫/૯/૨૦૧૯ ના રોજ તેઓએ ઓળખ પરેડમા આરોપીઓને જોયેલ ત્યારે ચોકકસ ખબર પડેલ કે કઈ વ્યકિત વશરામભાઈ છે અને કઈ વ્યકિત ધર્મેશભાઈ છે એટલે કે બનાવ વખતે હાજર વ્યકિતઓના નામ તેમની પાસે આવી ગયેલ,પરંતુ તેમણે તે અજાણી વ્યકિતઓને જોયા બાદ ચોકકસ કઈ વ્યકિત વશરામભાઈ છે અને કઈ વ્યકિત ધર્મેશભાઈ છે તેની જાણ થતા તે કલમ-૧૬૪ મુજબના નિવેદનમા જણાવેલ છે અને તે મુજબ જ રેકર્ડ ઉપર જુબાની આપેલી છે તેથી આ વિસંગતતા હોવાનુ જણાઈ આવે છે તે સિવાય આરોપીઓ પાસેથી હથીયારો કબજે કરવામા આવેલ છે તે એક સાથે કબજે કરવામા આવેલ છે અને ચોકકસ આરોપીએ શુ હથીયાર રજુ કર્યુ તે હકીકત પંચનામા વંચાણે લેતા પણ પુરાવામા ગ્રાહય નથી, આથી ફરીયાદપક્ષે કોર્ટ રુબરુ આરોપી નં-૨ નાએ જે ઈજા કરેલ છે તે અને હથીયાર તે મુજબ જ કોર્ટ રુબરુ જણાવેલ છે તેથી તે મુજબ હું ફરીયાદપક્ષનો પુરાવો માનુ છું.

**૬૨.** ઉપરોકત સંજોગોમાં હાલના કેસમાં નીચે મુજબની હકીકતો પુરવાર થાય છે.

(૧) ગુજરનાર મેહુલભાઈનુ મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હતુ.

(૨) આરોપી નં-૧ દેવરાજભાઈ તથા આરોપી નં-૨ વશરામભાઈ ધ્વારા મરણ જનાર મેહુલભાઈને પાઈપ અને ધારીયા વડે માથાના પાછળના ભાગે તથા ડાબા કાનની ઉપરના ભાગે ઘા મારી કરેલ ગંભીર ઈજાના કારણસર મેહુલભાઈનુ મૃત્યુ નિપજેલ છે.

(૩) આરોપીઓએ મૃત્યુ પિજાવવાના ઈરાદાથી અથવા એવા જ્ઞાન સાથે કે જે શારીરીક ઈજા પહોંચાડવામાં આવી છે તેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તે શારીરીક ઈજા પહોંચાડવાના ઈરાદાથી મરણ જનારને પાઈપ અને ધારીયાથી ઘા મારેલ છે.

(૪) આરોપીઓએ જે ઈજા પહોંચાડેલ છે તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી છે.

(૫) આરોપીઓ દ્વારા કરવામા આવેલ સાપરાધ મનુષ્યવધ ઈ.પી.કો.કલમ–૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈપણઅપવાદમા આરોપીઓએ લીધેલ ચોકકસ અપવાદના બચાવ મુજબની હકીકતો બચાવ પક્ષ સંભવીતતાના સિધ્ધાંત મુજબ પુરવાર કરી શકતો નથી. તેવા સંજોગોમાં આરોપી દેવરાજભાઈ તથા વશરામભાઈ સાપરાધ મનુષ્યવધ ખૂન કહી શકાય તેવા કૃત્ય માટે ઈ.પી.કો. કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૧૧૪ હેઠળ દોષી ઠરે છે.

(૬) આરોપી નં–૧ દેવરાજભાઈ તથા આરોપી નં–૨ વશરામભાઈ દ્વારા ફરીયાદી રમેશભાઈને પાઈપ તથા ધારીયા વડે ડાબા હાથે તેમજ માથાના વચ્ચેના ભાગે તથા જમણા કાન તથા માથામા મારી ગંભીર ઈજા કરેલ હોવાનુ તેમજ વશરામભાઈએ ધારીયાનો ઘા ક રતા ફરીયાદીએ વચ્ચે હાથ રાખતા તેમનો અંગુઠો થોડો કપાઈ ગયેલ હોવાનુ તેમજ અંગુઠાની બાજુની આંગળી આખી કપાઈ ગયેલ હોવાનુ અને તે રીતે ફરીયાદીનુ ખૂન કરવાની કોશીષના કૃત્ય માટે ઈ.પી.કો.કલમ–૩૦૭ સાથે વાંચતા કલમ–૧૧૪ હેઠળ દોષિ ઠરે છે.

(૭) આરોપી નં–૩ ધર્મેશ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલીનાઓએ સાહેદ હંસાબેનને લાકડાના ગેડા વડે સ્વેચ્છાપુર્વક ઈજા પહોંચાડેલ છે અને તે રીતે તેઓ ઈ.પી.કો.કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ હેઠળ દોષિ ઠરે છે.

આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા આધારે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ હોય**, મુદા નં–૨, ૩ ના જવાબ અંશત: હકારમાં** ઠરાવુ છું.

**મુદા નંબર–૪ :**

**૬૩.** આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબ આરોપીઓએ

ફરીયાદી તથા સાહેદોને જાહેરમાં બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરેલી છે. ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળે આંક–૪૦ ની જુબાનીમાં આરોપીઓએ કયા શબ્દોથી ગાળો આપેલી તે જણાવેલ નથી, તેટલુ જ નહી આંક–૪૧ ની ફરીયાદમાં પણ ઉશ્કેરણી માટેના શબ્દો ફરીયાદીએ જણાવેલ નથી. નજરે જોનાર સાહેદોએ પણ કોર્ટ રુબરુની જુબાનીમાં આરોપીઓએ ઉશ્કેરાણી થાય તેવા કયા શબ્દો બોલેલા તે જણાવેલ નથી, આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનો આક્ષેપ છે. પરંતુ આરોપીઓએ ધમકી આપ્યા બાદ ફરીયાદીએ ગામ છોડી દીધુ હોય કે ફરીયાદી જાનથી મારી નાંખવાની ધમકીના ભયના ઓથાર નીચે જીવન વ્યતીત કરતા હોય અને તે સતત રહેલ હોય તેવુ પણ પુરાવામાંથી બહાર આવતુ નથી, તેથી આ કોર્ટ એવા નિર્ણય ઉપર આવે છે કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સાબિત કરી શકતા નથી તેથી **મુદ્દા નં–૪ નો જવાબ નકારમાં** ઠરાવુ છું.

**<u>મુદ્દા નં–૫ :</u>**

**૬૪.** ફરીયાદ પક્ષ તરફથી આ કામના આરોપીઓ વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે તહોમત મુકવામાં આવેલ છે. જી.પી. એકટની કલમ–૧૩૫ નો ગુનો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે એવુ પુરવાર કરવુ પડે છે કે, જી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે મળેલ અધિકારની રુએ સક્ષમ અધિકારીએ હથીયારબંધીનું જાહેરનામું બહાર પાડેલુ અને બનાવના સ્થળે અને સમયે આ જાહેરનામું અમલમાં હતું, તેમ છતાં પણ આરોપીઓએ હથીયાર ધારણ કરેલ.

આ કામે આંક–૧૨૬ થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ ધ્વારા

તા.૬/૮/૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ હથીયાર બંધીના જાહેરનામાની નકલ રજે કરવામાં આવેલી છે. સદર જાહેરનામાની નકલ જોતાં તે જાહેરનામું તારીખ બનાવના દિવસે અમલમાં હતું અને તેનો અમલ સમગ્ર બોટાદ જિલ્લા માટે હતો. સદર જાહેરનામાને તપાસનીશ અધિકારી રાજેન્દ્દભાઈ બોઘાભાઈ કરમટીયાએ તેમની આંક–૧૨૦ ની જુબાની દરમ્યાન રજુ કરીને સમર્થન આપેલુ છે. વળી સદર જાહેરનામું જિલ્લા મેજિસ્ટ્રેટ,બોટાદ ધ્વારા તેઓને જી.પી.એકટની કલમ–૩૭ (૧) અન્વયે મળેલ અધિકારની રુએ બહાર પાડેલુ છે અને તે જાહેરનામુ બહાર પાડવાનું તેમનું કૃત્ય કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી માટે તેમની ફરજનાં ભાગરુપે બહાર પાડવામાં આવેલ છે, તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(જી) ની જોગવાઈ મુજબ તેમનાં સદર કાર્ય માટે અદાલત અમુમાન કરી શકે. વળી સદર જાહેરનામું જોતા બનાવના સ્થળે અને સમયે હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હતું તે હકીકત સાબિત માની શકાય. હવે માત્ર એટલું જ નકકી કરવાનું છે કે, આ કામના આરોપીઓએ આ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી બનાવના સ્થળે અને સમયે હથીયારો ધારણ કરેલા છે ? આ બાબતે ફરીયાદી રમેશભાઈ ઉર્ફે ભટ્ટી રસીકભાઈ શીયાળની આંક–૪૦ ની જુબાની, આંક–૪૧ ની ફરીયાદ, નજરે જોનાર સાહેદ હંસાબેન રસીકભાઈ શીયાળની આંક–૬૫ ની જુબાની, સાહેદ મયુરભાઈ દિનેશભાઈ નારણકાની આંક–૬૭ ની જુબાની તથા સાહેદ અક્ષયભાઈ ઘનશ્યામભાઈ ગોહીલની આંક–૭૧ ની જુબાની ધ્યાને લેતા તેઓએ બનાવ નજરે જોયો છે અને બનાવ સમયે આરોપીઓના હાથમાં પાઈપ, ધારીયુ, લાકડાનો ગેડો જેવા હથીયાર હોવાની હકીકત તેઓએ તેમની જુબાનીમાં જણાવેલી છે તેમજ મરણ જનારની લાશનું પી.એમ. કરનાર ડોકટર હેમલ કમલેશભાઈ મોગાની આંક–૫ર ની જુબાની જોતા મુદ્દામાલના હથીયારો વડે મરણ જનાર મેહુલભાઈને થયેલ ઈજાઓ થઈ શકે તેવુ જણાવેલ છે,

તેમજ ઈજા પામનાર ફરીયાદી રમેશભાઈ ઉર્ફે રસીકભાઈ શીયાળને થયેલ ઈજા અંગેની પ્રાથમીક સારવાર કરનાર ડો.કવિતાબેનની આંક–૫૭ ની જુબાની તેમજ રમેશભાઈની વધુ સારવાર કરનાર ભાવનગર સર ટી.હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડો. સારીકાબેનની આંક–૬૧ ની જુબાની જોતા રમેશભાઈને થયેલ ઈજા ગંભીર હોવાનુ તિક્ષ્ણ ધારદાર હથીયારથી થઈ શકે તેવી હોવાનુ જણાવેલ છે તેમજ તપાસનીશ અધિકારીના પુરાવામાથી તેઓએ ડીસ્કવરી પંચનામાની વિગતે હથીયારો કબજે કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે જે તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીઓએ જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને બનાવના સ્થળે અને સમયે હથીયાર ધારણ કરેલાનું સાબિત થાય છે, જેથી **મુદ્દા નં–૫ નો જવાબ હકારમાં** ઠરાવુ છું.

**મુદ્દા નંબર–૬.**

**૬૫.** આમ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની હકીકતો અંગે વિસ્તૃત અને ઉંડાણ પુર્વકની ઉપરોકત કરેલ ચર્ચાને આધારે ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલુ આંક–૩૬ તથા આંક–૪૨ નુ તહોમત મહદઅંશે પુરવાર કરી શકેલ છે ત્યારે વિધ્વાન પી.પી.શ્રી ધ્વારા કરવામા આવેલ દલીલો ગ્રાહય રાખવા પાત્ર હોય, જયારે બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ દલીલો અગ્રાહય રાખી, આરોપીઓને તેઓની વિરુધ્ધના ગુના સાથે સાંકળી શકાય તેમ હોય, જેથી **મુદ્દા નંબર–૬** અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

૧. **ત્રણેય આરોપીઓને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) ના પ્રબંધો હેઠળ ઈ.પી.કો.કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવવામાં આવે છે.

૨. **આરોપી નં–૧ દેવરાજભાઈ ઉર્ફે દેવાભાઈ હકાભાઈ માલકીયા તથા નં–ર વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયાનાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૩પ(ર) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૦ર,૩૦૭,૩ર૩,૧૧૪ તથા જી.પીએકટની કલમ–૧૩પ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૩. **જયારે આરોપી નં–૩ ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલીને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૩પ(૧) ના પ્રબંધો હેઠળ ઈ.પી.કો. કલમ–૩૦ર,૩૦૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામા પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૪. **આરોપી નં–૩ ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલીને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૩પ(ર) ના પ્રબંધો હેઠળ ઈ.પી.કો. કલમ–૩ર૩,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩પ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૬૬.** સજાના પ્રશ્ને ફરીયાદ પક્ષ તેમજ આરોપીઓને સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાં આવે છે.

તા.૨૫/૦૩/૨૦૨૬
બોટાદ

**(એમ. જે. પરાશર)**
સત્ર ન્યાયાધીશ
બોટાદ
જી જે–૦૦૪૬૩

૬૭. **આરોપી નં–૧ દેવરાજભાઈ ઉર્ફે દેવાભાઈ હકાભાઈ માલકીયા તથા આરોપી નં–૩ ધર્મેશભાઈ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલી** આજ રોજ જેલ ધ્વારા વિડીયો કોન્ફરન્સ મારફતે હાજર થયેલ છે. જયારે **આરોપી નં–૨ વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયા જામીન મુકત હોય, આજ રોજ કોર્ટ રુબરુ જાતે હાજર થયેલ છે.** ઉપરોકત ચુકાદો આરોપીઓ તથા તેમના વકીલશ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે તથા સજાના પ્રશ્ન અંગે સાંભળવામાં આવેલ છે.

આરોપીઓના વિ.વ.શ્રી તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ઉશ્કેરાટમા બનાવ બનવા પામેલ છે, આરોપીઓનો મરનારને મારી નાંખવા અંગેનો કોઈ ઈરાદો ન હતો કે ઈજા પામનાર રમેશભાઈનુ ખૂન કરવાની કોશીષ કરવા અંગેનો ન હતો, આરોપીઓ ઉપર તેમના પરીવારના ભરણપોષણ કરવાની જવાબદારી છે, આરોપીઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી, જે તમામ હકીકતો ધ્યાને લઈ, આરોપીઓ ઉપર રહેમ નજર રાખી ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

૬૮. ફરીયાદપક્ષે વિધ્વાન પી.પી.શ્રી ની રજુઆત છે કે, આરોપીઓને મહત્તમ સજા કરવી જોઈએ કારણ કે, આરોપી દેવરાજભાઈએ બનાવના બે દિવસ અગાઉ ફરીયાદીના ફોનમા ફોન કરી દારુની માંગણી કરતા, ફરીયાદીએ આવો ફોન નહી કરવા અને તેઓ દારુનો ધંધો કરતા નથી તેમ કહેતા તે બાબતની દાઝ રાખી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે ફરીયાદીના ભાઈ મેહુલભાઈની આવા સામાન્ય કારણ સબબ આરોપીઓએ હત્યા કરેલ છે તેમજ ફરીયાદી રમેશભાઈનુ ખૂન કરવાની કોશીષ કરેલ છે ત્યારે આવા કિસ્સામાં સખતમા સખત સજા ફરમાવવાનો આદેશ આપવો જોઈએ, જેથી સમાજમાં આવા ગુના કરતી વ્યકિતને કાયદાના ભયની પ્રતિતી થાય અને સમાજમાં એક મજબુત સંદેશો જાય, જેથી આવા ગંભીર ગુનામાં આરોપીઓને મહત્મ સજા કરવી

જોઈએ તેમજ ફરીયાદ પક્ષને વળતર આપવા માટે રજુઆત કરેલ છે.

૬૯. સજા અંગે બન્ને પક્ષને સાંભળ્યા. આ કેસની હકીકત જોતાં ન્યુનતમ સજા અને મહત્તમ સજા વચ્ચે કોઈ મનસુફી પ્રદાન કરતો ગાળો નથી. આ કામે આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારીમા જે રીતે નિર્દયતાપુર્વક ભોગ બનનારની હત્યા કરેલ છે તે જોતા તેમનુ કૃત્ય ઘણુ ગંભીર અને નિર્મમ કહી શકાય. એક સામાન્ય માનવીની દૃષ્ટીએ આરોપીઓનો કિસ્સો મૃત્યુદંડની સજાને લાયક કહી શકાય તેમ છે, પરંતુ કાયદાના સ્થાપિત થયેલ સિધ્ધાંતો લક્ષમાં લઈએ તો હાલનો કેસ '' રેરેસ્ટ ઓફ રેર'' કેસમાં ગણી શકાય તે અંશે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો અન્વયેના માપદંડોમાં આવરી શકાય તેમ જણાતું નથી, તેથી ન્યાયાધીશ તરીકે વિશેષ ચર્ચા મૃત્યુદંડ બાબતે કરતો નથી અને મહત્તમ સજા કરવા લાયક સંજોગો ન હોય ન્યુનતમ સજા ફરમાવવા માટે બેમાંથી કોઈ પક્ષને સાંભળવાની આવશ્યકતા નથી, તે સંજોગો આરોપીઓને સજા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મરણ જનાર મેહુલભાઈ ઉપર તેમના પરીવારના ભરણ પોષણની જવાબદારી હતી, મરણ જનાર મજુરી કામ કરી, પરીવારનુ ભરણ પોષણ કરતા હતા, મરણ જનારના પરીવારને એક સંતાન ગુમાવવાનો વારો આવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે, જેથી મરણ જનારના પરીવારનુ યોગ્ય પુન:સ્થાપન અને પુનવર્સન થઈ શકે તે માટે મરણ જનારના પરીવારના સભ્યને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭ (૧) અન્વયે યોગ્ય વળતર આપવા જિલ્લા લીગલ સર્વિસ ઓથોરીટીને પણ આ કેસ ભલામણ સાથે મોકલવો ઉચિત જણાય છે.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીઓએ આચરેલ ગુન્હાની

ગુનેગારી માટે આરોપીઓને કેદની સજા તથા દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે, અને તેથી નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) **આરોપી નંબર–૧ દેવરાજભાઈ ઉર્ફે દેવાભાઈ હકાભાઈ માલકીયા તથા નંબર–૨ વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયાનાઓને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) ના પ્રબંધો હેઠળ, ઈ.પી.કો.કલમ–૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામા દોષિત ઠરાવી, પ્રત્યેક આરોપીને આજીવન સખત કેદની સજા તથા રૂ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો પ્રત્યેક આરોપીને વધુ એક (૧) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **આરોપી નંબર–૧ દેવરાજભાઈ ઉર્ફે દેવાભાઈ હકાભાઈ માલકીયા તથા નંબર–૨ વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયાને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ ના પ્રબંધો હેઠળ, ઈ.પી.કો.કલમ–૩૦૭, ૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનામા દોષિત ઠરાવી, પ્રત્યેક આરોપીને ઈ.પી.કો. કલમ–૩૦૭ મુજબના ગુનામા સાત (૦૭) વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦/– (અંકે રુપીયા દસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામા કસુર કરે તો પ્રત્યેક આરોપીને વધુ એક (૦૧) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો તથા ઈ.પી.કો.કલમ–૩૨૩ મુજબના ગુનામા એક (૦૧) વર્ષની સખત કેદની સજા તથા રૂ.૨,૦૦૦/– (અંકે રુપીયા બે હજાર પુરા) નો દંડ કરવામા આવે છે. હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામા કસુર કરે તો પ્રત્યેક આરોપીને વધુ ત્રણ(૦૩) માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) **આરોપી નંબર–૩ ધર્મેશ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલીને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ ના પ્રબંધો હેઠળ, ઈ.પી.કો.કલમ–૩૨૩ સાથે વાંચતા

કલમ–૧૧૪ મુજબના ગુનામા દોષિત ઠરાવી, એક (૦૧) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૨,૦૦૦/– (અંકે રુપીયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામા કસુર કરે તો આરોપીને વધુ ત્રણ(૦૩) માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) **આરોપી નંબર–૧ દેવરાજભાઈ ઉર્ફે દેવાભાઈ હકાભાઈ માલકીયા તથા નંબર–૨ વશરામભાઈ વરજાંગભાઈ શીયાળીયા તથા આરોપી નંબર–૩ ધર્મેશ ઉર્ફે ધમો જયંતીભાઈ મંડલીને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) ના પ્રબંધો હેઠળ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામા દોષિત ઠરાવી, પ્રત્યેક આરોપીને ત્રણ (૦૩) માસની સાદી કેદની સજા તેમજ રૂા.૧,૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો પ્રત્યેક આરોપીને વધુ પંદર (૧૫) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૭ મુજબ સજા પામેલ આરોપીઓએ ઉપરોકત તમામ સજાઓ એક સાથે ભોગવવાની રહેશે.

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ પ્રત્યેક આરોપી કાચા કામનાં કેદી તરીકે જેટલો સમય જેલમાં રહેલા છે તેટલો સમય સજામાંથી મજરે આપવાનો રહેશે.

(૭) આ ગુનાને કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ કરવામા આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો જે તે મુદામાલ અંગે યોગ્ય તે ઈન્કવાયરી કરી જે તે મુદામાલ જે તે વ્યકિતને પરત સોંપવા આથી હુકમ કરવામાં આવે છે. ગુનાના કામે જો કોઈ નોન વેલ્યુએબલ મુદામાલ કબજે કરવામા આવેલ હોય તો તેનો અપીલ સમય પુરો થયા બાદ કાયદા મુજબ નાશ કરવો.

(૮) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ (૧) મુજબ સજા પામેલ આરોપીઓને આ હુકમની એક નકલ તાત્કાલિક વિના મુલ્યે આપવી.

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(એ) અન્વયે, ગુજરનાર મેહુલભાઈ રસીકભાઈ શીયાળના માતાને યોગ્ય વળતર ચૂકવવાની ભલામણ સાથે આ ચુકાદાની નકલ બોટાદ જિલ્લા લીગલ સર્વિસ ઓથોરટીને મોકલી આપવી.

હુકમ આજ તા.૨૫ મી, માંહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ બોટાદ ખાતે ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૩/૨૦૨૬
બોટાદ

**(એમ. જે. પરાશર)**
સત્ર ન્યાયાધીશ
બોટાદ
જી જે–૦૦૪૬૩

પીડીએમ.